# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ક્યારેક 500 કમાતી હતી શ્વેતા તિવારી, આજે છે કરોડોની માલકિન!....



પેજ-09

એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ વિજેતા અમન સેહરાવત, નાગોયામાં અમન ....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 25.00 |
| વડોદરા | 36.00 | 24.00 |
| સુરત | 34.00 | 24.00 |

પેજ 5





ક્લોઝિંગ ઓક્શન સેશન માટે સેબી ટૂંકમાં નવું માળખું જાહેર કરશે

**05** OCTOBER-2026 MONDAY

ફ્લાયદુબઈના જાંબાઝ પાઈલટ સ્મિત મચ્છરે નેતન્યાહુ સામે....



પેજ 10

.....સુવિચાર.....

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધુ થવાની જરૂર છે!


વર્ષ-15 । અંક-321 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### અમેરિકાને સીધો સંદેશ, શરતો સ્વીકારવામાં આવે તો 7 દિવસમાં જળમાર્ગ ખોલી શકાય છે..

# ઈરાનની 7 શરતો પૂરી નહીં થાય ત્યાં સુધી હોર્મુંઝ નહીં ખૂલે

(એજન્સી) ઈરાન | તા.04

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-અમેરિકા સંકટ વચ્ચે હોર્મુઝ જળમાર્ગને લઈને ફરી મોટો વળાંક આવ્યો છે. ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તેની 7 શરતો પૂરી નહીં થાય ત્યાં સુધી હોર્મુઝ જળમાર્ગ ફરી સંપૂર્ણ રીતે ખોલવામાં નહીં આવે. ઈરાનની સંસદના અધ્યક્ષ અને દેશના મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાઘેર કાલિબાફે રવિવારે આ વાત કહી હતી. તેમના જણાવ્યા મુજબ આ 7 શરતો જૂનમાં થયેલા વચગાળાના કરાર સાથે જોડાયેલી છે.જેનાથી ભારતની સુરક્ષા વધુ અભેદ્ય બનશે. ઈરાને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે જો ઈરાનની શરતો પૂરી થાય તો હોર્મુઝ જળમાર્ગમાં સામાન્ય દરિયાઈ અવરજવર 7 દિવસમાં ફરી શરૂ થઈ શકે છે. અમેરિકાએ ગયા અઠવાડિયે કતારના મધ્યસ્થીઓ મારફતે આ પ્રસ્તાવનો જવાબ પણ આપ્યો હતો. જોકે, બંને દેશો વચ્ચે હજુ સુધી સમજૂતી થઈ નથી.





### ઈરાનનું ધ્યાન હાલમાં હોર્મુઝ પર

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ પણ કહ્યું કે અમેરિકાના પ્રસ્તાવો મોટા ભાગે તેના અગાઉના વલણ જેવા જ છે અને ખાસ કરીને પરમાણુ મુદ્દા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પરંતુ ઈરાને સ્પષ્ટ કર્યું છે કે હાલમાં તેની મુખ્ય પ્રાથમિકતા હોર્મુઝ જળમાર્ગમાં સુરક્ષા અને સામાન્ય અવરજવર પરત લાવવાની છે. ઈરાને એ વાતનો પણ ઈનકાર કર્યો છે કે તેણે અમેરિકાની રાહતના બદલામાં પોતાની પરમાણુ સુવિધાઓની તપાસ માટે કોઈ નવી સમજૂતી આપી છે. ઈરાનના જણાવ્યા મુજબ હાલની વાતચીતમાં તેનું મુખ્ય ધ્યાન હોર્મુઝના મુદ્દા પર છે.

### ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીની અમેરિકાને ચેતવણી

## પંજાબમાં આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ

### AK-47 અને 2 હેન્ડ ગ્રેનેડ સાથે આરોપીની ધરપકડ

(એજન્સી) અમૃતસર | તા.04

અમૃતસર ગ્રામીણ પોલીસે સરહદ પારથી હથિયારોની દાણચોરીના એક મોટા મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને AK-47 રાઈફલ અને હેન્ડ ગ્રેનેડ સહિત મોટી માત્રામાં દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે.આતંકવાદ, ગુંડાઓ અને સંગઠિત ગુનાઓ સામે પંજાબની શૂન્ય-સહિષ્ણુતા નીતિના ભાગ રૂપે, અમૃતસર ગ્રામીણ પોલીસે મોટી સફળતા મેળવી છે. પોલીસે સરહદ પારથી હથિયારોની દાણચોરીના એક કેસનો પર્દાફાશ કર્યો છે, જેમાં શસ્ત્રોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.બોર્ડર રેન્જના પોલીસ મહાનિરીક્ષક (IGP), ગુરપ્રીત સિંહ ભુલ્લરે રવિવારે (4 ઓક્ટોબર) અમૃતસરમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે જાહેરાત કરી હતી કે SSP શ્રી કંવલપ્રીત સિંહ ચહલ અને તેમની વિશેષ ટીમે સરહદ પારથી આતંકવાદી મોડ્યુલનો નાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે એક ખતરનાક AK-47 રાઈફલ, મેગેઝિન, નવ જીવતા કારતૂસ, બે હેન્ડ ગ્રેનેડ, એક મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ જપ્ત કરી. આ કેસમાં સરાય અમાનત ખાનના રહેવાસી નવજોત સિંહ ચીમા ઉર્ફે નવજોત (28) ની ધરપકડ કરવામાં આવી હતી.આઈજી ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા તમામ શસ્ત્રો અને દારૂગોળો પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI દ્વારા સમર્થિત હેન્ડલર્સ અને દાણચોરો દ્વારા ડ્રોન દ્વારા ભારતીય સરહદમાં ફેંકવામાં આવ્યા હતા.

## જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મુંબઈમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેનો વિરોધ

### 3 દિવસમાં CEC વિરુદ્ધ 3 વિરોધ પ્રદર્શન



(એજન્સી) મુંબઈ | તા.04

રવિવારે મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ સંયુક્ત વિરોધ પ્રદર્શન કર્યું. આ વિરોધ પ્રદર્શનમાં હજારો લોકોએ ભાગ લીધો. બંને નેતાઓએ મેટ્રો સ્ટેશનથી મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડિંગ સુધી કૂચ કરી.ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) અને રાજ ઠાકરેની MNS પાર્ટીએ ચૂંટણી પ્રક્રિયામાં અનિયમિતતાનો આરોપ લગાવતા જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે.રાજ ઠાકરેએ મહારાષ્ટ્રમાં SIR રદ કરવાની માંગ કરી છે. સરકાર કોણ બનાવશે તેનો નિર્ણય લોકો પર છે, ચૂંટણી પંચ પર નહીં. ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે જ્ઞાનેશ કુમાર ભાજપનું સાધન છે. મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ છેલ્લા ત્રણ દિવસમાં દેશભરના બે શહેરોમાં ત્રણ મોટા વિરોધ પ્રદર્શન થયા છે. આ ઉપરાંત, વિવિધ સંગઠનો અને પક્ષોએ વિરોધ માર્ચનું પણ આયોજન કર્યું છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આજના વિરોધ કૂચના આયોજકો સામે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં અનધિકૃત કૂચનું આયોજન કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે.રાજ ઠાકરેએ કહ્યું, 'એસઆઈઆર પ્રક્રિયા રદ કરવી જોઈએ; અમારો કોઈ સાથે કોઈ વ્યક્તિગત દ્વેષ નથી. અમે માંગ કરીએ છીએ કે મહારાષ્ટ્રમાં સમગ્ર એસઆઈઆર પ્રક્રિયા રદ કરવામાં આવે.

**દિલ્હીમાં AAP, વિદ્યાર્થી સંગઠનો પણ રસ્તા પર ઉતર્યા**

### ફ્રાન્સમાં વિદ્યાર્થીઓનું ઉગ્ર આંદોલન

# 5000થી વધુની ધરપકડ

(એજન્સી) ફ્રાન્સ | તા.04

ફ્રાન્સમાં શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ સામે હજારો હાઈસ્કૂલ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. દેશભરની શાળાઓમાં દરવાજા બંધ કરીને આગ ચાંપવામાં આવી રહી છે. પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે હિંસક અથડામણોમાં 5,000થી વધુ લોકોની ધરપકડ થઈ છે. શિક્ષકોની અછત, જર્જરિત ઈમારતો જેવી સમસ્યાઓ મુખ્ય કારણ છે. 6 ઓક્ટોબરે મોટા પાયે પ્રદર્શનની જાહેરાત કરાઈ છે. ફ્રાન્સમાં શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ સામે હજારો હાઈસ્કૂલ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે અને આ આંદોલન હવે દેશવ્યાપી સંકટ બની ગયું છે. દેશભરની શાળાઓના દરવાજા બંધ કરીને કચરાપેટીઓમાં આગ ચાંપવામાં આવી રહી છે તેમજ અનેક સ્થળોએ પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે હિંસક અથડામણો થઈ રહી છે. ભીડને કાબૂમાં લેવા પોલીસે ટીયર ગેસ અને રબર બુલેટનો ઉપયોગ કરવો પડ્યો છે. સોમવારથી અત્યાર સુધીમાં 5,000થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં માત્ર શુક્રવારે જ 1,747 લોકો પકડાયા હતા. આ વિરોધ પ્રદર્શનના કારણે 735થી વધુ શિક્ષણ સંસ્થાઓ પ્રભાવિત થઈ છે, જ્યારે અગાઉ ગુરુવારે આ આંકડો 1,000ને વટાવી ગયો હતો. હવે વિદ્યાર્થી સંગઠનોએ 6 ઓક્ટોબરે દેશભરમાં મોટા પાયે પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આ આંદોલન કોઈ એક મુદ્દાને લઈને નથી, પરંતુ વર્ષોથી ચાલી આવતી કથળેલી શિક્ષણ વ્યવસ્થા સામેનો આક્રોશ છે.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 06 October, 2026 | 7:00 PM | Anand |

Venue : Blueivy Hotel 80 Feet Rd, opposite Patcon House, Rajiv Nagar, Patel Chokdi, Vivekanand Wadi, Anand, Gujarat-388120

Name : Satish Parmar | Mobile : 8976743181

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.




# ગાંધીનગરમાં AAPની સભાઓમાં ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો

ગાંધીનગર | ગાંધીનગરમાં પરિવર્તનના સંકલ્પ સાથે આજે AAP ઉમેદવારોના સમર્થનમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઇટાલિયાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના રાંધેજા ખાતે 'જનસભા' યોજાઈ હતી. આ જનસભામાં ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ ગાંધીનગરના લોકો સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી, એક નવી પાર્ટી ચૂંટણીમાં આવી છે પરંતુ જનતાને એનાથી શું ફાયદો? એનો જવાબ એકદમ સરળ છે કે અત્યાર સુધી ભાજપ કોંગ્રેસ, ભાજપ કોંગ્રેસ, ભાજપ કોંગ્રેસ જ ચાલતું હતું પરંતુ આમ આદમી પાર્ટીએ સામાન્ય ઘરના લોકોને નેતા બનાવવા માટે જગ્યા કરી આપી છે, એ માટે આમ આદમી પાર્ટીને વોટ આપવો જોઈએ. આમ આદમી પાર્ટીએ એવું બીડું ઝડપ્યું છે કે ગુજરાતના યુવાનોને નેતા બનાવવા છે. વિધાનસભામાં ભાજપના ધારાસભ્યનું પાંચ પૈસાનું પણ ચાલતું નથી તો વોર્ડના લોકો પાસે કયા મોઢા લઈને વોટ માંગવા આવતા હશે? આ લોકોને ઉપરથી આદેશ આવે એટલે મન કી વાત સાંભળો, તેલના દીવાઓ કરો, આ લોકો પબ્લિકનું કામ કરવાવાળા લોકો નથી, આ લોકો ફક્ત દિલ્હીથી જે આદેશ આવે એને



માનવાવાળા લોકો છે. શું ક્યારેય કોઈ વ્યક્તિએ એવું સાંભળ્યું કે ભાજપના લોકોએ કહ્યું હોય કે તેઓ ઘરે ઘરે જશે અને જનતાની સમસ્યાની નોંધ રાખશે? અમે નાનપણમાં વિચારતા હાથે કે ગાંધીનગર કેવું હશે પરંતુ અહીંયા આવ્યા પછી ખબર પડી કે આ તો મારા ગામ જેવું જ છે કારણ કે અમારા ગામમાં રોડ નથી બનતા, નળમાંથી પાણી નથી આવતું, ગટરોની સરખી વ્યવસ્થા નથી, લાઈટો ઝટકા મારે છે અને અહીંયા પણ એવી જ હાલત છે. જો હવે આ પરિસ્થિતિ બદલવી હોય તો સાવરણો ફેરવો ઝાડુનું બટન દબાવો અને કંઈ પરિવર્તન લાવો એવી મારી ગાંધીનગરની જનતાને વિનંતી છે.આ કાર્યક્રમ બાદ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આજે ગાંધીનગર મહાનગરપાલિકાના આમ આદમી પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં યુવાનો, વડીલો સહિત સ્થાનિક નાગરિકો જોડાયા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના લોકોને ખૂબ જ સારો આવકાર મળી રહ્યો છે. ગાંધીનગર અને ગુજરાતમાં લાંબા સમયથી પૂર્ણ બહુમતવાળી ભાજપની સરકાર હોવા છતાં ગાંધીનગરમાં લોકોએ આજે નાનામાં નાના કામ માટે ધક્કા ખાવા પડે છે, કગરવું પડે છે, પૈસા પણ આપવા પડે છે અને આવા તમામ કામ કર્યા બાદ પણ ઘણી વખત કામ નથી થતા, જેથી લોકોએ માનસિક રીતે યાતના ભોગવવી પડે છે. ત્યારે હવે યુવાનોનો નવો વિકલ્પ ઊભો થાય અને નવો રાજકીય પક્ષ ઊભો થાય અને સારા માણસો રાજનીતિમાં આવે, એવી ભાવનાથી આમ આદમી પાર્ટીએ ઉમેદવારો ઊભા કર્યા છે. મને વિશ્વાસ છે કે આ વખતે ગાંધીનગરના લોકો ઝાડુના બટન પર પોતાનો મત આપીને આમ આદમી પાર્ટીને વિજય બનાવશે.

## નાસ્તો, પાણી, જમવાનું અને ડીજે—ભાજપના 41 કોર્પોરેટરોએ બધું એક જ વેપારી પાસેથી 1.33 લાખનો એકસરખો ખર્ચ બતાવી બોગસ એફિડેવિટ કરી : ઈસુદાન ગઢવી

ગાંધીનગર| આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મહત્વપૂર્ણ મુદ્દે પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં 44 સીટમાંથી 41 સીટ ગાંધીનગરની જનતાએ ભાજપને કમળ પર બટન દબાવીને આપી હતી. ભાજપને એટલી બહુમતી આપી કે તેઓ ધારે તો ગાંધીનગર અને આસપાસના ગામોમાં ખૂબ સુંદર વિકાસ કરી શકે. પરંતુ મુખ્યમંત્રીના બંગલામાં ખૂબ સુંદર બગીચાઓ, વ્યવસ્થાઓ અને રોડ છે, જ્યારે આજુબાજુના ગામોમાં ધૂળની ડમરીઓ ચડે છે. ડબલ એન્જિનની સરકાર હોવાથી આસપાસમાં રહેતા ઘરોને પાડીને ઉજાડી દીધા; તે બધા ગેરકાયદેસર ન હોવા છતાં તેમને વૈકલ્પિક વ્યવસ્થા પણ પૂરી ન પાડી. ગાંધીનગરમાં રહેતા વર્ગ-3, વર્ગ-4 અને ક્લાસ-2ના સરકારી કર્મચારીઓના પગાર ભથ્થા, મોંઘવારી ભથ્થા, ગ્રેડ પે અને ખોટા કામ કરાવવાના બાબતે ભાજપે સૌથી વધુ શોષણ કર્યું છે. આગામી મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ખુલાસો કરતા તેમણે કહ્યું કે, ગયા વખતે 22% મત સાથે જનતાએ વિશ્વાસ મૂકીને આમ આદમી પાર્ટીને એક સીટ આપી હતી, જ્યારે ભાજપને 41 અને કોંગ્રેસને બે સીટ મળી હતી.



કોંગ્રેસના બંને ઉમેદવારો ભાજપમાં જતા ભાજપની સીટો 43 થઈ ગઈ, પરંતુ 'આપ'નો એક જ કોર્પોરેટર હોવા છતાં આજેય પક્ષમાં ટકી રહ્યો છે અને વિપક્ષ તરીકે પાંચ વર્ષ મજબૂતાઈથી અવાજ ઉઠાવી પ્રજા સાથે ઊભો રહ્યો છે. તેથી કોંગ્રેસને મત આપવો એ ભાજપને જ મત આપવા બરાબર છે, માટે જનતા કોંગ્રેસમાં મત બગાડે નહીં તેવી હું અપીલ કરું છું.ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે ભારતના બંધારણ અને ચૂંટણી પંચના નિયમો મુજબ ચૂંટણી લડનાર દરેક ઉમેદવારે સાચી એફિડેવિટ કરી યોગ્ય બિલ સાથે ખર્ચા રજૂ કરવા પડે છે, અન્યથા છ વર્ષ માટે ગેરલાયક ઠરી શકે છે. પરંતુ ભાજપના 41 એ 41 કોર્પોરેટરો, નેતાઓ, મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી સુધી બધાએ આ નિયમો તોડીને ઘોળીને પી ગયા. તેમણે મંડપ, ચા-નાસ્તો, પાણી, જમવાનું અને ડીજે સહિતનો 1.33 લાખનો તમામ ખર્ચ એક જ વેપારી પાસે કરી બોગસ બિલ રજૂ કર્યા. 2021ની ચૂંટણીના આ મીડિયા રિપોર્ટ અને શંકાસ્પદ બોગસ એફિડેવિટના આધારે છ-છ કલેક્ટરો આવ્યા અને 22 વખત જવાબો લખાવવા નોટિસો પાઠવી, છતાં આ લોકો 'હજી કામમાં છીએ, મુદત વધારો' કહીને છટકી ગયા. ભાજપના મળતિયા અધિકારીઓ બેઠા હોવાથી આ કોર્પોરેટરોને ગેરલાયક ઠેરવવાના બદલે, ભાજપના પ્રદેશ અધ્યક્ષે તેમાંથી 12 લોકોને ફરીથી ટિકિટ આપી ઈનામ આપ્યું છે. ચૂંટણી પંચ પણ ભાજપના ઈશારે લોલમલોલ ચલાવી રહ્યું છે. 11 તારીખે મતદાન વખતે જનતા કમળનું બટન ન દબાવીને આમ આદમી પાર્ટીને મત આપે, નહિતર ગડબડો અને ખોટું કરનારા આ નેતાઓ વધુ અહંકારી અને રાવણ બનશે. ગુજરાતમાં ખરાબ મેસેજ ન જાય તે માટે જાગીને લોકતંત્ર બચાવવા ભાજપને મત ન આપવા હાથ જોડીને વિનંતી કરું છું.

# લોકતંત્રના ચોથા સ્તંભ મીડિયા પર ભાજપ સરકારનો પ્રહાર, ખેડૂતો અને ગરીબોનો અવાજ બનતા સોશિયલ મીડિયા પેજ ઉડાવી દેવાય છે : ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદમાં ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, ભાજપે હવે લોકતંત્રના ચોથા સ્તંભ એવા મીડિયા પર તરાપ મારીને પ્રહાર કરવાનું શરૂ કર્યું છે. સરકારને ગમતું ન બતાવાય અથવા સરકાર વિરુદ્ધ લોકો બોલે તો ભાજપવાળા પોતાની સરકારમાંથી લખાણ આપીને કાજલબેન સુવા અને અનિલભાઈ પટેલ સહિતના ઘણા લોકો જેઓ ખેડૂતો, ગરીબો, વંચિતો અને શોષિતોનો અવાજ બને છે તેમના સોશિયલ મીડિયા પેજો ઉડાડાવી દે છે. સત્તાનો દુરુપયોગ કરી, સામ-દામ-દંડ-ભેદ અપનાવીને અને મેટા (Meta) માં લખાવીને અવાજ દબાવી દેવાની આ હિટલરશાહી અને એકતરફી લોકતંત્રની હત્યાને હું સખત શબ્દોમાં વખોડું છું. પ્રધાનમંત્રી અને ભાજપના નેતાઓને અપીલ કરતા તેમણે કહ્યું કે નાના-નાના પેજ ડિલીટ કરાવીને તમે શું સાબિત કરવા માગો છો? જનતાને અપીલ છે કે જો તમે ભાજપને સપોર્ટ કરશો તો પ્રજાનો અવાજ દબાવવામાં ભાગીદાર બનવાનું પાપ થશે. જે પત્રકારોના પેજ ડિલીટ થયા છે તેમને જનતા સાથ આપે અને ભાજપમાં જોડાયેલા પોતાના સમાજના નેતાઓને ફોન કરીને ભાજપ



છોડાવે, નહિતર કાલે આ લોકો આપણા ઘરો પર પણ અત્યાચાર કરશે.પત્રકારોના સવાલોના જવાબ આપતાં ઈસુદાન ગઢવીએ ઉમેર્યું કે આમ આદમી પાર્ટી કામની રાજનીતિ કરે છે. છેલ્લાં ૧૦-૧૫ વર્ષમાં અન્ય દેશો ક્યાં પહોંચી ગયા અને આપણે આજે ૮૦ કરોડ નાગરિકોને રાશન આપવું પડે તેવી સ્થિતિમાં છીએ. રાજનીતિમાં લોકોનું ભલું શું થઈ શકે તે મુખ્ય હોવું જોઈએ અને જ્ઞાતિ-જાતિમાં દ્વેષભાવ ન ફેલાવો જોઈએ. ભાજપના નવા પ્રભારી તરુણ ચુગને આડે હાથ લેતાં તેમણે કહ્યું કે તરુણભાઈને ગુજરાતમાં ખેડૂતો પર થતા અત્યાચાર, પોલીસનો દુરુપયોગ, ખુલ્લેઆમ થતો ડ્રગ્સનો વેપલો, પેપર લીક અને દર મહિને થતા લઠ્ઠાકાંડમાં વિધવા બનતી બહેનોની હાલત દેખાતી નથી. પંજાબ અને ગુજરાતના મુખ્યમંત્રી વચ્ચે કાયદો-વ્યવસ્થા, ખેડૂતોના લાભ, શિક્ષણ નીતિ અને મોહલ્લા ક્લિનિક મુદ્દે જાહેર ડિબેટ યોજવાની મારી ખુલ્લી ચેલેન્જ છે. અદાણી પોર્ટ પરથી ૨૧,૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું હતું, જો તરુણભાઈ એકવાર પણ અદાણીની પૂછપરછ કરાવી બતાવે તો ઈસુદાન ગઢવી આજીવન તેમના ગુલામ થઈ જશે. ગુજરાતમાં કર્મચારીઓ અને ખેડૂતોની હાલત અત્યંત ખરાબ છે ત્યારે ભાજપના નેતાઓએ આ ગંભીર મુદ્દાઓના જવાબો આપવા જોઈએ.

# ભાડથર જિ.પં. સીટના AAPના ઉમેદવાર વિરૂભાઈ આહીરની ખેડૂતોને અપીલ

## ખેડૂતો માટે અત્યાર સુધી લડ્યો છું અને ભવિષ્યમાં પણ લડતો રહીશ, સાવરણાના બટન પર મત આપી વિજયી બનાવો

દેવભૂમિ દ્વારકા | ખંભાળિયા તાલુકાના ભાડથર જિલ્લા પંચાયત સીટના આમ આદમી પાર્ટીના વિરુભાઈ આહિરે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આ ચૂંટણી કોઈ સામાન્ય ચૂંટણી નથી પરંતુ ખેડૂતોના અસ્તિત્વની ચૂંટણી છે. ભલે આ ચૂંટણી એક જિલ્લા પંચાયત સીટની પેટા ચૂંટણી છે પરંતુ આ ચૂંટણી પર ખેડૂતોનું અસ્તિત્વ ટકેલું છે. હાલ દુષ્કાળ મુદ્દે ભાજપના એક પણ નેતા દુષ્કાળનો "દ" પણ બોલવા પણ તૈયાર નથી. તેઓ સરકાર પર કોઈ પ્રેશર પણ બનાવતા નથી છતાં પણ તેઓ કહે છે કે તેઓ ખેડૂતોની સાથે છે.વધુમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરુભાઈ આહિરે જણાવ્યું હતું કે, હું દરેક ખેડૂત મિત્રોને વિનંતી



કરીને કહેવા માગું છું કે આ ચૂંટણીમાં હાર-જીત થશે એ ખેડૂતોની હાર અને જીત હશે. કારણ કે અહીંયા આમ આદમી પાર્ટી, કોંગ્રેસ કે ભાજપની લડાઈ નથી ચાલતી રહી પરંતુ ખેડૂતોના અસ્તિત્વની લડાઈ ચાલી રહી છે. જો આ સીટ પર ભાજપ જીતી જશે તો ખેડૂતોએ સમજી લેવાનું કે આપણું પૂરું થઈ ગયું છે. હું ખેડૂતો માટે અત્યાર સુધી લડ્યો છું અને ભવિષ્યમાં પણ ખેડૂતો માટે લડતો રહીશ. તો આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે હું ઉભો છું તો મને મત આપીને તમે તમારી જીત હાસિલ કરો, એવી હું આપ તમામ લોકોને અપીલ કરું છું. તો સાવરણાના બટન ઉપર તમારો કિંમતી વોટ આપીને મને વિજય બનાવો અને સાથે સાથે તમે પણ વિજય બનો.

### ખેડૂતોના હિતમાં કૃષિ વિભાગના મહત્વપૂર્ણ નિર્ણયોની જાહેરાત કરતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

અમદાવાદ |ખેડૂતોના હિતમાં નિર્ણય કરતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ વિભાગ દ્વારા આગામી રવિ ઋતુમાં પ્રમાણિત બિયારણ, સીડ મિની કીટ તેમજ નિદર્શન ઘટકોનો લાભ રાજ્યના ખેડૂતો સુધી પહોંચાડવા માટે અરજીઓ આવકારવામાં આવી છે. આ તમામ ઘટકો હેઠળ લાભ મેળવવા માટે ખેડૂતો 'આઈ-ખેડૂત પોર્ટલ' પર અરજી કરી શકશે. આ પોર્ટલ આજ તા. ૦૪ ઓક્ટોબરથી આગામી તા. ૧૫ ઓક્ટોબર એટલે કે કુલ ૧૨ દિવસ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે.વધુમાં, રાજ્યમાં ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી માટે ખેડૂતોની રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે અગાઉ અંતિમ તારીખ ૦૯ ઓક્ટોબર નક્કી કરવામાં આવી હતી. પરંતુ, વિવિધ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા ખેડૂત પ્રતિનિધિઓ તરફથી મળેલી સાનુકૂળ રજૂઆતોને સંવેદનશીલતાથી ધ્યાને રાખીને રાજ્ય સરકારે નોંધણી પ્રક્રિયામાં ૧૫ દિવસનો વધારો કરવાનો પ્રજાહિતકારી નિર્ણય લીધો છે.

# સાબરમતી કોચિંગ ડેપો બન્યો આધુનિક ટેકનોલોજીનું નવું કેન્દ્ર

## પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત સાબરમતી કોચિંગ ડેપોમાંરિટ્રેક્ટેબલ OHEની સ્થાપના

અમદાવાદ | પશ્ચિમ રેલવેના ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો સાબરમતી (SBT) ખાતેપ્રથમ વખત રિટ્રેક્ટેબલ ઓવરહેડ ઇક્વિપમેન્ટ (OHE) સિસ્ટમ સ્થાપિતકરવામાં આવી છે. આ અત્યાધુનિક સિસ્ટમ રિટ્રેક્ટેબલ રિજિડઓવરહેડ કંડક્ટર સિસ્ટમ (RRCS) તરીકે ઓળખાય છે.ડેપો પરિસરમાં કુલ 620 મીટરની લંબાઈમાં આ આધુનિક વ્યવસ્થાઉપલબ્ધ કરવામાં આવી છે. આ સિસ્ટમ મોટરચાલિત, પિટ-માઉન્ટેડઓવરહેડ કંડક્ટર વ્યવસ્થા છે, જેને ખાસ કરીને ઇલેક્ટ્રિફાઇડ રેલ કોચિંગડેપો, લોકો શેડ અને લોડિંગ સાઇડિંગ્સમાં ઉપયોગ માટે ડિઝાઇન કરવામાંઆવી છે. રિટ્રેક્ટેબલ OHE ઇલેક્ટ્રિક લોકોમોટિવને ટ્રેક્શન પાવર પ્રદાન કરેછે, તેમજ જરૂરિયાત મુજબ કંડક્ટર રેલને યાંત્રિક રૂપે હટાવવાની(રિટ્રેક્ટ)ની સુવિધા પણ આપે છે, જેથી જાળવણીના કામ દરમિયાન પૂરતુંઓવરહેડ ક્લિયરન્સ સુનિશ્ચિત કરી શકાય.



1. મેન્ટેનન્સ સ્ટાફ માટે વધુ સુરક્ષા
OHEને બંધ (ડી-એનર્જાઇઝ) કરીને અને અલગ કર્યા બાદ કોચનીછત પર સુરક્ષિત કામ કરી શકાય છે. યોગ્ય અર્થિંગની વ્યવસ્થાથી વીજળીના જોખમમાં ઘટાડો થાય છે.આકસ્મિક રીતે કરંટ લાગવાની સંભાવના ઘટે છે.

2. ડીઝલ શન્ટિંગની જરૂરિયાત સમાપ્ત
હવે કોચને સીધા ઇલેક્ટ્રિક પાવરથી ચલાવી શકાય છે. ડેપોમાં ડીઝલ એન્જિનની જરૂરિયાત રહેશે નહીં.આથી ધુમાડો, પ્રદૂષણ અને અવાજમાં ઘટાડો થશે.

3. સમયની બચત (ઓછો ટર્નઅરાઉન્ડ સમય)
કોચને સીધા મેન્ટેનન્સ લાઇન પર લઈ જઈ શકાય છે.આથી કોચની તૈયારી ઝડપથી થશે અને સંચાલન ઝડપી બનશે.

4. વધુ સારું સંચાલન અને લવચીકતા
જરૂરિયાત મુજબ ઓવરહેડ લાઇનને હટાવી શકાય છે.એકસાથે મેન્ટેનન્સ અને સ્ટેબલિંગનું કાર્ય શક્ય છે.આ આધુનિક વ્યવસ્થા સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને સંચાલનક્ષમતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. પશ્ચિમ રેલવેનો આ પ્રયાસરેલ સેવાઓને વધુ સુરક્ષિત, ઝડપી તથા પર્યાવરણને અનુકૂળ બનાવવામાંસહાયક સાબિત થશે.

# આખા રાજ્યનું પાટનગર હોવા છતાં ગાંધીનગરમાં લોકો સુવિધાઓથી વંચિત અને પરિસ્થિતિ ખરાબ છે : ગોપાલ ઈટાલિયા

ગાંધીનગર | ગાંધીનગરમાં પરિવર્તનના સંકલ્પ સાથે આજે આમ આદમી પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની વિશેષ ઉપસ્થિતિમાં ઈન્દ્રનગર, સેક્ટર-૨૪ ખાતે જનસભા યોજાઈ હતી. જનતાને સંબોધતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ભાજપે દાદાગીરી કરીને દેશભરના ૧૨ કરોડ લોકોના નામ ભારતની મતદાર યાદીમાંથી કાઢી નાખ્યા છે જેથી લોકોનો વોટ આપવાનો અધિકાર છીનવી શકાય. સામાન્ય અને નાના માણસોને પાંચ વર્ષ સુધી મોટા નેતાઓ કે અધિકારીઓ કોઈ ઈજ્જત, આબરૂ કે માન આપતા નથી કે આપણી સાર-સંભાળ રાખતા નથી. પરંતુ પાંચ વર્ષમાં એકવાર ચૂંટણી આવે ત્યારે ગમે તેવો મોટો તોપ જેવો નેતા હોય તો પણ તેણે ઝૂકવું પડે છે અને દરેક પાર્ટીના નેતાઓએ તમારા ઘરે તથા મહોલ્લામાં આવીને સ્ટીકર લગાવવા, સમજાવવા અને મનાવવાની વાતો કરવી પડે છે, કારણ કે તમારી પાસે બટન દબાવવાનો અને મત આપવાનો પાવર છે.ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું કે જો ચૂંટણી સમયે ભાજપવાળા પૈસા કે કોઈ વસ્તુ આપવા આવે તો શરમ રાખ્યા વગર લઈ લેજો, કારણ કે એ આપણા જ બૂચ મારેલા પૈસા છે અને આપણો જ અધિકાર છે. કોઈને ૫૦૦ રૂપિયા આપે તો મહોલ્લામાં બીજાને પણ કહી આવવું કે તું પણ જઈને લઈ આવ, ખવડાવે તો ખાઈ લેવું અને વસ્તુ આપે તો લઈ લેવી; પરંતુ મતદાનના દિવસે માત્ર ઝાડુનું બટન દબાવી દેવાનું જેથી આ બધી ગંદકી કાયમ માટે સાફ થઈ જાય. ભાજપ આપણને વેચાતા રાખવાની કોશિશ કરે છે. આપણે માણસ છીએ અને આપણા માટે તથા આપણા બાળકો માટે સારી સુવિધાઓ ઊભી કરવાની જવાબદારી સરકારની છે, પરંતુ આ સરકાર ગરીબ માણસ આગળ આવવાને બદલે વધુ ગરીબ થાય તેવી વ્યવસ્થાઓ કરી રહી છે. રાજ્યનું પાટનગર હોવા છતાં ગાંધીનગરમાં ભાજપના શાસનમાં કેવી ખરાબ પરિસ્થિતિ છે તે આપણે સૌ જોઈ શકીએ છીએ.ગોપાલ ઈટાલિયાએ પોતાનું ઉદાહરણ આપતાં કહ્યું કે, મેં પોલીસની નોકરીમાંથી રાજીનામું આપી આમ આદમી પાર્ટીમાં જોડાઈને સતત સંઘર્ષ કર્યો અને ધારાસભ્ય બન્યો.

### યુવાનો પોતાના કાર્યક્ષેત્રમાં નિતિમત્તા અને સમપર્ણ સાથે સેવાની ભાવના વિકસાવી સશક્ત ભારતના નિર્માણ માટે આગળ આવે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કચ્છ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૬મો પદવીદાન સમારોહ આજે રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ૬૯૮૯ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિએ તેમને નમન કરતા જણાવ્યું હતું કે, કચ્છના સપુત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને દેશની આઝાદી માટે ક્રાંતિવીરો તૈયાર કર્યા હતા. શ્યામજી કૃષ્ણવર્મા તથા તેમના ગુરુ મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જીવન યુવાઓ માટે પ્રેરણારૂપ ગણાવીને રાજ્યપાલશ્રીએ યુવાનોને કર્તવ્યભાવના, રાષ્ટ્રધર્મ, સમાજધર્મ તથા પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો.

**નામ બદલેલ છે**

**મેં મારું જૂનું નામ ચાવડા ગૌરવકુમાર શૈલેષભાઈ બદલીને નવું નામ ચાવડા ગૌરવ શૈલેષભાઈ રાખેલ છે.**
**સરનામું: D-403, માધવ રેસીકમ પ્લાઝા, ખોડિયારનગર ક્રોસ રોડ, મારી શાનેન સ્કૂલની સામે, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા-390019, ગુજરાત રાજ્ય ભારત.**

# મહીસાગરના લુણાવાડા ખાતે યુવા સેવા યાત્રીઓની 'સેવા સંકલ્પ યાત્રા'નું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની કર્મભૂમિ કાશીથી જન્મભૂમિ વડનગર સુધી ભાજપ દ્વારા આયોજિત 'સેવા સંકલ્પ યાત્રા' મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવી પહોંચતાં વિવિધ સ્થળોએ તેનું અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.લુણાવાડા નગરમાં યાત્રાના પ્રારંભ અગાઉ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા, પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ યુવા મોરચાના પ્રભારી કિરીટભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ દશરથભાઈ બારિયા, જિલ્લા પ્રભારી વિશાલભાઈ ભરવાડ સહિત સંગઠનના અગ્રણીઓએ લુણાવાડાના ઐતિહાસિક લુણેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર પરિસરમાં બનાવવામાં આવેલી 'વિકસિત ભારત' વિષય આધારિત ફૂલોની અદ્ભુત રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રસંગે અધ્યક્ષએ છાત્રાલયના બાળકોને ફૂલસ્કેપ બુકનું વિતરણ કર્યું હતું અને તેમની સાથે ભાવસભર સંવાદ સાધ્યો હતો. ત્યારબાદ લુણાવાડાના બાબાસાહેબ આંબેડકર ચોક પાસેથી અધ્યક્ષ અને રાજ્ય મંત્રી સહિતના તમામ અગ્રણીઓ ઉત્સાહભેર બાઈક યાત્રામાં જોડાયા હતા. નગર ભ્રમણ દરમિયાન યાત્રામાં સામેલ આગેવાનોએ રાષ્ટ્રના મહાપુરુષોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા, જેમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા અને ફુવારા ચોક ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી તેમજ લુણેશ્વર ચાર રસ્તા પાસે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માલ્યાર્પણ કરી ભાવ વંદના કરી હતા. તદ્ઉપરાંત, પરશુરામ ચોક ખાતે ભગવાન પરશુરામના ચરણોમાં વંદન કરી, ત્યાં ભગવાન પરશુરામની વેશભૂષામાં સજ્જ બાળકો સાથે આગેવાનોએ સ્નેહપૂર્વક વાતચીત કરી હતી. સમગ્ર લુણાવાડા




નગરમાં યાત્રાના નિર્ધારિત માર્ગો પર વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા પુષ્પવર્ષા કરીને યાત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વારાણસીથી આવેલા બાઈક યાત્રીઓએ આરોગ્ય કેમ્પના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ ઉપરાંત, આદર્શ વિદ્યાલય હોલ ખાતે યોજાયેલા લાભાર્થી સંવાદ કાર્યક્રમમાં કેન્દ્રની મોદી સરકારના આગમન પછી દેશ અને નાગરિકોના જીવનમાં આવેલા વ્યાપક સકારાત્મક પરિવર્તનની અનુભવકથાઓ લાભાર્થીઓ પાસેથી સાંભળી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્યની ભાજપા સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી, યોજનાઓનો લાભ મેળવી તેમના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનો અંગે તેમના અનુભવો અને પ્રતિભાવો જાણ્યા હતાં. યુવા સશક્તિકરણના ભાગરૂપે હરદાસપૂર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા વિકસિત ભારત યુવા સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ સહિતના આગેવાનોએ યુવા રમતવીરો સાથે વિવિધ રમતો રમીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ તકે તેમણે મોદી સરકારની ખેલ મહાકુંભ અને ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ મારફતે રમતગમત ક્ષેત્રે પાયાના સ્તરેથી પ્રતિભાવંત ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાની કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે યુવાનો સાથે વિસ્તારપૂર્વક સંવાદ સાધ્યો હતો. યાત્રા હાડોડ ખાતે પહોંચતાં સ્થાનિક નાગરિકો દ્વારા પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં પવિત્ર મહીસાગર નદીનું જળ સેવા સંકલ્પ યાત્રાના કુંભમાં ઉમેરીને સંકલ્પને પુનઃ દ્રઢ કરવામાં આવ્યો હતો. મહીસાગર નદીનું જળ ઉમેર્યા બાદ આ યાત્રા વરધરી થઈને આગળ બાલાસિનોર તાલુકા તરફ રવાના થઈ હતી. આ સમગ્ર આયોજનમાં પ્રદેશ મંત્રી મુક્તિબેન, જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન, પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ, ધારાસભ્યો માનસિંહ ચૌહાણ, નિમિષાબેન સુથાર, કુબેરભાઈ ડિંડોર, પ્રદેશ અને જિલ્લા તાલુકા નગર સંગઠનના હોદ્દેદારો,પદાધિકારીઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સરકારી યોજનાઓના લાભાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક યુવાનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ફસાયેલા 6 લોકોને ફાયર વિભાગે સલામત બહાર કાઢ્યા

# સુરતના સારોલીની કુબેરજી ટેક્સટાઈલ માર્કેટમાં લિફ્ટ ખોટકાઈ

(એજન્સી) સુરત | તા. 04

સુરત શહેરના સારોલી વિસ્તારમાં આવેલા જાણીતા 'કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ'માં શનિવારે રાત્રે એક ગંભીર ટેકનિકલ ખામી સર્જાવાને કારણે લિફ્ટ અધવચ્ચે જ અટકી જવાની ઘટના સામે આવી હતી. આ અચાનક બનેલી દુર્ઘટનાના કારણે લિફ્ટમાં સવાર ૬ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે, સમયસૂચકતા દાખવીને તાત્કાલિક ફાયર વિભાગનો સંપર્ક કરવામાં આવતા, ફાયર જવાનોએ ૧ કલાકના જતનના અંતે તમામ લોકોને હેમખેમ બહાર કાઢી લીધા હતા, જેથી એક મોટી જાનહાનિ ટળી ગઈ હતી અને સવે રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, શનિવારે રાત્રે સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં અચાનક લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે તે B-2 લેવલ પર જ બંધ થઈ ગઈ હતી. લિફ્ટ બંધ થઈ જતાં અંદર ફસાયેલા લોકો ગભરાઈ ગયા હતા, પરંતુ તેમાંથી એક વ્યક્તિએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સુરત મહાનગરપાલિકાના ફાયર કંટ્રોલ રૂમ પર ફોન કરીને મદદ માંગી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાનો ફાયર કાફલો તુરંત જ સારોલી




સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ ખાતે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ વિશેષ સાધનો અને કૌશલ્યની મદદથી સતત ૧ કલાક સુધી ભારે જહેમત ઉઠાવીને સફળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. આશરે એક કલાકની ભારે મહેનત બાદ લિફ્ટમાં અટવાયેલા તમામ ૬ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હોવાથી માર્કેટના વેપારીઓ, એસોસિયેશનના હોદ્દેદારો અને ફસાયેલા લોકોના પરિવારજનોએ ભારે રાહત અનુભવી હતી. તહેવારોની મોસમ અગાઉ બનેલી આ ઘટના બાદ માર્કેટ સંકુલમાં લિફ્ટની નિયમિત જાળવણી અંગે પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. સુરતના સારોલી વિસ્તારમાં આવેલી 'કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ'માં શનિવારે (ત્રીજી ઓક્ટોબર) રાતે લિફ્ટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતાં તે B-2 લેવલ પર અધવચ્ચે જ અટકી ગઈ હતી, જેના કારણે તેમાં સવાર 6 લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. જોકે, ફાયર વિભાગની ટીમે 1 કલાકના રેસ્ક્યૂ ઓપરેશન બાદ તમામ લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, શનિવારે રાત્રે ટેક્સટાઈલ માર્કેટની લિફ્ટ અચાનક બંધ પડી ગઈ હતી. લિફ્ટમાં ફસાયેલા લોકોએ ગભરાવાને બદલે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સુરત મહાનગરપાલિકાના ફાયર કંટ્રોલ રૂમનો સંપર્ક કરી મદદ માંગી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાનો ફાયર કાફલો તાબડતોબ સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ ખાતે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ વિશેષ સાધનોની મદદથી સતત 1 કલાક સુધી ભારે જહેમત ઉઠાવીને સફળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું અને લિફ્ટમાં અટવાયેલા તમામ લોકોને હેમખેમ બહાર કાઢ્યા હતા. આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા ન થતાં વેપારીઓ, માર્કેટના એસોસિયેશન અને ફસાયેલા લોકોના પરિવારજનોએ ભારે રાહતનો શ્વાસ લીધો હતો.

## વડોદરા જિલ્લામાં માનવભક્ષી દીપડાનો ખોફ: વાઘોડિયા બાદ ડભોઈ તાલુકામાં ખેતમજૂર પર હુમલાથી ગભરાટ



વડોદરા | વડોદરા જિલ્લામાં દીપડો માણસનું લોહી ચાખી ગયો હોવાની ચર્ચાએ સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાવી દીધો છે. વાઘોડિયા તાલુકા બાદ હવે ડભોઈ તાલુકામાં પણ દીપડાએ એક ખેતમજૂર પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે, જેના કારણે ખેડૂતો અને ખેતમજૂરોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને માનવભક્ષી દીપડાને પકડવા માટે ફોરેસ્ટ વિભાગની ટીમો દોડતી થઈ ગઈ છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ફ્લોડ ગામે અઢી મહિના પહેલાં ત્રાટકેલા દીપડાએ હિંમતભાઈ પરમાર અને મણીભાઈ પરમાર નામના બે ગ્રામજનો પર હુમલો કર્યો હતો. તે સમયે ગ્રામજનોએ ડરના માર્યા કેટલાક દિવસો સુધી મારક હથિયારો સાથે રાત્રિ જાગરણ કરવું પડ્યું હતું. વન વિભાગ દ્વારા તે દીપડાને પકડવાના સતત પ્રયાસો ચાલુ જ છે, તેવામાં ડભોઈ પંથકમાંથી પણ આવી જ એક ગંભીર ઘટના સામે આવી છે. ડભોઈ તાલુકાના કનાઈડા ગામડીની સીમમાં પ્રહલાદભાઈ વસાવા (ઉંમર વર્ષ ૫૫) નામના ગ્રામજન વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં ખેતરમાં કામ અર્થે જઈ રહ્યા હતા.

## મુસ્લિમ યુવતી પર બળાત્કાર ગુજારી ગર્ભપાત કરાવનાર સુનિલ મહિડાએ સમીરના નામે આધારકાર્ડ બનાવ્યું હતું

(એજન્સી) વડોદરા | તા. 04

વડોદરા શહેરમાંથી એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક શખ્સે પોતાની સાચી ઓળખ છુપાવીને મુસ્લિમ નામ ધારણ કરી લઘુમતી કોમની યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્નની લાલચ આપીને તેની સાથે અનેકવાર દુષ્કર્મ આચરવા અને બે વખત ગર્ભપાત કરાવવાના આરોપસર પોલીસે નામચીન આરોપી અને જમીન દલાલ સુનિલ મહિડાની ધરપકડ કરી છે. આ કેસમાં આરોપીએ બોગસ ઓળખપત્ર પણ બનાવ્યું હોવાનો ગંભીર ખુલાસો થયો છે.



દોઢેક વર્ષ પહેલાં થયેલા અકસ્માતના બનાવ બાદ આ લઘુમતી કોમની યુવતી આરોપીના સંપર્કમાં આવી હતી. નવજીવન સોસાયટી, તરસાલી ખાતે રહેતા જમીન દલાલ સુનિલ રોહિત મહિડા સામે પીડિતાએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે આરોપીએ તેને લગ્નની લાલચ આપીને અલગ-અલગ હોટલોમાં લઈ જઈને તેની પર બળાત્કાર ગુજાર્યો હતો અને બે વખત બળજબરીથી ગર્ભપાત પણ કરાવ્યો હતો. આ ગંભીર ફરિયાદના આધારે ગોત્રી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.બી. ચાવડાએ ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી હતી અને તેને કોર્ટમાં રજૂ કરીને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. આ કેસની તપાસ દરમિયાન પીડિતાના પક્ષ તરફથી અત્યંત ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યા છે કે આરોપી સુનિલ મહિડાએ પોતાની ઓળખ સંપૂર્ણપણે છુપાવી દીધી હતી અને 'સમીર ઉસ્માનિયા' નામ ધારણ કરીને એક બોગસ ઓળખપત્ર (આધારકાર્ડ) પણ તૈયાર કર્યું હતું.

## નવરાત્રિ પૂર્વે નશીલા દ્રવ્યોની હેરાફેરી ઝડપાઈ: 16.59 કિલો ગાંજા સાથે 3 શખ્સો ઝડપાયા

(એજન્સી) રાજકોટ | તા. 04

શહેરમાં નવરાત્રિના પવિત્ર તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે અસામાજિક તત્વો દ્વારા નશીલા દ્રવ્યોની હેરાફેરી કરવાના પ્રયાસો સામે રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) પોલીસે સકંજા કૃયો છે. પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓની કડક સૂચનાઓ અન્વયે SOG ટીમે પૂર્વ બાતમીના આધારે ગોંડલ ચોકડી ખાતે વોચ ગોઠવીને રૂ. ૮,૨૯,૬૦૦ ની કિંમતના ૧૬ કિલો ૫૯૨ ગ્રામ ગાંજા સાથે મહારાષ્ટ્રના ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

પકડાયેલા ત્રણેય શખ્સો મહારાષ્ટ્રના છે, જેમાં: વાસુદેવ ભગવાનભાઈ હીરાસે (ઉ.વ. ૨૬, રહે. મૂળ શિરપુર, જિ. ધુળિયા, મહારાષ્ટ્ર અને હાલ રોલેક્સ ગોડાઉન પાછળ, ખોડીયારનગર, ગોંડલ રોડ), રવિન્દ્ર પરમેશ્વર મહાડીક (ઉ.વ. ૪૦, રહે. મહાદેવ ગલી, તરવાડે ગામ, જિ. જલગાંવ), અજય સુભાષભાઈ જાદવ (ઉ.વ. ૩૬, રહે. સુભાષનગર-૧૪, જૂનું ધુળિયા)

પી.આઈ. એન.બી. ચૌધરીની આગેવાનીમાં હાથ ધરાયેલી તપાસમાં એ વાત સામે આવી છે કે આ ત્રણેય શખ્સો મહારાષ્ટ્રના નંદુબાર વિસ્તારમાંથી ટ્રાવેલ્સની બસમાં પ્લાસ્ટિકના રેપરમાં વિંટેલા પાર્સલ સ્વરૂપે આ ગાંજાનો જથ્થો રાજકોટ લઈને આવ્યા હતા. રાજકોટમાં રહેતો મૂળ બિહારનો ધરમવીર નામનો શખ્સ આ જથ્થો સ્વીકારીને શહેરમાં છૂટક અને જથ્થાબંધ વેચાણ કરવાનો હતો. આ આરોપીઓ ગેરકાયદેસર રીતે દર કિલો દીઠ ૪ થી ૫ હજાર રૂપિયાની કમાણી મેળવવાની લાલચમાં આ નશીલા દ્રવ્યોની હેરાફેરી કરતા હોવાનું ખુલ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી ગાંજાના જથ્થા ઉપરાંત બે મોબાઈલ ફોન અને બે થેલા કબજે કરીને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. તહેવારોની મોસમમાં ડ્રગ્સ અને નશીલા પદાર્થોનું ધૂમ વેચાણ અટકાવવા માટે રાજકોટ પોલીસ દ્વારા હાલ શહેરમાં પેટ્રોલિંગ અને સઘન ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે.

## એઈમ્સમાં ઈન્ટર્ની ડોક્ટરની છેડતીના ગુનામાં નર્સિંગ ઓફિસર જેલહવાલે

(એજન્સી) રાજકોટ | તા. 04

ગુજરાતની એકમાત્ર નામાંકિત રાજકોટ એઈમ્સમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરીને ઈન્ટર્ની ડૉક્ટર તરીકે ફરજ બજાવતી એક યુવતીની જાતીય સતામણી કરવાના ચર્ચાસ્પદ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ગંભીર ઘટનામાં એઈમ્સના જ નર્સિંગ ઓફિસર લલિત રાધેશ્યામ શર્માની પોલીસે ધરપકડ કરી લીધી છે અને તેને કોર્ટમાં રજૂ કરતા જેલહવાલે કરવામાં આવ્યો છે. આ બનાવને કારણે તબીબી આખા જગતમાં ભારે રોષ ફેલાયો હતો અને સુરક્ષા તથા માનમર્યાદા સામે ગંભીર સવાલો ઉભા થયા હતા.



પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પકડાયેલા આરોપી લલિત રાધેશ્યામ શર્માની ઉંમર છવ્વીસ વર્ષની છે અને તે મૂળ રાજસ્થાનનો વતની છે. તે હાલમાં રાજકોટ જામનગર રોડ ઉપર આવેલા નાગેશ્વર વિસ્તારમાં રહેતો હતો અને રાજકોટ એઈમ્સમાં છેલ્લા ત્રણ વર્ષથી કાયમી જગ્યા પર નર્સિંગ ઓફિસર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ એઈમ્સ સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક ધોરણે આરોપીની અન્ય જગ્યા ઉપર બદલી કરી દેવામાં આવી છે તેમજ આ સમગ્ર પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એક વિશેષ સમિતિ દ્વારા ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવી છે. હજુ તો એમ.બી.બી.એસ. પૂરું કરીને ઈન્ટર્નશિપ કરી રહેલી યુવતી સાથે બનેલી આ બિભત્સ છેડતીની ઘટનાથી સમગ્ર સંકુલમાં ભારે ચકચાર મચી ગઈ હતી. હોસ્પિટલ પરિસરમાં મહિલા ડૉક્ટરોની સલામતી અને ગરિમા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થતાં રેસિડેન્શિયલ ડૉક્ટરો અને ઈન્ટર્ની તબીબો અત્યંત રોષે ભરાયા હતા.

## વડોદરા: ચોખંડી શાક માર્કેટ પાસે ભુવામાં વધુ એક ટ્રક ફસાઈ



વડોદરા | વડોદરા શહેરમાં રસ્તાઓ પર કરવામાં આવતા ખોદકામ બાદ યોગ્ય રીતે પુરાણ અને ગુણવત્તાયુક્ત સમારકામ નહીં થવાના કારણે નાગરિકો અને વાહનચાલકો માટે ગંભીર જોખમો ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં જ શહેરના ચોખંડી શાક માર્કેટ પાસે રસ્તામાં અચાનક મોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે, જેમાં માર્ગ પરથી પસાર થઈ રહેલી એક ટ્રક ફસાઈ જવા પામી હતી. આ બનાવના કારણે સ્થાનિક વાહનચાલકો અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચોખંડી શાક માર્કેટ પાસે આવેલા રસ્તા પર તાજેતરમાં જ વિવિધ કામો માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જો કે, કામ પૂર્ણ થયા બાદ કોર્પોરેશન કેસંબંધિત એજન્સી દ્વારા યોગ્ય રીતે માટી કે કપચીનું પુરાણ કરવામાં આવ્યું ન હતું. પરિણામે, ગઈકાલે રાત્રે જ્યારે આ માર્ગ પરથી એક ભારદારી ટ્રક પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક રસ્તાનો ભાગ બેસી ગયો હતો અને ટ્રકનાં પાછળનાં પૈડાં ભુવામાં ઊંડે સુધી ખૂંપી ગયાં હતાં. ટ્રક રસ્તામાં જ ફસાઈ જવાના કારણે આસપાસના ટ્રાફિક વ્યવહારને પણ અસર થઈ હતી અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

### દંપતીનું કરુણ મોત, પાંચ ઈજાગ્રસ્ત

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર સામસામે બે કાર અથડાતા ગમખ્વાર અકસ્માત



(એજન્સી) વડોદરા | તા. 04

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ગોધરા નજીક એક અત્યંત ગમખ્વાર અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે. રોંગ સાઈડમાં પૂરઝડપે આવી રહેલી એક કારે સામેથી આવી રહેલી સુરતના જાણીતા બિલ્ડરના પરિવારની કારને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં અમરેલીના એક દંપતીનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે સુરતના બિલ્ડર, તેમના પત્ની અને ત્રણ બાળકો સહિત કુલ પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા મુકેશભાઈ કાળુભાઈ બોધરા પોતાના પરિવાર સાથે કારમાં સવાર થઈને દિલ્હી જવા માટે નીકળ્યા હતા. તેમની સાથે કારમાં તેમના પત્ની સુમિતાબેન અને ત્રણ બાળકો પણ મુસાફરી કરી રહ્યા હતા. તેઓ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ગોધરા તરફથી રોંગ સાઈડમાં (વિરુદ્ધ દિશામાંથી) પૂરઝડપે આવી રહેલી એક અન્ય કારના ચાલકે મુકેશભાઈની કારને સામેથી ધડાકાભેર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

આ ગમખ્વાર અકસ્માતમાં સામેની કારમાં સવાર મગનભાઈ ભીમજીભાઈ વાવિયા (રહે. ઘોઘા ગામ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી) તેમજ તેમના પત્ની ભાનુબેન મગનભાઈ વાવિયાનું કરુણ મોત નીપજ્યું હતું. બીજી તરફ, સુરતના બિલ્ડર મુકેશભાઈ બોધરા, તેમના પત્ની સુમિતાબેન અને તેમના ત્રણ બાળકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તુરંત જ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

એક્સપ્રેસવે જેવા હાઈ-સ્પીડ રૂટ પર રોંગ સાઈડ વાહન ચલાવવાની બેદરકારીના કારણે બે નિર્દોષ જીવોએ પોતાના પ્રાણ ગુમાવવાનો વારો આવ્યો છે, જેના કારણે વાહનચાલકોની સલામતી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા બિલ્ડર મુકેશ બોધરા પત્ની સુમિતાબહેન અને ત્રણ બાળકો સાથે કારમાં દિલ્હી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન એક્સપ્રેસવે પર ગોધરા તરફથી રોંગ સાઈડમાં આવી રહેલી એક કારના ચાલકે મુકેશની કારને સામેથી ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કૂચડો વળી ગયો હતો. આ અકસ્માતમાં રોંગ સાઈડમાં કાર હંકારી રહેલા અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઘોઘા ગામના વતની મગન વાવિયા અને તેનાં પત્ની ભાનુબહેન વાવિયાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

### ગીરગઢડામાં દીપડાનો આતંક : ગીરગઢડાના સણોસરી ગામમાં મજૂર પરિવારના બાળક પર દીપડાનો ખૂની હુમલો

# અગાસી પરથી માતા-પિતાની વચ્ચેથી ઊંચકી જઈ ત્રણ વર્ષના માસૂમ બાળકને ફાડી ખાધો

(એજન્સી) ગીરગઢડા | તા. 04

ગીરગઢડા તાલુકાના સણોસરી ગામની સીમમાં ગત રાત્રિના સમયે એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે, જ્યાં શિકારની શોધમાં ચડી આવેલા ખૂંખાર દીપડાએ વાડીની અગાસી પર માતા-પિતાની વચ્ચે ગાઢ નિંદ્રામાં સૂતેલા માત્ર ત્રણ વર્ષના માસૂમ બાળકને ઊંચકી જઈને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ કરુણ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે અને સ્થાનિક ગ્રામજનોમાં વન વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મૂળ ગોધરા પંથકનો શ્રમિક પરિવાર છેલ્લા દોઢથી બે માસથી ગીરગઢડાના સણોસરી ગામની ખાંભળા સીમમાં આવેલી એક વાડીમાં રહીને ખેત મજૂરીનું કામ કરે છે. ગિરીશભાઈ બામણીયા અને તેમના પત્ની તેમજ તેમનો ત્રણ વર્ષનો દીકરો ચેતન ગત રાત્રિના સમયે વાડી પર આવેલી ઓરડીની અગાસી પર સૂવા ગયા હતા. વિસ્તારમાં લાઈટ ડીમ હોવાને કારણે આ પરિવાર અગાસી પર સૂતો હતો. આશરે બારેક ફૂટ ઊંચી અગાસી પર ગિરીશભાઈ અને તેમના પત્નીની વચ્ચે નાનો ચેતન સૂતો હતો તે દરમિયાન મોડી રાત્રે અચાનક દીપડો લાકડાની સીડીના સહારે અગાસી પર ચડી આવ્યો હતો અને માતા-પિતાની સાડા વચ્ચે સૂતેલા માસૂમ ચેતનને ગરદનના ભાગેથી દબોચીને અંધારામાં અદ્રશ્ય થઈ ગયો હતો.

બાળક અચાનક ગાયબ થઈ જતા અને



દીપડાને જોતા જ માતા-પિતાએ તાત્કાલિક જોર-જોરથી બુમાબુમ કરી મૂકી હતી, જેના કારણે આસપાસની વાડીઓમાં રહેતા લોકો પણ દોડી આવ્યા હતા. પરિવારજનો અને ગ્રામજનોએ તાત્કાલિક લાકડીઓ અને ટોર્ચ લઈને દીપડાની પાછળ દોટ મૂકી હતી. જોકે, અંધારાનો લાભ લઈને દીપડો બાળકને નજીકના જુવારના ખેતરમાં ખેંચી ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને વન વિભાગના એસીએફ અને આરએફઓ સહિતનો કાફલો પાંજરા સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

વન વિભાગના અધિકારીઓ, વાડી માલિક કાંતિભાઈ લાડુમોર અને ગ્રામજનોએ દીપડાના પંજાના નિશાન તેમજ લોહીના ડાઘને આધારે જુવારના ખેતરમાં સઘન શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન ખેતરમાંથી ત્રણ વર્ષના માસૂમ ચેતનનો દીપડા દ્વારા ફાડી ખાધેલો ક્ષતિગ્રસ્ત મૃતદેહ મળી આવતા હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી અને સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

### સામસામી ફરિયાદો નોંધાઈ

## ગોરવામાં કૂતરાને આઈસક્રિમ આપવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે મારામારી

(એજન્સી) વડોદરા | તા. 04

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા જયનારાયણ સોસાયટી-૨ માં એક અત્યંત વિચિત્ર અને સામાન્ય ગણાય તેવા કૂતરાને આઈસક્રિમ ખવડાવવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી સર્જાઈ હોવાની ઘટના સામે આવી છે. આ મામલે બંને પક્ષો દ્વારા સામસામી ફરિયાદો નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધીને આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

લીનાબેન પટેલે પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની ઉપરના માળે રહેતા યુવરાજ નામના યુવકે ગત તા. ૧ લીના રોજ રાત્રે એક કૂતરાને આઈસક્રિમ ખાવા માટે આપ્યો હતો. આ બાબતે લીનાબેને તેને સમજાવવાનો પ્રયાસ કરતા યુવરાજે ઉશ્કેરાઈને 'જે થાય તે કરી લેજો' તેમ કહીને ધમકી આપી હતી. ત્યારબાદ બીજા દિવસે લીનાબેનનો ભાણીયો સ્મિત પરમાર તેના મિત્રો સાથે કાર લઈને આવ્યો હતો અને યુવરાજને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન યુવરાજ અને તેના પરિવારજનોએ તેમની સાથે ઉગ્ર ઝપાઝપી કરી હતી. આ મામલે પોલીસે યુવરાજ, રાજેશ્વરી, કરુણાબેન અને પિતા હરિશભાઈ રાજ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ કેસમાં સામે પક્ષે કરુણાબેન રાજે પોલીસ સમક્ષ નવો ખુલાસો કરતા જણાવ્યું છે કે કૂતરા બાબતે અગાઉ ઝઘડો થયા બાદ, બીજા દિવસે રાત્રે તેમનો પુત્ર બાઈક પર બેઠો હતો ત્યારે સ્મિત પરમાર તેના મિત્રો સાથે કારમાં ત્યાં આવ્યો હતો. તેમણે કરુણાબેનના પુત્રને ગડદાપાટુનો માર માર્યો હતો. આ અંગે પરિવારજનો દોડી આવતા તેમની સાથે પણ ઉગ્ર ઝપાઝપી કરવામાં આવી હતી. આ પક્ષની ફરિયાદના આધારે પોલીસે લીનાબેન, પિયુષ પંડ્યા, એરોન ક્રિસ્ટિયન અને નીલમબેન માળી સામે પણ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક સામાન્ય અને તુચ્છ બાબતથી શરૂ થયેલો આ વિવાદ વધીને મારામારી સુધી પહોંચતા સોસાયટીના રહીશોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.

### હત્યાની સમગ્ર ઘટના અને પુત્રની પ્રતિક્રિયા

## સામું જોવાના મુદ્દે ડખ્ખો થતાં પાઈપ ફટકારી પ્રૌઢને મોતને ઘાટ ઉતાર્યા

(એજન્સી) રાજકોટ | તા. 04

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં આવેલા ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે પાનની દુકાન પાસે ગઈરાત્રે એક સામાન્ય બાબત પર થયેલા ડખ્ખાએ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. 'સામું કેમ જુઓ છો?' તેવી નજીવી બાબતે થયેલા ઝઘડાનો ખાર રાખીને ત્રણ શખ્સોએ ૫૬ વર્ષીય પ્રૌઢ પર પાઈપ અને ગડદાપાટુનો આડેધડ મરણતોલ માર મારીને કરપીણ હત્યા કરી નાખી હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે અને પોલીસે આરોપીઓને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મૃતક પ્રૌઢની ઓળખ ઈકબાલભાઈ ઉર્ફે જૂનાગઢી ઈબ્રાહીમભાઈ લોધી (પઠાણ, ઉ.વ. ૫૬, રહે. પીરવાડી પાસે જૂના ગણેશનગરમાં) તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં ઈકબાલભાઈએ તેમના મોટા પુત્ર સોહિલને ફોન કરીને જણાવ્યું હતું કે જંગલેશ્વરમાં રહેતા દાનિશ સાથે મારે ઝઘડો થયો છે. ત્યારબાદ ઈકબાલભાઈના મિત્ર સાહિલ ઉર્ફે ગુંદીએ સોહિલને ફોન કરીને જાણ કરી હતી કે ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે નિસ્બત પાનની દુકાન પાસે તેના પિતાને દાનિશ સાથે માથાકૂટ થઈ છે અને તેઓ બેભાન હાલતમાં પડી ગયા છે.

સોહિલે પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે જ્યારે તે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે તેના પિતા કંઈ પણ બોલવા સક્ષમ ન હતા. મિત્ર સાહિલે જણાવ્યું હતું કે ઈકબાલભાઈ ત્યાં બેઠા હતા ત્યારે આરોપીઓ દાનિશ અમીનભાઈ, સુફિયાન હનીફભાઈ આરબ અને રિયાઝ (તમામ રહે. જંગલેશ્વર) ત્યાં આવ્યા હતા અને જૂના ઝઘડાનો ખાર રાખી ત્રણેય જણાએ પાઈપ વડે આડેધડ ઘા ફટકારી તેમજ ગડદાપાટુનો માર મારીને તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક ઈકબાલભાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

**વૃષભ : બ. વ. ઉ.**

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મિથુન : ક. છ. ઘ.**

માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

**કર્ક : ડ. હ.**

લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

**સિંહ : મ. ટ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે.

**કન્યા : પ. ઠ. ણ.**

જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે.

**તુલા : ર. ત.**

ખિન્ન તથા નિરાશ ન થાવ. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

**વૃશ્ચિક : ન. ય.**

મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો.

**મકર : ખ. જ.**

તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સ્વત6 રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો.

---

**વિજેતા બનેલાઓને મહેમાનોએ શિલ્ડ, પ્રમાણપત્ર, ભેટ આપીને સન્માનિત કર્યા**

# જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા "જિલ્લા કક્ષાનો પોષણ ઉત્સવ - ૨૦૨૬" અને પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઇ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.03,



મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત જૂનાગઢ જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા "જિલ્લા કક્ષાનો પોષણ ઉત્સવ - ૨૦૨૬" તેમજ જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢના માર્ગદર્શન અનુસાર ઝનાના હોસ્પિટલ ખાતે આયોજન કરાયું હતું.કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદ્બબોધન આપતાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણીએ જણાવ્યું હતું કે, તંદુરસ્ત શરીર એ જ સાચી મૂડી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'કુપોષણ મુક્ત ભારત અને સ્વસ્થ ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરવા માટે માતા અને બાળકનું પોષણ સ્તર સુધારવું અત્યંત જરૂરી છે. તેમણે આગળ ઉમેર્યું કે આંગણવાડીની બહેનો કુપોષણ સામેની આ લડાઈમાં આપણી મુખ્ય તાકાત છે. આજનું સ્વસ્થ બાળક એ આવતીકાલના સ્વસ્થ દેશનું ભવિષ્ય ગણાય છે. ત્યારે માતા પિતાની પણ એટલી જ જવાબદારી છે કે પોતાના બાળકોને બજારના પડીકા આપવા કરતા ઘરે બનાવેલો પૌષ્ટિક આહાર અને નાસ્તો જ આપવો જોઈએ. મિલેટસના મહત્વ અંગે વાત કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, "શ્રી અન્ન એ સ્વાસ્થ્ય માટે અખૂટ ઊર્જાનો સ્રોત અને પૌષ્ટિકતાનો ખજાનો છે. વડાપ્રધાનશ્રી પોતે પણ તેઓના દૈનિક આહારમાં મિલેટસનો ઉપયોગ કરે છે અને વૈશ્વિક સ્તરે તેને લોકપ્રિય બનાવવા સતત પ્રયત્નશીલ છે. આપણે પણ આપણા વડીલોની પરંપરાગત આહાર પદ્ધતિઓને આધુનિક સમયમાં ફરીથી અપનાવવાની જરૂર છે.આ પ્રદર્શન અને સ્પર્ધા દરમિયાન 'ટેક હોમ રાશન' જેમ કે બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ તથા આપણા પરંપરાગત શ્રી અન્ન મિલેટસમાંથી બનાવવામાં આવેલી વિવિધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ તકે દીપ પ્રાગટ્ય વડે અને ભાવભીના સ્વાગત સાથે કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ આંગણવાડીના ભૂલકાઓએ બાળગીત ઉપર પોતાની સુંદર કૃતિ રજૂ કરી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ સ્પર્ધામાં ભાગ લઈ સુંદર વાનગીઓ બનાવનાર બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા અને સમગ્ર જૂનાગઢ જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે સૌ સાથે મળીને સંકલ્પબદ્ધ થાય તેવી આશા વ્યક્ત કરી આભાર દર્શાવ્યો હતો. આ તકે સ્પર્ધામાં વિજેતા બનેલાઓને મહેમાનોએ શિલ્ડ, પ્રમાણપત્ર, ભેટ આપીને સન્માનિત કર્યા હતા. તેમજ આંગણવાડીના બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં પણ આવ્યું હતું. આ કાર્યક્રમમાં માંગરોળના ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી વનિતાબેન વાસણ, શ્રી ચંદુભાઈ મકવાણા, શ્રી દિવ્યેશભાઈ જેઠવા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.દિલીપ પનારા, આઈ.સી.ડી.એસ. શાખાના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, મોટી સંખ્યામાં આંગણવાડી વર્કર બહેનો, સ્પર્ધકો અને હેલ્પર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

---

# શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

| કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બરોડા પબ્લિક સ્કૂલ, પીપલસાટની ધોરણ ૯ની વિદ્યાર્થિની કનોજીયા ખુશી અલ્પેશકુમારે વક્તૃત્વ સ્પર્ધામાં જિલ્લામાં ત્રીજો ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.શિક્ષણ વિભાગ દ્વારા 'વિકસિત ભારત ૨૦૪૭' ના સ્વપ્નને સાકાર કરવા અને વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વધારવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. એસ.એફ. હાઈસ્કૂલ, છોટાઉદેપુર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવાના અધ્યક્ષસ્થાને આ સ્પર્ધા યોજાઈ હતી.તાલુકા કક્ષાએ પ્રથમ બે ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ચિત્ર દ્વારા પોતાની કલ્પનામાં રહેલા 'વિકસિત ભારત ૨૦૪૭' ને દર્શાવ્યું હતું અને વક્તૃત્વ સ્પર્ધામાં વિચારો રજૂ કર્યા હતા. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. કનોજીયા ખુશી અલ્પેશકુમારની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા.

---

# જૂનાગઢ જિલ્લામાં બાંટવા ખાતે પ્રાકૃતિક કૃષિ હાટનું લોકાર્પણ કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.04

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ, જૂનાગઢના સંયુક્ત પ્રયાસોથી જૂનાગઢ જિલ્લામાં સ્થિત માણાવદર તાલુકાના બાંટવા નગરપાલિકા ખાતે પ્રાકૃતિક કૃષિ હાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ હાટનો મુખ્ય ઉદ્દેશ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પોતાની પેદાશોનું સીધું વેચાણ કરવા માટે સ્થાનિક બજાર વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો છે. આ હાટના માધ્યમથી ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક વધશે તથા ખેડૂતોને તેમની પ્રાકૃતિક કૃષિ પેદાશોનું યોગ્ય બજાર અને યોગ્ય ભાવ મેળવવામાં મદદ મળશે. આ હાટ ખાતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઉત્પાદિત વિવિધ પેદાશો, જેમાં અનાજ, કઠોળ, શાકભાજી, ફળો, તેલ, હળદર તથા અન્ય ખેત પેદાશોનો સમાવેશ થાય છે. જેને વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક કૃષિના મહત્વ, પ્રાકૃતિક કૃષિ પેદાશોના ફાયદાઓ તેમજ ખેડૂતો માટે સીધી બજાર વ્યવસ્થાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાંટવા ખાતે શરૂ થયેલ આ પ્રાકૃતિક કૃષિ હાટથી સ્થાનિક ખેડૂતોને પોતાની પેદાશોનું સીધું વેચાણ કરવાની તક મળશે અને ગ્રાહકોને સ્થાનિક ખેડૂતો પાસેથી ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ પેદાશો સીધી ખરીદવાની સુવિધા મળશે. દર ગુરુવારે આ પ્રાકૃતિક હાટ ભરાશે. આ પહેલ દ્વારા "ખેડૂતથી ગ્રાહક સુધી સીધું વેચાણ" ના અભિગમને પ્રોત્સાહન મળશે અને માણાવદર તાલુકા માં પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર સાથે પ્રાકૃતિક કૃષિ પેદાશો માટેની બજાર વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે.

---

# કૃષિ મહા વિદ્યાલય, કૃષિ યુનિ. જૂનાગઢ અને ગુજરાત નોલેજ સોસાયટી વચ્ચે સ્ટાર્ટઅપ્સ માટે કરાર થયા

નરેન્દ્ર દવે જૂનાગઢ, તા.04

રાજ્યમાં વિદ્યાર્થી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે, ગુજરાત નોલેજ સોસાયટી (GKS) ના SSIP સેલ દ્વારા "સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0" (SSIP 2.0) નો અમલ કરાવવા માટે એમ.ઓ.યુ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે પ્રસંગે કોલેજની ટીમને સંસ્થાના કુલપતિ શ્રી ડૉ.વી.પી.ચોવટીયા, સંશોધન નિયામક શ્રી ડો.એ.જી. પાનસુરીયા, રજીસ્ટ્રારશ્રી ડો.વાય.એચ.ઘેલાણીએ જણાવ્યું હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં કોલેજે ૬૫૦ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. જેથી તેમને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) અને સંશોધન પ્રસ્તાવોને 'પ્રૂફ ઓફ કન્સેપ્ટ' (PoCs)માં રૂપાંતરિત કરવાની પદ્ધતિઓ વિશે માહિતગાર અને જાગૃત કરી શકાય. તેમજ એસ.એસ.આઈ.પી. ૨.૦ (SSIP 2.0) અંતર્ગત ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન મહા વિદ્યાલય દ્વારા ઓછામાં ઓછા બે સ્ટાર્ટઅપ શરૂ કરવાનો પણ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.આ યુનિટ શ્રી ડૉ.પી.ડી.કુમાવત, પ્રિન્સિપાલ અને ડીનના અધ્યક્ષસ્થાને કાર્યરત રહેશે. જ્યારે મહા વિદ્યાલયના એસોસિયેટ પ્રોફેસરશ્રી ડૉ.હિરેન ઢોલરીયા અને શ્રી ડૉ.બી.સ્વામીનાથન યુનિટની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સંબંધિત પ્રવૃત્તિઓનું કોર્ડીનેટર તરીકે કામગીરી કરશે.

---

**કારની ડીકીમાંથી મળ્યો ગાંજો, એક આરોપીની ધરપકડ**

# દમણ પોલીસે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો કર્યો પર્દાફાશ, 12 કિલો ગાંજા સાથે બે શખસ ઝડપાયા

(એજન્સી) દમણ | તા.04



દમણ પોલીસે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. દમણના પટલારા ગામેથી એક કારમાંથી 2.597 કિલોગ્રામ ગાંજો ઝડપી, વાપી ખાતેથી મુખ્ય સપ્લાયર પાસેથી વધુ 10.010 કિલોગ્રામ જથ્થો જપ્ત કર્યો. પોલીસે કુલ 12.607 કિલોગ્રામ ગાંજા સાથે 2 આરોપીઓની ધરપકડ કરી, NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.કેન્દ્રશાસિત પ્રદેશ દમણ પોલીસે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરીને મોટી સફળતા મેળવી છે. પોલીસે દમણના પટલારા ગામેથી એક કારમાંથી 2.597 કિલોગ્રામ ગાંજો ઝડપી પાડ્યા બાદ તેની કડી મેળવી વાપી ખાતે દરોડો પાડી મુખ્ય સપ્લાયર પાસેથી વધુ 10.010 કિલોગ્રામ જથ્થો જપ્ત કર્યો છે. આમ, પોલીસે કુલ 12.607 કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોટી દમણ કોસ્ટલ પોલીસને બાતમી મળી હતી કે એક કારમાં માદક પદાર્થની હેરફેર થઈ રહી છે. જે આધારે પોલીસે પહેલી ઓક્ટોબરના રોજ મોટી દમણના પટલારા ગામે વોચ ગોઠવી શંકાસ્પદ કારને અટકાવી હતી. કારની ડીકીમાં તપાસ કરતા સફેદ કલરની કોથળી મળી આવી હતી, જેનું FSLની મદદથી પરીક્ષણ કરાવતાં તે ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે 2.597 કિલોગ્રામ ગાંજો જપ્ત કરી અંકિત રાજકુમાર ગુપ્તા નામના શખસની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપી અંકિત ગુપ્તાની કડક પૂછપરછ દરમિયાન આ ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સપ્લાયર સૌરભ રાય સિંહ (રહે. વાપી)નું નામ સામે આવ્યું હતું. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વાપી ખાતે સૌરભ રાયના ઠેકાણા પર દરોડો પાડ્યો હતો અને તેની પાસેથી વધુ 10.010 કિલોગ્રામ ગાંજાનો જથ્થો કબજે કરી તેની પણ ધરપકડ કરી લીધી હતી. દમણ પોલીસે બંને આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને આંતરરાજ્ય નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે સઘન તપાસ શરૂ કરી છે. આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય તમામ કનેક્શન શોધી કાઢી સંબંધિત તમામ તત્વોને જેલભેગા કરવા માટે આગળની તપાસ તેજ કરવામાં આવી છે.

---

# જૂનાગઢ શહેરમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ, તા.04

જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ શહેર, મેંદરડા અને બાંટવા નગરપાલિકા ખાતે પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ સમારોહ તા. ૦૩/૧૦/૨૦૨૬ ના રોજ યોજાયો હતો. જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, આત્મા પ્રોજેક્ટસ, એગ્રિકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકારના માર્ગદર્શન મુજબ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સી.એમ.પાર્ક, જૂનાગઢ શહેર ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે ગાંધીનગર ખાતેથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેનું લાઈવ પ્રસારણ ઉપસ્થિત સર્વેએ નિહાળ્યું હતું. રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ કરતા શ્રેષ્ઠ ખેડૂતોનું બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ નવી નિમણુંક પામેલા સર્વેને નિમણુંક પત્રોનું વિતરણ, પ્રાકૃતિક કૃષિના વેચાણ કેન્દ્રોનું ઈ લોકાર્પણ, ખેતીવાડી અને બાગાયત વિભાગની સહાયલક્ષી જાણકારી આપતી માહિતી પુસ્તિકાનું વિમોચન અને કૃષિ વિભાગના એન્યુઅલ એક્શન પ્લાનનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ખેડૂતો માટે પ્રેરણાદાયી ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, આજના આધુનિક અને ઝડપી જીવનશૈલીનો યુગ છે. તેમાં ઘરે ઘરે માંદગીનો ખાટલો જોવા મળે છે. ત્યારે ઝેરી રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના સતત ઉપયોગથી જમીનની સાથે માણસોનું સ્વાસ્થ્ય પણ કથળી ગયું છે. તેથી પ્રાકૃતિક કૃષિના ઉપયોગથી જ આપણું સ્વાસ્થ્ય બચી શકે તેમ છે. પ્રાકૃતિક કૃષિ એ જ અત્યારે એક માત્ર ઉપાય જણાય છે. જૂનાગઢ શહેર કક્ષાના કાર્યક્રમમાં માંગરોળના ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠીયાના અધ્યક્ષ સ્થાને સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સી.એમ.પાર્ક, મોતીબાગ રોડ ઉપર સ્થિત પ્રાકૃતિક વેચાણ કેન્દ્રનું લોકાર્પણ મંચસ્થ મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ હાટ દર મંગળવારે અને શુક્રવારે ચાલુ રહેશે. આ તકે બાગાયત વિભાગ, કૃષિ વિભાગ જૂનાગઢના અધિકારીગણ, કર્મચારીગણ, લાભાર્થીઓ, પ્રાકૃતિક કૃષિનું વેચાણ કરતા ખેડૂતો સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો, નાગરિકો હાજર રહ્યા હતા.

---

# દમણગંગા નદી કિનારે પિતૃ શ્રાદ્ધ વિધિ દરમિયાન 2 બાળકો નદીમાં ખાબક્યા, એકનો બચાવ, બીજાની શોધખોળ

(એજન્સી) વાપી | તા.04

વાપીમાં દમણગંગા નદી કિનારે પિતૃ તર્પણની વિધિ કરતી વખતે એક કરુણ ઘટના સામે આવી છે. વિધિ દરમિયાન અચાનક પગ લપસી જતાં પરિવારના બે બાળકો એક પછી એક નદીમાં ખાબક્યા હતા. જોકે, એક બાળકને બચાવી લેવાયો હતો, પરંતુ 10 વર્ષીય બાળક ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી શોધખોળ આદરી છે. મળતી માહિતી અનુસાર, વાપીના સુલપડ વિસ્તારમાં રહેતા લુણારામ પરિવાર સાથે શનિવારે (ત્રીજી ઓક્ટોમ્બર) સાંજે વાપી હાઈવે પર આવેલા મુક્તિધામ નજીક દમણગંગા નદી કિનારે પિતૃ શ્રાદ્ધ વિધિ કરવા ગયા હતા. પરિવારજનો નદી કિનારે વિધિ કરી રહ્યા હતા, આ દરમિયાન અચાનક રમતાં-રમતાં બે બાળકોનો પગ સ્લીપ થતાં તે નદીના પાણીમાં પડ્યા હતા.

---

# વાસણ (ધાણધા) ગામે આંગણવાડી કેન્દ્રો ખાતે 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' યોજાયો

પાલનપુર : આઈ.સી.ડી.એસ. પાલનપુર ઘટક-૨ હેઠળ વાસણ (ધાણધા) ગામ ખાતે આવેલા વિવિધ આંગણવાડી કેન્દ્રો પર વિકસિત ભારત જન સેવા અભિયાન અંતર્ગત "આંગણ મિલન સેવા કાર્યક્રમ"ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકોને સુખડી અને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. અતિ કુપોષિત બાળકો તેમજ તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામોનું વિતરણ અને પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનો સંદેશ તથા કિશોરી સંદેશનું વાચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોના પોષણ, આરોગ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, પોષણ માસ અંતર્ગત ઉપસ્થિત સૌને પોષણ શપથ લેવડાવવામાં આવી હતી.આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો અને આશાવર્કર બહેનો દ્વારા કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આંગણ મિલન સેવા કાર્યક્રમ થકી બાળકોના પોષણ અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવવા તેમજ સગર્ભા-ધાત્રી માતાઓ અને કિશોરીઓના આરોગ્ય તથા સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે નિતાબેન રામચંદ્રભાઈ દરજી, રામસિંહ સોલંકી, ગજુસિંહ ડાભી, માલાભાઈ ગમાર, સરપંચશ્રી લીલાબેન ઠાકોર, આઈ.સી.ડી.એસ. તાલુકા પંચાયતના કિરણભાઈ લુટયા, એન.એન.એમ. બ્લોક કોઓર્ડિનેટર, આચાર્યશ્રી મનુભાઈ પરમાર, CHO નિશાબેન, FHW કવિતાબેન, MPHW પિયુષભાઈ પરમાર સહિત આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનો, આશાવર્કર બહેનો, સગર્ભા અને ધાત્રી માતાઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



---

**મોનિટરિંગ ટીમ તૈનાત**

# ઉમરગામ-નારગોલ બીચ પર ગંદકી કરનારને ₹1000 દંડ ફટકારાશે



(એજન્સી) વલસાડ | તા.04

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉમરગામ અને નારગોલ દરિયાકિનારાને બ્લ્યુ ફ્લેગ બીચ બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. હવે બીચ પર પ્લાસ્ટિકની વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે. ગંદકી કરનારને 1000 દંડ ફટકારાશે, જેના માટે એક ટીમ મોનિટરીંગ કરશે. સ્વચ્છતા જાળવવા સપ્તાહમાં 2 દિવસ સફાઈ ઝુંબેશ ચલાવાય છે. વલસાડના ઉમરગામ અને નારગોલ દરિયાકિનારાને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવાની દિશામાં તંત્રએ કમર કસી છે. બીચ પર ગંદકી ફેલાવનારાઓ પાસેથી રૂ.1 હજારનો દંડ વસુલ કરાશે. જે માટે એક ટીમ સતત બીચ પર મોનિટરીંગ કરતી રહેશે. સાથે પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ બીચ પર લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉમરગામ અને નારગોલ દરિયાકિનારાને બ્લ્યુ ફ્લેગ બીચ તરીકે વિકસાવવા માટે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો આદરવામાં આવ્યા છે. જે માટે જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા બંને બીચ પર જાતમુલાકાત લઈ જરૂરી સુચનો અને પ્રસ્તાવો મુક્યા હતા. જે બાદ તેનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. બંને દરિયાકિનારાને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સપ્તાહમાં બે દિવસ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આજે(3 ઓક્ટોબર) ઉમરગામ બીચ ખાતે પ્રાંત અધિકારીની આગેવાનીમાં ઔદ્યોગિક એકમોના કર્મચારીઓ સાથે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

---

**અભયમ ૧૮૧ ની સમજાવટ અને સચોટ માર્ગદર્શન નાં પરિણામે આખરે પતિએ પોતાની ભૂલનો સ્વીકાર કરી**

# ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અભયમ ૧૮૧ ટીમ દ્વારા પીડિત મહિલાનું સચોટ વ્યક્તિગત કાઉન્સિલિંગ કરવામાં આવ્યું

| દિપક રાવલ દાહોદ લીમખેડા




દાહોદ જિલ્લાનાં શિગવડ તાલુકામાંથી એક પીડિત મહિલાએ પોતાના વ્યસની પતિનાં ત્રાસ, હેરાનગતિ અને મારઝૂડ સામે રક્ષણ મેળવવા માટે અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. મહિલાની આ આપવીતી મળતાની સાથે જ અભયમ ૧૮૧ લીમખેડા ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી બંને પક્ષોની વાતને ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં સાંભળી હતી.મહિલાએ કાઉન્સિલરોને જણાવ્યું હતું કે તેમને ત્રણ સંતાનો (બે દીકરીઓ અને એક દીકરો) છે અને તેમના પતિ મજૂરી કામ કરતા હોવા છતાં વ્યસનની લતને કારણે ઘરખર્ચ કે પરિવારની જવાબદારીઓ ઉપાડતા ન હતાં. ઊલટાનું, વ્યસનની હાલતમાં ઘરે આવીને અવારનવાર પરિવાર સાથે અયોગ્ય વર્તન, ઝગડા અને મારઝૂડ કરતા હતાં, જેના કારણે અગાઉ પરિવારનાં સભ્યને ગંભીર ઈજા પહોંચતા સારવાર લેવાની નોબત પણ આવી હતી.આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અભયમ ૧૮૧ ટીમ દ્વારા પીડિત મહિલાનું સચોટ વ્યક્તિગત કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું, જેમાં તેમને તેમની પોતાની સુરક્ષા, કાયદાકીય અધિકારો તથા ઉપલબ્ધ સહાય અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ પછી, પતિનું પણ અલગથી કાઉન્સિલિંગ કરીને તેમને વ્યસનના કારણે પરિવાર પર પડતી નકારાત્મક અસરો, પિતા તથા પતિ તરીકેની જવાબદારીઓ અને પત્ની તથા બાળકો પ્રત્યે સન્માનપૂર્વક વર્તન કરવા અંગે કડક અને સાચી દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતુંટીમ દ્વારા બંને પક્ષોને ઘરેલુ હિંસા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અને મહિલા સુરક્ષાનાં અધિકારો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં, તેમજ પતિને વ્યસન મુક્ત થવા માટે જરૂરી માર્ગદર્શન આપી ભવિષ્યમાં કોઈપણ પ્રકારની હેરાનગતિ કે મારઝુડ ન કરવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી. અભયમ ૧૮૧ ની સમજાવટ અને સચોટ માર્ગદર્શન નાં પરિણામે આખરે પતિએ પોતાની ભૂલનો સ્વીકાર કરી પત્નીની માફી માંગી હતી અને ભવિષ્યમાં ક્યારેય વ્યસનની હાલતમાં અયોગ્ય વર્તન ન કરવા અંગે લેખિત બાંહેધરી આપી હતી. આમ, અભયમ ૧૮૧ લીમખેડા ની ટીમ દ્વારા દર્શાવવામાં આવેલી ત્વરિત તત્પરતા, સંવેદનશીલતા અને ઉત્કૃષ્ટ કાઉન્સિલિંગ કૌશલ્યને કારણે એક વસમીસમી કટોકટીનો સુખદ અંત આવ્યો હતો અને પરસ્પર સમજૂતીથી પરિવારનું વિખેરાતું ઘર બચી ગયું હતું. મહિલાઓની મુશ્કેલીઓના સમયે દેવદૂત બનીને વહારે આવતી અભયમ ૧૮૧ ની ટીમની આ સરાહનીય અને પ્રશંસનીય કામગીરી ખરેખર સમગ્ર સમાજ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે.

---

**વિદ્યાર્થીનીઓના આ ઉત્તમ પ્રદર્શન બદલ**

# જિલ્લા કક્ષાના સમારંભમાં પ્રમાણપત્ર આપી સન્માનિત

કમલેશ પટેલ. સંખેડા



વિકસિત ભારત-2047 જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ડી. બી. પારેખ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓનો ડંકો છોટાઉદેપુર જિલ્લા કક્ષાની સેવા સંકલ્પ અભિયાન વિકસિત ભારત અંતર્ગત યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં સંખેડા તાલુકાની ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડાની વિદ્યાર્થીની સાક્ષી ડી ચૌહાણ ઉ. મા. વિભાગ મા પ્રથમ નંબર તથા માધ્યમિક વિભાગમાં નેહા આર બારીયા તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારવા બદલ આચાર્યશ્રી ચિરાગ શાહ તથા શાળા પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આનંદકુમાર પરમાર સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી વિજેતા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓના આ ઉત્તમ પ્રદર્શન બદલ જિલ્લા કક્ષાના સમારંભમાં પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ બંને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવી ભવિષ્યમાં રાજ્ય કક્ષાએ પણ છોટાઉદેપુર જિલ્લાનું ગૌરવ વધારવા શુભેચ્છાઓ આપી હતી. વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિથી શાળા પરિવાર, વાલીઓ તેમજ સમગ્ર મેવાસ વિસ્તાર ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.

### રોકડામાં મોટાપાયે લેતી-દેતી : બેરોકટોક ગ્રે માર્કેટ ફેક પ્રીમિયમ બોલાવી ઈન્વેસ્ટરોને જાળમાં ફસાવતી સિન્ડિકેટ

# IPO-પ્રાઈમરી માર્કેટની આડમાં ડબ્બા ટ્રેડિંગ જેવું દૂષણ બેફામ બન્યું

મુંબઈ : ઈન્વેસ્ટરોને કંપનીઓના ફંડામેન્ટલ હોય કે ન હોય પ્રાઈમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવી આપવાથી લઈને ઈસ્યુઓ છલકાવી દેવાની તમામ સગવડ કરી આપવાની 'ગેરકાયદે' સિન્ડિકેટ મોટાપાયે સક્રિય બનીને રોકાણકારોને પોતાની બિછાવેલી જાળમાં બેરોકટોક ફસાવી રહી છે. આ માટે આઈપીઓ-પ્રાઈમરી માર્કેટની આડમાં બેરોકટોક ગ્રે માર્કેટ ફેક પ્રીમિયમ બોલાવીને રોકાણકારોને જાળમાં ફસાવવા ડબ્બા ટ્રેડિંગ જેવું દૂષણ બેફામ બન્યું છે.આઈપીઓ લાવવાનું કંપની દ્વારા જાહેર થવાની સાથે આ સિન્ડિકેટ દ્વારા કમિશન ધોરણે એપ્સ પર ફેક પ્રીમિયમ છપાવવાની શરૂઆત કરી દઈને ફેક એપ ઓપરેટરો, પ્રમોટરોની મીલિભગત થકી ઊંચા પ્રીમિયમ બોલાવાનો ખેલ શરૂ કરાય છે. જેને જોઈને રિટેલ રોકાણકારો અંજાઈ જઈને આઈપીઓમાં અરજીઓ કરવા દોટ લગાવતા હોય છે. ઈન્વેસ્ટરોને પણ આવી સિન્ડિકેટ ફોર્મ ભરવા લલચાવવા




જો એસએમઈ આઈપીઓમાં શેર લાગ્યા તો, અરજી દીઠ ૨૫, ૫૦ હજાર જેવી માતબર રકમ ચૂકવવામાં આવશે એવી મૌખિક બાંયધરી આપતાં હોવાનું આ પ્રકારે આઈપીઓને અનેકગણા છલકાવી દેવા રીતસરનું ઓપરેશન પાર પડાતું હોવાનું કહેવાય છે. ઈસ્યુ અનેકગણા છલકાવાની સાથે શેરો લાગવાનું પ્રમાણ મર્યાદિત બની જતાં આ સિન્ડિકેટ કે ઓપરેટર દ્વારા અમુકને રકમની રોકડમાં લેતી-દેતી કરી દેવા સામે અન્ય અનેક રિટેલ રોકાણકારો આ આયોજનબદ્ધ બિછાવાતી જાળમાં ફસાઈ જતાં હોય છે.રિટેલ રોકાણકારોને ઈસ્યુઓમાં રોકાણ કરવા તાણી લાવવા, લાલચનો એવો માહોલ ઊભો કરાતો હોય છે કે, ઈન્વેસ્ટરો ઈસ્યુમાં રોકાણ કરવા મજબૂર બની જતાં હોય છે. જેની પાછળ ગ્રે માર્કેટમાં બોલાવવામાં આવતાં ફેક પ્રીમિયમ પ્રમુખ હોય છે. સિન્ડિકેટ દ્વારા જ ફેક આઈપીઓ પ્રીમિયમ એપ કે પ્લેટફોર્મ ઊભા કરીને ટકાવારીમાં કમિશન લઈ પૂરેપૂરો ઈસ્યુ ગેરકાયદેસર રીતે અન્ડરાઈટ કરવાનો અને રિટેલરોને બાટલીમાં ઉતારવાનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનું કહેવાય છે.ગ્રે માર્કેટમાં આઈપીઓ પૂર્વે બોલાવાતું ફેક પ્રીમિયમ વાસ્તવમાં ઈસ્યુ ખુલતા સમયે ઘટી જતું હોવાનું અને ઘણા કિસ્સામાં ઈસ્યુ બંધ થવા સમયે ડિસ્કાઉન્ટ બોલાવા લાગતું હોવાનું તાજેતરમાં જોવાયું છે. અહીં પ્રમોટરો પોતાને જોઈતી મૂડીનો વેત થઈ જાય છે, અને ઓપરેટરોની સિન્ડિકેટને ઈસ્યુ પાર પાડવા માટે લખલૂંટ કમિશન મળી જાય છે, જ્યારે રિટેલ ઈન્વેસ્ટરોને ગળામાં શેરો ફસાઈ જતાં હોય છે. એક તરફ નિયામક તંત્ર દ્વારા વર્ષોથી ડબ્બા ટ્રેડિંગના દૂષણને ડામવા માટે વખતોવખત પગલાં લેવાતા હોય છે, ત્યારે અત્યારે જ્યારે આઈપીઓ થકી પ્રાઈમરી માર્કેટમાંથી અબજો રૂપિયા એકત્ર કરી લેવાની હોડ ચાલી છે અને રેકોર્ડ મૂડી એકત્ર કરવામાં આવી રહી છે, ત્યારે પ્રી અને પોસ્ટ આઈપીઓ ઈસ્યુઓના ફોર્મ-અરજીઓના નામે બેફામ બનેલા ડબ્બા ટ્રેડિંગ જેવા દૂષણને પણ ડામવું એટલું જ જરૂરી બની ગયું છે.અન્યથા પ્રમોટર-ઓપરેટરોની સિન્ડિકેટ દ્વારા આ કથિત ઓપરેશનમાં અનેક રોકાણકારો પ્રાઈમરી માર્કેટની ફાટમફાટ તેજીની જાળમાં ફસાઈ જશે અને બજાર પરનો રોકાણકારોનો વિશ્વાસ ઊઠી જશે. મુંબઈમાં IPO-પ્રાઈમરી માર્કેટની આડમાં ગેરકાયદેસર સિન્ડિકેટ સક્રિય બની છે. તેઓ રોકાણકારોને ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમ અને ડબ્બા ટ્રેડિંગ દ્વારા ફસાવે છે. કમિશન એજન્ટો નકલી એપ દ્વારા ઊંચા પ્રીમિયમ બોલાવી રિટેલ રોકાણકારોને લલચાવે છે.

# વારંવાર PF ક્લેમ રિજેક્ટ થઈ રહ્યું છે? 10 કારણો પર ધ્યાન આપી ભૂલ કરતાં બચો

(એજન્સી) નવી દિલ્હી | તા.04

EPFO પોર્ટલ દ્વારા PF ઉપાડતી વખતે, નાની ભૂલોને કારણે ક્લેમ રિજેક્ટ થઈ શકે છે. UAN અને આધાર વિગતોમાં તફાવત, ખોટી બૅંક વિગતો, KYC અધૂરું હોવું કે નામ-જન્મતારીખમાં અસમાનતા મુખ્ય કારણો છે. જો ક્લેમ રિજેક્ટ થાય, તો તાત્કાલિક નવી અરજી ન કરો. પહેલાં રિજેક્શનનું કારણ જાણી, ભૂલો સુધારી અને પછી જ ફરીથી અરજી કરવી હિતાવહ છે. મુશ્કેલ સમયમાં કે આકસ્મિક જરૂરિયાત વખતે પ્રોવિડન્ટ ફંડ(PF)ના નાણાં મોટો સહારો બને છે. મેડિકલ ખર્ચ, લગ્ન પ્રસંગ, નવું ઘર ખરીદવું કે નોકરી બદલવા જેવા પ્રસંગોએ કર્મચારીઓ EPFO પોર્ટલ મારફતે PF ઉપાડવા માટે ઓનલાઈન અરજી કરતાં હોય છે. પરંતુ ઘણી વખત કોઈ મોટી ભૂલ ન હોવા છતાં, નાની-નાની વિગતોમાં રહેલી ખામીઓને કારણે PF ક્લેમ અસ્વીકાર થઈ જાય છે. જો તમારો ક્લેમ પણ રિજેક્ટ થયો હોય, તો ફરીથી અરજી કરતાં પહેલાં તેના મુખ્ય કારણો અને ઉપાયો જાણી લેવા ખૂબ જરૂરી છે.

### PF ક્લેમ રિજેક્ટ થવાના 10 મુખ્ય કારણો

1. UAN અને આધાર વિગતોમાં તફાવત: યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) અને આધાર કાર્ડમાં નોંધાયેલી વિગતો જેવી કે નામ, જન્મતારીખ કે અન્ય મહત્ત્વપૂર્ણ માહિતીમાં સહેજ પણ મેળ ન ખાતો હોય, તો વેરિફિકેશન અટકી જાય છે. માત્ર સ્પેલિંગની ભૂલ કે જન્મતારીખમાં નજીવો તફાવત પણ ક્લેમ રદ કરાવી શકે છે.
2. બૅંક એકાઉન્ટની ખોટી વિગતો: PFના નાણાં હંમેશાં EPFO રૅકોર્ડમાં ચકાસાયેલા બૅંક ખાતામાં જ જમા થાય છે. જો બૅંક ખાતા નંબર, IFSC કોડ કે ખાતાધારકના નામના સ્પેલિંગમાં ભૂલ હશે, તો ક્લેમ સીધો રિજેક્ટ થઈ જશે.
3. બૅંક ખાતું બંધ કે નિષ્ક્રિય હોવું: જો EPFO પોર્ટલ સાથે લિંક કરેલું બૅંક એકાઉન્ટ બંધ થઈ ગયું હોય, ફ્રીઝ હોય કે લાંબા સમયથી નિષ્ક્રિય હોય, તો સિસ્ટમ નાણાં ટ્રાન્સફર કરી શકતી નથી. તેથી અરજી કરતાં પહેલાં ખાતું સક્રિય હોવાની ખાતરી કરવી જરૂરી છે.
4. KYC અધૂરું કે અનવેરિફાઈડ હોવું: આધાર, બૅંક ખાતું અને પાન કાર્ડ જેવી તમામ જરૂરી વિગતોનું KYC પૂર્ણ અને EPFO પોર્ટલ પર વેરિફાઈ થયેલું હોવું અનિવાર્ય છે. જો KYC સ્ટેટસ પેન્ડિંગ હોય તો ક્લેમ આગળ વધતો નથી.
5. વિવિધ દસ્તાવેજોમાં નામ કે જન્મતારીખમાં તફાવત: આધાર, EPFO પોર્ટલ અને બૅંક ખાતાની પાસબુકમાં જો નામ કે જન્મતારીખ અલગ-અલગ રીતે લખાયેલા હશે, તો ડેટા મેચિંગ નિષ્ફળ જશે અને ક્લેમ ફગાવી દેવામાં આવશે.
6. કંપનીના રૅકોર્ડમાં ભૂલ: ઘણીવાર ભૂલ કર્મચારીની નહીં પરંતુ કંપની તરફથી પણ થતી હોય છે. કંપની દ્વારા નોકરી શરૂ કર્યાની કે નોકરી છોડ્યાની તારીખ ખોટી દાખલ થઈ હોય, તો ક્લેમ અટકી શકે છે. આ માટે કંપનીના HR વિભાગનો સંપર્ક કરવો પડે છે.
7. એક્ઝિટ ડેટ અપડેટ ન હોવી: નોકરી છોડ્યા પછી પણ જો EPFO રૅકોર્ડમાં 'ડેટ ઓફ એક્ઝિટ' નોંધવામાં ન આવી હોય, તો અમુક પ્રકારના ફુલ એન્ડ ફાઈનલ વિડ્રોઅલ શક્ય બનતા નથી. સારી વાત એ છે કે કર્મચારી પોતે EPFO મેમ્બર પોર્ટલમાં લોગિન કરીને પોતાની એક્ઝિટ ડેટ અપડેટ કરી શકે છે.
8. ખોટો ફોર્મ કે કારણ પસંદ કરવું: PF ઉપાડવાના અલગ-અલગ હેતુઓ (જેમ કે એડવાન્સ, બીમારી, બાંધકામ કે ફુલ સેટલમેન્ટ) માટે અલગ-અલગ ફોર્મ અને નિયમો હોય છે. ખોટો ક્લેમ ટાઈપ કે ખોટું કારણ સિલેક્ટ કરવાથી અરજી નામંજૂર થઈ જાય છે.
9. જૂનો ક્લેમ કે ટ્રાન્સફર પેન્ડિંગ હોવું: જો અગાઉ કરેલી કોઈ ક્લેમ અરજી હજુ પેન્ડિંગ હોય અથવા જૂની કંપનીમાંથી નવી કંપનીમાં PF ટ્રાન્સફર પ્રક્રિયા ચાલી રહી હોય, તો નવો ક્લેમ સબમિટ કરવાથી સિસ્ટમ તેને અટકાવી શકે છે.
10. વિડ્રોઅલની પાત્રતા કે શરતો પૂરી ન થવી: દરેક પ્રકારના PF ઉપાડ માટે ચોક્કસ સેવા અવધિ અને નિયમો નક્કી હોય છે. જો તમે તે ચોક્કસ શરતો પૂરી ન કરતા હોવ છતાં ક્લેમ કરો, તો અરજી રદ થઈ જાય છે.

### ક્લેમ રિજેક્ટ થાય તો તાત્કાલિક શું કરવું?

સીધી નવી અરજી ન કરો: ક્લેમ રિજેક્ટ થતાં જ ઉતાવળે ફરીથી અરજી ન કરવી. રિજેક્શનનું કારણ તપાસો: સૌથી પહેલાં EPFO પોર્ટલ પર લોગિન કરી 'Track Claim Status' માં જઈને અસ્વીકારનું ચોક્કસ કારણ વાંચો. ભૂલ સુધારો: UAN, બૅંક વિગતો, KYC, સ્પેલિંગ કે એક્ઝિટ ડેટમાં જે પણ ખામી હોય તેને સુધારો. જો કંપની સ્તરે ભૂલ હોય તો HR પાસે સુધારો કરાવો.

## News Brief

### SBIની આ સ્કીમમાં દર મહિને માત્ર ₹610ની બચતથી બનાવો લાખોનું ફંડ

(એજન્સી) નવી દિલ્હી | તા.04

જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છો, તો SBIની 'હર ઘર લખપતિ' યોજનામાં રોકાણ કરી શકો છો. આ યોજનામાં હાલમાં વાર્ષિક 6.7% વ્યાજ મળી રહ્યું છે.તમે તમારા બાળકના નામે આ યોજનામાં રોકાણ કરીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક ખાસ નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ.આ યોજના રિકરિંગ ડિપોઝિટ એટલે કે RDનો જ એક પ્રકાર છે. RD મોટી બચત કરવામાં તમારી મદદ કરી શકે છે. તમે તેનો ઉપયોગ ગુલ્લકની જેમ કરી શકો છો. એટલે કે, દર મહિને પગાર આવ્યા બાદ તેમાં એક નિશ્ચિત રકમ જમા કરતા રહો અને તેની મુદત પૂરી થયા બાદ તમારા હાથમાં મોટી રકમ હશે.હર ઘર લખપતિ યોજનાની મેચ્યોરિટી અવધિ 3 વર્ષથી 10 વર્ષ સુધીની હોય છે. એટલે કે, તમે 3 વર્ષથી 10 વર્ષ સુધીના સમયગાળા માટે રોકાણ કરી શકો છો.આમાં કોઈપણ વ્યક્તિ એકલા અથવા સંયુક્ત ખાતું ખોલી શકે છે. ઉપરાંત, 10 વર્ષથી વધુ ઉંમરના બાળકના નામે પણ ખાતું ખોલી શકાય છે, જોકે આવું ત્યારે જ શક્ય બનશે જ્યારે તે સારી રીતે સહી કરી શકતું હોય. જો આવું ન હોય તો તેણે પોતાના માતા-પિતા અથવા વાલી સાથે ખાતું ખોલવું પડશે. જો તમે 5 વર્ષમાં 1 લાખનું ફંડ તૈયાર કરવા માંગતા હો, તો તમારે દર મહિને તમારા પુત્રના નામે 1,420 રૂપિયા જમા કરવા પડશે. જ્યારે તમે 10 વર્ષમાં 1 લાખનું ફંડ તૈયાર કરવા માંગતા હો, તો દર મહિને 610 રૂપિયા જમા કરવા પડશે.

### માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પર થનારી અસરનું મૂલ્યાંકન કેસ-ટુ-કેસ આધારે કરવું પડશે

# દુષ્કાળ વચ્ચે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં MFIs સાવચેત બની

અમદાવાદ : કર્ણાટક અને મહારાષ્ટ્રમાં મોટો વ્યાપ ધરાવતી માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ (MFIs)ને લોન મંજૂર કરતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે, જેથી એનપીએ (ડિફોલ્ટ) થવાની નવી શક્યતાઓને ટાળી શકાય. આ બંને રાજ્યો ભારતના ચોથા અને પાંચમા સૌથી મોટા માઈક્રોફાઈનાન્સ બજારો છે અને બંને રાજ્ય સરકારોએ પોતાના મોટાભાગના વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કર્યો છે.મહારાષ્ટ્ર સરકારે ગયા અઠવાડિયે રાજ્યના ૩૫૮ તાલુકાઓમાંથી ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યો હતો, જે રાજ્યના લગભગ ૭૪% વિસ્તારને આવરી લે છે. કર્ણાટક પણ ગંભીર દુષ્કાળનો સામનો કરી રહ્યું છે, જ્યાં સત્તાવાર રીતે ૧૭૭ તાલુકાઓને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે.માઈક્રોફાઈનાન્સ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર એક મહત્વનું માઈક્રોફાઈનાન્સ માર્કેટ છે. જૂન ૨૦૨૩ સુધીમાં આશરે ૪.૫૯ મિલિયન (૪૫.૯ લાખ) અનન્ય ઋણધારકો (બોરોઅર્સ) અને રૂ. ૨૪,૦૮૭ કરોડની બાકી લોન સાથે તે આ માપદંડના આધારે ટોચના પાંચ રાજ્યોમાં સ્થાન ધરાવે છે.જ્યારે દુષ્કાળ જાહેર થાય છે, ત્યારે રાજ્ય સ્તરની બેંકર્સ કમિટી આરબીઆઈ (RBI)ની માર્ગદર્શિકા અનુસાર રાહત પગલાં અંગે નિર્ણય લે છે, જે સામાન્ય રીતે કૃષિ લોનને લાગુ પડે છે. સુત્રોએ જણાવ્યું હતું કે, જોકે માઈક્રોફાઈનાન્સ લોન સીધી ખેતી/પાક ઉત્પાદન માટે હોતી નથી, પરંતુ અન્ય સંલગ્ન આજીવિકાઓ સાથેના




જોડાણને ધ્યાનમાં રાખીને માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.ઈકરા એ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મોટા પ્રમાણમાં પોર્ટફોલિયો ધરાવતી માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ અને એનબીએફસીમાં લોનની ચુકવણીમાં વિલંબ વધી શકે છે. જોકે, તેની અસરનું મૂલ્યાંકન કેસ-ટુ-કેસ આધારે કરવું પડશે.ઈકરા એ ચુકવણીમાં થતા ઘટાડા, અસ્કયામતોની ગુણવત્તામાં સુધારો, ધિરાણ ખર્ચમાં ઘટાડો અને લોન વિતરણમાં થયેલા વધારાને ટાંકીને નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા માટે માઈક્રોફાઈનાન્સ ક્ષેત્રના આઉટલુકને 'નેગેટિવ'માંથી સુધારીને 'સ્ટેબલ' કર્યું છે.

### Nvidiaના બોસ જેન્સન હુઆંગની સંપત્તિ પહોંચી ₹19.70 લાખ કરોડ, એક જ દિવસમાં ₹45,000 કરોડનો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.04

Nvidiaના કો-ફાઉન્ડર અને CEO જેન્સન હુઆંગની સંપત્તિ ફરી એકવાર $200 બિલિયનની સપાટી પાર કરી ગઈ છે. ફોર્બ્સના રિયલ-ટાઈમ બિલિયોનેર અંદાજ મુજબ શુક્રવારે એક સમયે તેમની સંપત્તિ $204.5 બિલિયન સુધી પહોંચી હતી. ભારતીય રૂપિયામાં આ રકમ અંદાજે 19.70 લાખ કરોડ થાય છે. આ સાથે હુઆંગ દુનિયાના 7મા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. Nvidiaના શેરમાં જોરદાર ઉછાળો આવતા હુઆંગની સંપત્તિમાં પણ મોટો વધારો થયો. શુક્રવારે તેમની સંપત્તિમાં લગભગ $4.7 બિલિયન, એટલે કે અંદાજે 45,300 કરોડનો વધારો થયો હતો. Nvidiaનો શેર એક સમયે $237થી ઉપર પહોંચી ગયો હતો. ભારતીય રૂપિયામાં આ શેરની કિંમત અંદાજે 22,800થી વધુ થાય છે. બાદમાં શેરમાં થોડો ઘટાડો થયો હતો, પરંતુ તે છતાં શેર 2%થી વધુના વધારા સાથે $236.13 આસપાસ હતો.

Nvidiaના શેરમાં આ ઉછાળા પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ક્ષેત્રમાં વધતી માંગ મહત્વનું કારણ છે. Nvidia AI માટે ઉપયોગમાં લેવાતી અદ્યતન ચિપ્સ અને GPU બનાવતી દુનિયાની સૌથી મહત્વની કંપનીઓમાં સામેલ છે. તાજેતરમાં Morgan Stanleyએ Nvidiaને સેમિકન્ડક્ટર ક્ષેત્રની પોતાની ટોચની પસંદગીમાં ફરી સામેલ કરી હતી. AI એજન્ટ્સના વધતા ઉપયોગથી સેમિકન્ડક્ટર અને AI ચિપ્સની માંગ વધવાની આશા પણ બજારમાં Nvidiaના શેરને ટેકો આપી રહી છે.જેન્સન હુઆંગે 1993માં Nvidiaની સ્થાપના કરી હતી. તેઓ ત્યારથી કંપનીના CEO અને પ્રેસિડેન્ટ છે. ફોર્બ્સના જણાવ્યા મુજબ હુઆંગ પાસે Nvidiaના આશરે 4% શેર છે. એટલે કંપનીના શેરના ભાવમાં વધારો થાય ત્યારે તેમની વ્યક્તિગત સંપત્તિ પર પણ સીધી અસર પડે છે. Nvidia હવે AI બૂમની સૌથી મોટી લાભાર્થી કંપનીઓમાંની એક બની છે. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ $5.7 ટ્રિલિયન, એટલે કે આશરે 549 લાખ કરોડ સુધી પહોંચ્યું છે. કંપની અગાઉ $5 ટ્રિલિયન માર્કેટ કેપિટલાઈઝેશન પાર કરનારી પ્રથમ જાહેર કંપની બની હતી.

### ક્લોઝિંગ ઓક્શન સેશન માટે સેબી ટૂંકમાં નવું માળખું જાહેર કરશે

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ટૂંક સમયમાં પ્રસ્તાવિત ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) મિકેનિઝમમાં ફેરફારો અંગેનું માળખું જાહેર કરશે. સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ આજે જણાવ્યું હતું કે, સેબીને તેના કન્સલ્ટેશન પેપર અંગે ૩૫૦૦થી વધુ સૂચનો અને પ્રતિભાવો મળ્યા છે.સેબીએ સીએએસ, ટ્રેડિંગ સમય અને ડેરિવેટિવ કોન્ટ્રાક્ટસના સેટમેન્ટની પદ્ધતિ અંગે કેટલાક ફેરફારો કરવા માટે જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવ્યા હતા. આ અંગે પ્રતિભાવો આપવા માટેની અંતિમ તારીખ ૩, ઓક્ટોબર હતી. અંતિમ માળખું અથવા સર્ક્યુલર ક્યારે જાહેર થશે તે અંગે પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે, સેબી મળેલા પ્રતિભાવોનું ઝડપથી પરીક્ષણ




કરશે અને આગળની પ્રક્રિયા હાથ ધરશે. કોમોડિટી એન્ડ કેપિટલ માર્કેટ્સ પાર્ટિસિપન્ટસ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (સીપીએઆઈ) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પાંડેએ જણાવ્યું હતું કે, આજે અંતિમ તારીખ છે અને સેબી આ તમામ સૂચનોને ઝડપથી જોશે અને આગળની પ્રક્રિયા હાથ ધરશે. આ સાથે તેમણે કહ્યું કે, કન્સલ્ટેશન પેપરના પ્રસ્તાવો સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યા હોવાથી મળેલા પ્રતિભાવોનું સંકલન અને વિશ્લેષણ કરવામાં સેબીને વધારે સમય લાગશે નહીં. ઉલ્લેખનીય છે કે, સેબીએ સપ્ટેમ્બરમાં ક્લોઝિંગ ઓક્શન સેશનના નવા માળખામાં ફેરફાર અને એક્સપાયરીના દિવસે ઈન્ડેક્સ તથા સ્ટોક ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ ભાવ નક્કી કરવાની પદ્ધતિમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સમીક્ષા ઈક્વિટી કેશ સેગ્મેન્ટમાં સીએએસ લાગુ કર્યા બાદ કરવામાં આવી રહી છે. સીએએસના કારણે ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ ભાવ પર પડતી અસર અંગે બજારના વિવિધ વર્ગોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સીએએસનો મુખ્ય હેતુ ઓક્શન પ્રક્રિયા દ્વારા શેરના ક્લોઝિંગ ભાવ નક્કી કરવાનો છે.

## Tata સન્સમાં મોટો ધડાકો: એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક સામે નોએલ ટાટાના આકરા સવાલો

(એજન્સી) નવી દિલ્હી | તા.04

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક અંગે ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે ટાટા સન્સ બોર્ડ પાસે 17 સપ્ટેમ્બરની બેઠકની તમામ કાર્યવાહીના મિનિટ્સ, કાનૂની સલાહનો આધાર અને ઓરિજિનલ વીડિયો રેકોર્ડિંગ સોંપવાની માગ કરી છે. ટાટા સન્સ (Tata Sons) માં ચેરમેન એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક (Re-appointment) ને લઈને શરૂ થયેલો આંતરિક વિવાદ હવે વધુ ઘેરો બનતો જઈ રહ્યો છે. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ટાટા સન્સના બોર્ડને સત્તાવાર ઈમેલ મોકલીને 17 સપ્ટેમ્બરે યોજાયેલી બોર્ડ મીટિંગની તમામ વિગતો, કાર્યવાહીનો સત્તાવાર રેકોર્ડ અને વીડિયો રેકોર્ડિંગ આપવાની માગણી કરી છે. એનડીટીવી પ્રોફિટના અહેવાલ અનુસાર, 30 સપ્ટેમ્બરે મોકલેલા ઈમેલમાં નોએલ ટાટાએ જણાવ્યું છે કે એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂકનો મુદ્દો 17 સપ્ટેમ્બરની બોર્ડ બેઠકના મૂળ એજન્ડામાં સામેલ જ નહોતો. આ વિષય મીટિંગ દરમિયાન માત્ર "NRC (નોમિનેશન એન્ડ રેમ્યુનરેશન કમિટી) દ્વારા બ્રીફિંગ" સમયે અચાનક રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બોર્ડ મીટિંગ પૂરી થયા પછી કાનૂની સલાહ (Legal Opinion) કેમ લેવામાં આવી અને તેનો મુખ્ય આધાર શું હતો તે અંગે પણ તેમણે સ્પષ્ટતા માગી છે.

## RBI Repo Rate : દિવાળી પહેલાં RBI કરી શકે મોટો ધમાકો, MPCની બેઠક પર નજર

(એજન્સી) નવી દિલ્હી | તા.04

ઓક્ટોબરમાં યોજાનારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠક પહેલાં વ્યાજ દરોને લઈને નાણાકીય બજારમાં મોટી હલચલ જોવા મળી રહી છે. 'બિઝનેસ સ્ટાન્ડર્ડ' દ્વારા કરાયેલા પોલમાં 10 માંથી 8 અર્થશાસ્ત્રીઓએ અનુમાન લગાવ્યું છે કે આ વખતે RBI રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટ (0.25%) નો વધારો કરી શકે છે. જો આ નિર્ણય લેવાશે, તો રેપો રેટ 5.25% થી વધીને 5.50% થઈ જશે.RBI ની છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીની બેઠક 5 થી 7 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાવાની છે, અને બેઠકના અંતે 7 ઓક્ટોબરે પોલિસી દરોની જાહેરાત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, RBI એ છેલ્લી ચાર બેઠકોથી રેપો રેટ 5.25% પર યથાવત રાખ્યો છે. આ અગાઉ, વર્ષ 2025 દરમિયાન વ્યાજદરમાં કુલ 125 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરાયો હતો. જો આ વખતે 25 બેસિસ પોઈન્ટનો વધારો થશે, તો ફેબ્રુઆરી 2023 પછી આ પ્રથમ વખત હશે જ્યારે RBI દર વધારશે.રેપો રેટ વધારવાની આશંકા પાછળનું મુખ્ય કારણ સતત વધી રહેલો ફુગાવો છે. ઓગસ્ટ 2026 માં છૂટક મોંઘવારી દર (રિટેલ ઈન્ફ્લેશન) વધીને 4.82% પહોંચ્યો હતો, જે સતત ત્રીજા મહિને RBI ના મધ્યમ ગાળાના 4% ના લક્ષ્યાંકથી ઉપર રહ્યો છે. ખાસ કરીને ખાદ્ય પદાર્થો અને ઊર્જાના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવાનું દબાણ વધ્યું છે. આ ઉપરાંત, ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવો પણ વધીને 9.92% થયો છે, જ્યારે કાચા તેલની વૈશ્વિક કિંમતો અને ભૌગોલિક-રાજકીય (જીઓ-પોલિટિકલ) તણાવ ચિંતા વધારી રહ્યા છે.બીજી તરફ, ભારતીય અર્થતંત્રમાં મજબૂત ગ્રોથ જોવા મળી રહ્યો છે.

## માલ્યાનો દાવો ખોટો! બૅન્કોએ હાઈકોર્ટમાં કહ્યું- હજુ પણ રૂ.8,752 કરોડ બાકી, કેસ રદ નહીં થાય

(એજન્સી) નવી દિલ્હી | તા.04

વિજય માલ્યાએ તાજેતરમાં દાવો કર્યો હતો કે બૅન્કોએ તેમના પરના દેવા કરતાં વધુ રકમ વસૂલ કરી લીધી છે. હવે સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા (SBI)ના નેતૃત્વ હેઠળના બૅન્કોના જૂથે કોર્ટમાં આ દાવા સામે પોતાનો વિગતવાર જવાબ રજૂ કર્યો છે. બૅન્કોના જણાવ્યા મુજબ, 31 ઑગસ્ટ, 2026 સુધી માલ્યા સાથે જોડાયેલા મામલામાં અંદાજે 8,752 કરોડની રકમ હજુ પણ ચૂકવવાની બાકી છે. બીજી



તરફ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ(ED) સ્પષ્ટ કર્યું છે કે સંપત્તિઓની રિકવરી થવાથી મની લોન્ડ્રિંગનો ફોજદારી કેસ આપમેળે પૂરો થઈ જતો નથી.મીડિયા રિપોર્ટ્સ મુજબ, એસબીઆઈની આગેવાની હેઠળના બૅન્કોના સમૂહે બોમ્બે હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કરીને વિગત આપી છે કે અત્યાર સુધી કેટલી રકમ વસૂલ થઈ છે. બૅન્કોએ જણાવ્યું કે ડેટ રિકવરી ઑફિસર દ્વારા લગભગ 10,270 કરોડની અસ્થાયી વસૂલાત થઈ છે, જ્યારે ડેટ રિકવરી ટ્રિબ્યુનલ(DRT)માં કેસ દાખલ થતા પહેલા 544.58 કરોડ વસૂલવામાં આવ્યા હતા. જોકે, બૅન્કોનું સ્પષ્ટ કહેવું છે કે માત્ર વસૂલાતના આંકડા જોઈને એવું ન કહી શકાય કે સંપૂર્ણ દેવું ચૂકવાઈ ગયું છે. જાન્યુઆરી 2026માં બૅન્કોએ 8,135.63 કરોડ બાકી હોવાની માહિતી આપી હતી, જે વ્યાજ અને અન્ય રકમો ઉમેરાતા 31 ઑગસ્ટ, 2026 સુધી વધીને 8,751.86 કરોડ થઈ ગઈ છે. આમાં કાનૂની અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થતો નથી.કિંગફિશર એરલાઈન્સના સ્થાપક વિજય માલ્યાએ 2020માં બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે બૅન્કોએ મૂળ દેવા કરતાં વધુ રકમ વસૂલ કરી લીધી છે, તેથી તેમની સામે ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી બંધ થવી જોઈએ. માલ્યાને જાન્યુઆરી 2019માં ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા.આ બાબતે EDએ કોર્ટમાં જણાવ્યું છે કે એસબીઆઈને અંદાજે 14,132 કરોડની સંપત્તિઓ પરત અપાઈ ચૂકી છે, પરંતુ સંપત્તિ પાછી મળવાથી કે દેવું વસૂલ થવાથી મની લોન્ડ્રિંગનો ગુનો આપમેળે નાબૂદ થતો નથી. નાણાકીય લેણદેણ અને ફોજદારી આરોપો પર કાનૂની કાર્યવાહી હેઠળ અલગથી નિર્ણય લેવો જરૂરી છે.

### IIM અમદાવાદનો સર્વે 1100 કંપનીઓના મંતવ્યો લેવામાં

# આગામી એક વર્ષમાં ફુગાવાનો દર 5 ટકાની અંદર રહેવાની શક્યતા

(એજન્સી) અમદાવાદ | તા.04

આઈઆઈએમ અમદાવાદના સર્વે મુજબ, આગામી એક વર્ષમાં મોંઘવારીનો દર 5 ટકાથી નીચે રહેશે. દેશની 1100 ઉત્પાદક કંપનીઓએ આ આશાવાદ વ્યક્ત કર્યો છે. ઓગસ્ટમાં પૂર્ણ થયેલા 112મા રાઉન્ડના સર્વેમાં કંપનીઓએ ઉત્પાદન ખર્ચમાં 4.84% અને ગ્રાહક ફુગાવામાં 4.63% વધારાનો અંદાજ મૂક્યો છે. વેચાણ અને નફામાં પણ સુધારો જોવા મળ્યો છે. આગામી એક વર્ષ દરમિયાન ફુગાવો (મોંઘવારીનો દર) 5 ટકાથી નીચે રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અગ્રણી શિક્ષણ સંસ્થા આઈઆઈએમ અમદાવાદ દ્વારા કરવામાં આવેલા તાજેતરના 'બિઝનેસ ઈન્ફ્લેશન એક્સપેક્ટેશન્સ સર્વે' (BIES)માં દેશની અંદાજે 1100 જેટલી ઉત્પાદક કંપનીઓએ આ



આશાવાદ વ્યક્ત કર્યો છે.IIM અમદાવાદના મિશ્રા સેન્ટર ફોર ફાઈનાન્સિયલ માર્કેટ એન્ડ ઈકોનોમી દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેનો ઓગસ્ટ મહિનામાં 112મો રાઉન્ડ પૂર્ણ થયો હતો. આ સર્વેમાં સામાન્ય ગ્રાહકોને બદલે મુખ્યત્વે ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર) સાથે જોડાયેલી 1100થી વધુ કંપનીઓના મંતવ્યો લેવામાં આવ્યા હતા.ઓગસ્ટ મહિનાના આ સર્વેમાં કંપનીઓએ આગામી એક વર્ષમાં પોતાના ઉત્પાદન ખર્ચમાં સરેરાશ 4.84 ટકાનો વધારો થવાની ધારણા દર્શાવી છે, જે જુલાઈમાં 4.94 ટકા હતી. સતત ત્રણ મહિનાથી કંપનીઓની ખર્ચ વધારા અંગેની ધારણા 5 ટકાથી નીચે રહી છે.

ગ્રાહકો માટે ચીજવસ્તુઓના ભાવ વધારા અંગે કંપનીઓએ આગામી વર્ષે ફુગાવો 4.63 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે, જે જૂન મહિનામાં 4.56 ટકા હતો.સર્વેના આંકડા અનુસાર, 10 ટકાથી વધુ ખર્ચ વધ્યો હોવાનું જણાવતી કંપનીઓનો હિસ્સો 21 ટકાથી ઘટીને 16 ટકા થઈ ગયો છે. 6થી 10 ટકા જેટલો ખર્ચ વધ્યો હોવાનું જણાવતી કંપનીઓ 23 ટકાથી વધીને 25 ટકા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે ખુબ મોટો ખર્ચવધારો અનુભવતી કંપનીઓની સંખ્યા ઘટી છે, પરંતુ મધ્યમ સ્તરે ખર્ચનો માર હજુ પણ જોવા મળી રહ્યો છે.ઔદ્યોગિક ક્ષેત્રે વેચાણ અને નફાની પરિસ્થિતિમાં ધીમો પણ સકારાત્મક સુધારો જોવા મળ્યો છે. ઓગસ્ટ મહિનામાં 53 ટકાથી વધુ કંપનીઓએ પોતાનું વેચાણ સામાન્ય અથવા સામાન્ય કરતાં વધારે હોવાનું જણાવ્યું છે (જે જુલાઈમાં 50 ટકા હતું). વેચાણમાં સતત ત્રીજા મહિને સુધારો નોંધાયો છે. મે મહિનામાં 78 ટકા કંપનીઓએ સામાન્ય કરતાં ઓછો નફો થતો હોવાનું જણાવ્યું હતું, જે ઓગસ્ટમાં ઘટીને 68 ટકા થઈ ગયું છે. સર્વેના આંકડા એક તરફ આગામી એક વર્ષમાં ફુગાવાનો દર 5 ટકાની અંદર રહેવાની કંપનીઓની ધારણા દર્શાવે છે, તો બીજી તરફ કંપનીઓના હાલના ખર્ચમાં વધારો હજુ ચાલુ હોવાનું પણ બતાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-09

# રાહુલ ગાંધીએ લોંચ કર્યું 'સત્યાગ્રહ પોર્ટલ'

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ 'સત્યાગ્રહ' નામનું ડીજીટલ પ્લેટફોર્મ લોંચ કર્યું છે. આ પ્લેટફોર્મનો ઉદ્દેશ દેશભરમાં ચાલી રહેલા વિવિધ વિરોધ પ્રદર્શનો અને આંદોલનોની જાણકારી એક જ જગ્યાએથી મેળવીને સરખા મુદ્દાઓ પર સંઘર્ષ કરી રહેલા લોકોને એક સાથે જોડવાનો છે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર વીડિયો મૂકીને અન્યાય સામે લડતા લોકોની વાતો જાહેર કરવાની અપીલ કરી છે. એમણે કહ્યું હતું કે પ્રદર્શન કરનારાઓ પોતાની તકલીફની જાણકારી પ્લેટફોર્મ પર મૂકી શકે છે. એ સિવાય ઈન્ટરેક્ટીવ મેપ દ્વારા દેશના વિવિધ ભાગોમાં એક સરખા મુદ્દે ચાલી રહેલા આંદોલનને જોઈ પણ શકાશે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે દેશ આખામાં ઘણા લોકો પોતાના અધિકારો માટે સંઘર્ષ કરી રહ્યા છે અને કેટલીક વાર એમણે પોતે એકલાએ જ પોતાનો અવાજ ઉઠાવવો પડે છે. એમણે વિદ્યાર્થીઓ, ખેડૂતો, આદિવાસીઓ, દલીતો અને મહિલાઓ સાથે જોડાયેલા આંદોલનનો ઉલ્લેખ કર્યો હતો.

આંતરરાષ્ટ્રીય ડ્રગ દાણચોરી નેટવર્કના આરોપી નવપ્રિત સિંહને તુર્કીથી ભારત પરત લાવવામાં સફળતા મળી છે. નવપ્રિત સિંહને પ્રત્યાર્પણ સંધીને કારણે ભારત પરત લાવવામાં આવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ઠંડક થઈ છે. ઘણા સમયથી નવપ્રિત સિંહ એમના રડાર પર હતો. અમિત શાહે પોતે આ બાબતે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું અને મોદી સરકારની એક મોટી સિદ્ધી ગણાવી હતી. નવપ્રિત સિંહે તૂર્કીની નાગરીકતા બોગસ દસ્તાવેજોને આધારે મેળવી હતી. નવપ્રિત સિંહ, નવાબ વિર્ક નામની ઓળખનો ઉપયોગ કરતો હતો. નવપ્રિત સિંહ પર આરોપ છે કે એ અફઘાનિસ્તાનથી ભારતમાં હેરોઈન અને મેથામમેટામાઈનની દાણચોરી કરતો હતો. ભારતની એજન્સીઓએ એની સાચી ઓળખ મેળવવા માટે ખૂબ મહેનત કરી હતી અને છેવટે એને પકડી પાડયો હતો.

મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક ખાતે કોકરોચ જનતા પાર્ટી આંદોલન કરી રહી છે. વિરોધ પ્રદર્શનમાં યુવાનો મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માગતા હતા. એક સમયએ આ સ્થળે ગરમાગરમી થઈ ગઈ હતી. ૨૦ થી ૨૫ યુવાનોનું એક ટોળુ ત્યાં પહોંચ્યું હતું અને 'જય શ્રી રામ'ના સૂત્રો પોકારતું હતું. અપ્રિય ઘટનાને રોકવા માટે પોલીસ તરત આ યુવાનોના ટોળાને પ્રદર્શન સ્થળથી દૂર લઈ ગઈ હતી. એમ માનવામાં આવે છે કે શિવાજી પાર્ક ખાતે રહેતા લોકો એટલા માટે નારાજ છે કે શિવાજી પાર્કનો ઉપયોગ હવે દિલ્હીના જંતર મંતરની જેમ દરેક વિરોધ પ્રદર્શન માટે થઈ રહ્યો છે. પાર્કમાં ચાલવા માટે, રમત ગમત માટે કે વ્યાયામ માટે આવતા લોકો પણ પરેશાન થઈ રહ્યા છે.

આગલા વર્ષના શરૂઆતમાં જ વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. રાજકીય પારો વધી રહ્યો છે. આ વચ્ચે કોંગ્રેસે ઉત્તર પ્રદેશમાં સંગઠનને મજબૂત કરવાનો નિર્ણય કર્યો છે. પક્ષે અજય રાયને પ્રદેશ પ્રમુખ તરીકે દુર કરીને હવે આરાધના મિશ્રા ઉર્ફે મોનાને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બનાવ્યા છે. આરાધના મિશ્રા 'મોના'નું કૌટુંબિક બેકગ્રાઉન્ડ જાણીતું છે. એમના પિતા પ્રમોદ તિવારી કોંગ્રેસના એક સિનિયર નેતા અને રાજ્યસભાના સાંસદ છે. તેઓ હમણા રાજ્યસભામાં વિરોધપક્ષના ઉપનેતા છે. તેઓ ઉત્તર પ્રદેશની રામપુર વિધાનસભા બેઠક પરથી ૯ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. એક જ પક્ષના નિશાન પર સતત જીતવાનો ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ એમના નામે છે. આરાધના પણ શરૂઆતથી જ સામાજીક કામગીરી સાથે જોડાયા હતા. એમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યું હતું અને ત્યાર પછી લાંબા સમય સુધી એનજીઓ સાથે જોડાયા હતા.

આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહીલ વાંકોડે, જેમનું મૃત્યુ આત્મહત્યા કરવાથી થયું હતું, એમના પિતાને આઝાદ મેદાનમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં જોડાવાની પરવાનગી મળી નહોતી. ત્યાર પછી એમણે સંસ્થાના પવઇ કેમ્પસ જવાનું આયોજન કર્યું હતું. આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીઓ સાહીલના મૃત્યુ પછી આંદોલન કરી રહ્યા છે. સંસ્થાના સત્તાધિશોની જવાબદારી નક્કી કરવાની માંગણી કરતા એમણે ભૂખ હડતાળ શરૂ કરી છે.

## ડૉ. હેડગેવાર સેવા સ્મૃતિ ટ્રસ્ટ, સુરત દ્વારા કેપ્ટન સ્મિત મચ્છરના જડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ | માનવતા માટે કેપ્ટન સ્મિત મચ્છરએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર 174 લોકોના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું અને આ સંઘર્ષમાં તેઓ ગંભીર રીતે ઘાયલથયા. "ડૉ. હેડગેવાર સેવા સ્મૃતિ ટ્રસ્ટ, સુરત" દ્વારા આજે રવિવારે શિક્ષિકા બહેનોના પ્રશિક્ષણવર્ગમાં 270 શિક્ષિકા અને 44 ટ્રસ્ટી ગણો સાથે રાંદેર અને મગોબમાં શ્રી હનુમાન ચાલીસાનાપાઠનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કેપ્ટન સ્મિત મચ્છરના સસરા જયસુખભાઈ જોગી અને જોગી પરિવારના સદસ્યો મુંબઈ થી વિડિયો કોન્ફરન્સ થી સાથે જોડાયા હતા. જેમને કેપ્ટન સ્મિતના સ્વાવસ્થયની જાણકારી આપી. સોમવારે દિનાંક 05-10-2026ના રોજ ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલ 268 સેવા કાર્ય કેન્દ્રોઉપર કેપ્ટન સ્મિત મચ્છરના જડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના થશે અને શ્રી હનુમાન ચાલીસા પાઠ કરવામાં આવશે.

## ડીસાના મોટી આખોલ ગામે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે રિવરાઈન લેન્ડસ્કેપ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

માહિતી બ્યુરો, પાલનપુર| બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદીના કિનારે નદી પરિસરનું સંરક્ષણ, જૈવવિવિધતાનું જતન તથા સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓના વાવેતરને પ્રોત્સાહન આપવાના હેતુસર રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાના મોટી આખોલ ગામે રિવરાઈન લેન્ડસ્કેપ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યની નદીઓના કિનારે હરિયાળી વધારવા અને નદીકાંઠાના પર્યાવરણના સંરક્ષણના અભિગમ સાથે આ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં આવેલી ૧૮૫થી વધુ નદીઓના કિનારે વૃક્ષારોપણ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજે બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદીના કિનારેથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. નદીના કાંઠે વૃક્ષારોપણ થકી જૈવવિવિધતાનું જતન થાય, નદીના કાંઠાનું ધોવાણ (ઈરોઝન) અટકાવવામાં મદદ મળે અને સ્થાનિક પ્રજાતિઓનું સંરક્ષણ થાય તે બાબતોને ધ્યાનમાં રાખીને વાવેતર કરવામાં આવી રહ્યું છે.મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આવનારા સમયમાં રાજ્યની તમામ નદીઓની આસપાસ ઉપલબ્ધ વિવિધ જગ્યાઓમાં–ચાહે તે સિંચાઈ વિભાગની જમીન હોય, નદી કિનારાની જગ્યા હોય, ગ્રામ પંચાયતની જમીન હોય કે અન્ય સરકારી જમીન હોય–સંબંધિત વિભાગો સાથે સંકલન કરીને વૃક્ષારોપણ કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નિર્દેશ હેઠળ શરૂ થયેલા આ રિવરાઈન પ્રોજેક્ટ અંતર્ગત આજે બનાસ નદી પર માવળિયા માતાજીના મંદિરથી સોનેશ્વર મહાદેવ સુધીના પેચનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.આ પ્રોજેક્ટ અંતર્ગત આગામી સમયમાં બનાસ નેચરલ ટ્રેલ વિકસાવવાનું આયોજન છે, જેથી લોકો કુદરતની વચ્ચે ચાલીને નદીકાંઠાના પ્રાકૃતિક સૌંદર્ય અને જૈવવિવિધતાનો અનુભવ કરી શકે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની સોશિયલ ફોરેસ્ટ્રી, બનાસકાંઠા દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે અને પર્યાવરણ સંરક્ષણ સાથે લોકો માટે કુદરત સાથે જોડાવાની તક ઊભી કરવાનો આ પ્રયાસ છે.આ પ્રસંગે બનાસકાંઠા વન સંરક્ષકશ્રી રેણુકાબેન દેસાઈ સહિત વન વિભાગના અધિકારી - કર્મચારીઓ, સંગઠનના પદાધિકારીઓ સ્થાનિક આગેવાનો, મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## કુચાવાડા ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ યોજાયો

### કૂચાવાડામાં ૧૦ હજારથી વધુ વૃક્ષો સાથે 'વન કવચ' તૈયાર, આગામી સમયમાં ૨૫ હેક્ટરમાં 'મહાવન કવચ' વિકસાવવાનો લક્ષ્યાંક: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

માહિતી બ્યુરો, પાલનપુર| બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કુચાવાડા ખાતે તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ 'વન કવચ'નું લોકાર્પણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાનો સંદેશ આપ્યો હતો. વન મહોત્સવ અંતર્ગત કુચાવાડા ખાતે વિવિધ વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. 'વન કવચ' પરિસરમાં 'એક પેડ માં કે નામ-૩.૦' અભિયાન અંતર્ગત મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વન કવચ અંતર્ગત કૂચાવાડા ખાતે એક હેક્ટર વિસ્તારમાં ૧૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાં ૭૫થી વધુ વિવિધ પ્રજાતિના વૃક્ષોનો સમાવેશ થાય છે. આ વન માત્ર હરિયાળી પૂરતું સીમિત નહીં રહે, પરંતુ પક્ષીઓ, પતંગિયાં, ઈયળો સહિતની જીવસૃષ્ટિ માટે પણ આશ્રયસ્થાન બનશે. વૃક્ષોની ઓળખ અને તેના ઉપયોગ વિશે બાળકોને જાણકારી મળે તે માટે વન વિસ્તારમાં વિવિધ વૃક્ષોના નામ તેમજ ક્યુઆર કોડની વ્યવસ્થા કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરતાં સંબંધિત વૃક્ષની વિશેષતા અને ઉપયોગની માહિતી મેળવી શકાશે. સમગ્ર વનને ટપક સિંચાઈ પદ્ધતિથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મોડલને વધુ વિસ્તૃત કરીને કૂચાવાડા ગામે ૨૫ હેક્ટર વિસ્તારમાં મહાવન કવચ વિકસાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે.મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કૂચાવાડા અને આસપાસના વિસ્તારમાં પાણીની ઉપલબ્ધતા વધારવા માટે સરકાર અને સ્થાનિક આગેવાનોના સહયોગથી નર્મદાનું પાણી વિસ્તાર સુધી પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કૂચાવાડા ગામના છ તળાવોને પાઈપલાઈન મારફતે એકબીજા સાથે જોડીને પાણીનો સંગ્રહ અને વિતરણ સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સાથે સર્વ વિસ્તારમાં રોડ, મોરેશ્વર તળાવની આસપાસ વૃક્ષારોપણ, રમતગમતની સુવિધાઓ તેમજ ગામની અન્ય પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પણ કામગીરી કરવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે ધોરણ ૯ અને ૧૦ની સુવિધા શરૂ થઈ છે ત્યારે ધોરણ ૧૧ની મંજૂરી માટે પણ પ્રયાસ કરવામાં આવશે. તેમણે ગ્રામજનોને ખાસ કરીને ખેડૂતોને ભૂગર્ભ જળસંચય માટે બોર રિચાર્જ અને જળસંચયની કામગીરીમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, આજના જળસંચયના પ્રયાસો જ આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્યનો આધાર બનશે. કુચાવાડા ખાતે નિર્માણ પામેલ વન કવચના ૧ હેક્ટર વિસ્તારમાં ૧૦,૦૦૦થી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જ્યારે ગ્રામ વન યોજના અંતર્ગત વધુ ૬,૪૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આમ, કુલ ૧૬,૪૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. 'વન કવચ' અંતર્ગત ઔષધીય, ઈમારતી, ફળાઉ તથા સુશોભિત સહિતની વિવિધ પ્રજાતિના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. વન મહોત્સવના માધ્યમથી વૃક્ષારોપણને જનભાગીદારી સાથે વેગ આપી પર્યાવરણનું જતન, જૈવવિવિધતાનું સંરક્ષણ અને ભાવિ પેઢી માટે હરિયાળું પર્યાવરણ ઊભું કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે બનાસકાંઠા વન સંરક્ષક શ્રી રેણુકાબેન દેસાઈ સહિત વન વિભાગના અધિકારી - કર્મચારીઓ, સંગઠનના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો, મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી

અમદાવાદ | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી.આ પ્રદર્શનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે, જેને મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનની મુલાકાતે આવેલાં નાગરિકો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે વિવિધ લોકલક્ષી યોજનાઓના માધ્યમથી તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો અને આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત, રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ વિકાસયાત્રાની ઝાંખી આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ પ્રદર્શનના વિવિધ વિભાગોની મુલાકાત લઈ રજૂ કરવામાં આવેલી વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી તેમજ સમગ્ર આયોજનની સરાહના કરી હતી.આ પ્રદર્શનમાં ગુજરાતના કૃષિ-પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના ક્ષેત્રોમાં થયેલી કામગીરીની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી છે.આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા, સમરસ છાત્રાલય યોજના સહિત શ્રી નરેન્દ્રભાઈ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરવામાં આવેલી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ રજૂ કરવામાં આવી છે.વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની વિકાસયાત્રા સાથે સંકળાયેલી કામગીરી અંગે મુલાકાતીઓ માટે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે.પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતેનું આ પ્રદર્શન તા. ૫ ઑક્ટોબર સુધી સવારે ૮ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. જેની મુલાકાત નાગરિકો લઈ શકશે.

આ પ્રસંગે મેયર હિતેશભાઈ બારોટ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ વિક્રાંત પાંડે, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ, અગ્રણીઓ તથા અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી તેમજ અમ્યુકોના અધિકારીઓ અને મુલાકાતીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધી જયંતિ નિમિત્તે શાહપુરમાં ૩૪મો વિદ્યાર્થી-શિક્ષક સન્માન સમારોહ યોજાયો

અમદાવાદ | ગાંધી જયંતિના પાવન અવસર નિમિત્તે શાહપુર યુવક મંડળ, અમદાવાદ દ્વારા શાહપુર ખાતે ૩૪મા વિદ્યાર્થી-શિક્ષક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર ૪૩ તેજસ્વી વિદ્યાર્થીઓ તથા ૫ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ૬૦ ટકાથી વધુ ગુણ મેળવનાર ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય સંદેશ "સૌ ભણે, સૌ આગળ વધે અને શાહપુરનું નામ રોશન કરે" રહ્યો હતો.

શિક્ષણ અને સાક્ષરતાને પ્રોત્સાહન આપવા તેમજ વ્યસનમુક્ત શાહપુરના નિર્માણ માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા નાગરિકોને શિક્ષણ, સામાજિક જવાબદારી અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં દરિયાપુર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિક જૈન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# NFR એ સક્રિય સુરક્ષા પગલાં દ્વારા ટ્રેન અને હાથી વચ્ચેની અથડામણથી 255 હાથીઓના જીવ બચાવ્યા








માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) એ ટેક્નોલોજી-આધારિત સિસ્ટમ્સ, સઘન દેખરેખ અને વન વિભાગ સાથેના ગાઢ સંકલન દ્વારા ટ્રેન અને હાથી વચ્ચેની અથડામણ અટકાવવાના પ્રયાસો વધુ તેજ બનાવ્યા છે. જાન્યુઆરી અને સપ્ટેમ્બર 2026 વચ્ચે, NFR કર્મચારીઓની સમયસરની કાર્યવાહીને કારણે વિવિધ વિભાગોમાં 255 હાથીઓના જીવ બચાવી શકાયા હતા. આમાં અલીપુરદ્વાર વિભાગમાં 106, રંગિયામાં 14, લુમડિંગમાં 122 અને તિનસુખિયા વિભાગમાં 15 હાથીઓનો સમાવેશ થાય છે.NFR એ સંવેદનશીલ વિસ્તારોમાં ટ્રેન અને હાથી વચ્ચેની અથડામણ રોકવા માટે અનેક સક્રિય અને ટેક્નોલોજી-આધારિત પગલાં અમલમાં મૂક્યા છે. તેમાં 'ડિસ્ટ્રિબ્યુટેડ એકૌસ્ટિક સેન્સિંગ' (DAS) ટેક્નોલોજીનો ઉપયોગ કરતી AI-આધારિત 'ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમ' (IDS) ની સ્થાપનાનો સમાવેશ થાય છે, જે રેલવે ટ્રેક નજીક હાથીઓની હિલચાલ અંગે તાત્કાલિક ચેતવણી પૂરી પાડે છે.

અન્ય સુરક્ષા પગલાંમાં ગતિ મર્યાદા (રાત્રિ દરમિયાન અને હાથીઓ દેખાય ત્યારે કામચલાઉ ધોરણે), સઘન પેટ્રોલિંગ, ટ્રેન ક્રૂને સંવેદનશીલ બનાવવા, ચેતવણીના ચિહ્નો લગાવવા, વનસ્પતિ દૂર કરવી અને વન વિભાગ સાથે રીઅલ-ટાઈમ સંકલન જાળવવાનો સમાવેશ થાય છે. સંવેદનશીલ સ્થળોએ 'પ્લાન બી' (Plan Bee) સિસ્ટમ પણ તૈનાત કરવામાં આવી છે, જે હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખવા માટે મધમાખીઓના અવાજનો ઉપયોગ કરે છે. વધુમાં, NFR એ વન્યજીવોની સુરક્ષિત અવરજવરને સરળ બનાવવા અને હાથીઓને ટ્રેકથી દૂર રાખવા માટે પસંદગીના સ્થળોએ અંડરપાસનું નિર્માણ કર્યું છે. NFR ટ્રેન ક્રૂ, રેલવે કર્મચારીઓ, પેન્ટ્રી કારના કર્મચારીઓ અને મુસાફરોમાં રેલવે ટ્રેક નજીક ખોરાકનો કચરો ન ફેંકવા અંગે સતત જાગૃતિ ફેલાવે છે, કારણ કે તેનાથી હાથીઓ અને અન્ય વન્યજીવો આકર્ષાઈ શકે છે. વન વિભાગ સાથે સતત સંકલન અને રીઅલ-ટાઈમ સંવાદને કારણે હાથીઓની હિલચાલ જણાય ત્યારે સમયસર કાર્યવાહી કરવી શક્ય બને છે.ટ્રેન અને હાથી વચ્ચેની અથડામણની તમામ ઘટનાઓને અત્યંત ગંભીરતાથી લેવામાં આવે છે અને સ્થાપિત સુરક્ષા પ્રોટોકોલ અનુસાર તેની તપાસ કરવામાં આવે છે. ઉત્તર-પૂર્વમાં ટ્રેનનું સંચાલન સુરક્ષિત અને સુચારુ રીતે થાય તે સુનિશ્ચિત કરવાની સાથે, NFR ટેક્નોલોજી-આધારિત દેખરેખ, જમીની સ્તરે સતર્કતા અને વન્યજીવ અધિકારીઓ સાથેના સંકલન દ્વારા હાથીઓની સુરક્ષાના પગલાંને સતત મજબૂત બનાવી રહ્યું છે.

## નિઃશુલ્ક ચાલતી હોસ્પિટલની મુલાકાત લેતા વંદનીય પૂજ્ય મોરારીબાપુ : સાવરકુડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તેમજ રાજુલા મહાત્માં ગાંધી આરોગ્ય મંદિરની લીધી અચાનક મુલાકાત

### શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની સેવાકીય કામગીરી નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી દીઓના હાલચાલ પૂછ્યા, વિવિધ વિભાગોની મુલાકાત લીધી; બાપુએ પાઠવ્યા સાધુવાદ અને પ્રસાદ માટે ૫૦,૦૦૦ હજાર અર્પણ કર્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલા અને રાજુલા ખાતે આરોગ્ય સેવાના ક્ષેત્રે કાર્યરત હોસ્પિટલ માટે ૩ ઓક્ટોબરનો દિવસ આનંદ અને ગૌરવનો બની રહ્યો હતો. પૂજ્ય મોરારી બાપુએ કોઈપણ પૂર્વ સૂચના વિના પોતાની ટીમ સાથે સાવરકુંડલા અને ત્યારબાદ રાજુલા ખાતેની હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓના હાલચાલ પૂછ્યા હતા તેમજ હોસ્પિટલની સેવાકીય કામગીરીની જાણકારી મેળવી હતી.પૂજ્ય મોરારી બાપુ આજે સવારે આશરે ૧૦ વાગ્યે સાવરકુંડલા ખાતે આવેલ શ્રી લલુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે પધાર્યા હતા. બાપુએ હોસ્પિટલની વિવિધ બિલ્ડિંગોમાં આવેલા તમામ વોર્ડની મુલાકાત લીધી હતીઅને સારવાર માટે દાખલ દર્દીઓ સાથે સમય વિતાવી તેમના હાલચાલ પૂછ્યા હતા. ખાસ કરીને ડાયાલિસિસ, ગાયનેક તથા પીડિયાટ્રિક વિભાગની પણ મુલાકાત લઈ ત્યાંની કામગીરી અંગે માહિતી મેળવી હતી.બાપુ સાથે પધારેલા શ્રી જયદેવભાઈ માંકડે સ્પીકર પર હોસ્પિટલના સંચાલકો સાથે ટેલિફોનિક વાતચીત કરાવી હતી. બાપુનું મૌનવ્રત હોવાથી શ્રી જયદેવભાઈ દ્વારા બાપુનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો કે તેઓ આજે બંને હોસ્પિટલના દર્શન કરવા નીકળ્યા છે અને હોસ્પિટલની સમગ્ર વ્યવસ્થા તથા સેવાકીય કામગીરી જોઈને તેઓ ખૂબ પ્રસન્ન થયા છે.ત્યારબાદ બપોરે





આશરે ૧૨ વાગ્યે પૂજ્ય મોરારી બાપુ રાજુલા ખાતે આવેલ મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ખાતે પધાર્યા હતા. અહીં પણ તેમણે હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ દર્દીઓ તથા હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અંગે જાણકારી મેળવી હતી.રાજુલા મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ખાતે બાપુએ ઈમરજન્સી વિભાગ, ઓપીડી, સ્ત્રી રોગ વિભાગ, ઓપરેશન થિયેટર, આઈ.સી.યુ., બાળરોગ વિભાગ તથા ભોજનાલય સહિતના વિભાગોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે દર્દીઓ સાથે પણ સંવાદકરી તેમના હાલચાલ પૂછ્યા હતા. હોસ્પિટલનું સંચાલન અને દર્દીઓ માટે કરવામાં આવતી સેવાઓ જોઈને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શ્રી જયદેવભાઈ, લવકુંભાઈ, વિદ્વાન ધારાશાસ્ત્રી માંગુકિયા સાહેબ, અંબરીશભાઈ ડેર, બિપિનભાઈ લહેરી તથા દિલીપભાઈ લહેરી સહિતના આગેવાનો પણ સાથે રહ્યા હતા.પૂજ્ય મોરારી બાપુએ બંને હોસ્પિટલની સેવાકીય કામગીરીથી પ્રસન્ન થઈ સૌને સાધુવાદ પાઠવ્યા હતા. સાથે જ આજના દિવસના પ્રસાદ માટે રૂ. ૫૦,૦૦૦ની રકમ અર્પણ કરી હતી.પૂજ્ય મોરારી બાપુની આ અચાનક હોસ્પિટલ મુલાકાતથી બંને હોસ્પિટલ સાથે જોડાયેલા ટ્રસ્ટીઓ, તબીબો, સ્ટાફ તથા સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌમાં આનંદની લાગણી પ્રસરી હતી. બાપુના આશીર્વાદ અને સાધુવાદ ને હોસ્પિટલની સેવાકીય ટીમ માટે પ્રેરણારૂપ પ્રસંગ તરીકે જોવામાં આવ્યો હતો.આ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.કમલેશ ભાઈ જોશી એ સમગ્ર હોસ્પિટલ વિશે દરેક વિભાગ થી પૂજ્ય બાપુ ને માહિતગાર કર્યા ત્યારે પૂજ્ય બાપુ એ સાવરકુંડલા તેમજ રાજુલા હોસ્પિટલ થી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

## ગુજરાત વિધાનસભા ખાતે ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૬૮મી જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ





ગાંધીનગર | સ્વતંત્રતા સંગ્રામના મહાન ક્રાંતિવીર અને ગુજરાતી સપૂત પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૬૮મી જયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા બિલ્ડીંગ, ગાંધીનગર ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિધાનસભા સચિવ શ્રી સી.બી.પંડ્યાના અધ્યક્ષ સ્થાને સંયુક્ત સચિવ શ્રી રિટા મહેતા સહિત ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓએ તેમજ સમર્પણ પબ્લિક સ્કૂલ,ગાંધીનગરના વિદ્યાર્થીઓ- શિક્ષકોએ શ્યામજી કૃષ્ણવર્માના તૈલચિત્ર સમક્ષ ભાવસભર પુષ્પ અર્પણ કરીને તેમને પુષ્પાંજલિ અર્પી હતી. સમર્પણ પબ્લિક સ્કૂલ,ગાંધીનગરની વિદ્યાર્થીની શ્રી હિર ત્રિવેદીએ ગુજરાતી સપૂત ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માનો વિશેષ પરિચય આપતાં કહ્યું હતું કે, તેઓનો જન્મ તા. ૦૪ ઓક્ટોબર ૧૮૫૭ના રોજ કચ્છના માંડવી ખાતે થયો હતો.તેમણે પ્રારંભિક શિક્ષણ માંડવી અને ભુજમાંથી મેળવ્યા બાદ ઉચ્ચ શિક્ષણ મુંબઈથી પ્રાપ્ત કર્યું હતું. ઈંગ્લેન્ડ જઈને બેરિસ્ટર થયા હતા. ભારત પરત ફરીને તેમણે જહાલપક્ષી રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તદુપરાંત, ઈંગ્લેન્ડ વસવાટ દરમિયાન તેમણે સન ૧૯૦૫માં 'ઈન્ડિયન સોશિયાલિસ્ટ' પત્ર શરૂ કર્યું હતું અને 'ઈંગ્લેન્ડ હોમરૂલ લીગ'ની સ્થાપના કરી હતી. ભારતથી ઈંગ્લેન્ડમાં અભ્યાસ અર્થે જતા ભારતીય વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા માટે તેમણે 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી ક્રાંતિકારી પ્રવૃત્તિઓને બળ પૂરું પાડ્યું હતું. શ્રી શ્યામજી કૃષ્ણવર્માનું તા. ૩૦ મી માર્ચ ૧૯૩૦ના રોજ જીનિવા ખાતે અવસાન થયું હતું. નોંધનીય છે કે,રાજ્યની ભાવી પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો તથા આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને તેમના જન્મદિવસે ભાવવંદના કરવાનો વિશિષ્ટ ઉપક્રમ વિધાનસભા ખાતે દર વર્ષે યોજવામાં આવે છે.

**સ્વસ્થ રહેવા માટે લોકો ઘણા ફળો અને તેના જ્યુસનું સેવન કરે છે. આમળા આવા ફળોમાંનું એક છે. આમળામાં ઘણા બધા એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્યને અગણિત ફાયદા આપે છે. તેના રસનું સેવન કરવાથી લીવર અને પાચનતંત્ર સ્વસ્થ રહે છે. આ સિવાય તેમાં હાજર વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે, જે શરદી અને ઉધરસ સહિતની ઘણી સમસ્યાઓથી બચી શકે છે.**

# સવારે ખાલી પેટ આ રસ પીવાથી થશે અનેક ફાયદા, સ્વાસ્થ્ય પણ સુધરશે



**રોગપ્રતિકારક શક્તિમાં વધારો |** ડાયટિશિયન શ્રદ્ધા શ્રીવાસ્તવ કહે છે કે આમળાના રસમાં વિટામીન અને મિનરલ્સ ભરપૂર માત્રામાં હોય છે, જે આપણને ઘણી બીમારીઓથી બચાવે છે. તેથી, રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આ રસને આહારમાં સામેલ કરી શકાય છે. આ સિવાય આમળાનો રસ ઓક્સિડેટીવ સ્ટ્રેસ સામે રક્ષણ આપવામાં સક્ષમ છે.

**વજન ઘટશે |** જે લોકો વજન ઓછું કરી રહ્યા છે તેમના માટે આમળાનો જ્યુસ સારો વિકલ્પ છે. વાસ્તવમાં, આમળામાં ઘણા એન્ટીઑક્સિડન્ટ ગુણો જોવા મળે છે, જે પાચન તંત્રને સુધારવામાં મદદરૂપ છે. આ જ્યુસ પીવાથી મેટાબોલિઝમ વધે છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે.

**કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં આવશે |** શરીરમાં કોલેસ્ટ્રોલ વધવાથી હાર્ટ સંબંધિત બીમારીઓ થવાનું જોખમ વધી જાય છે. તેનાથી છુટકારો મેળવવા માટે આમળાના જ્યુસનું સેવન કરી શકાય છે. તમને જણાવી દઈએ કે આમળાના જ્યુસમાં ફેટી એસિડ, વિટામીન અને એવા ઘણા તત્વો હોય છે, જે કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરી શકે છે.

**પાચનતંત્ર સુધરશે |** આમળાનો રસ પણ પેટની સમસ્યાઓથી રાહત અપાવવામાં અસરકારક છે. વાસ્તવમાં, આમળાનો રસ બળતરા વિરોધી ગુણો અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર હોય છે. તેથી જે લોકો પેટનું ફૂલવું, અપચો અને ગેસ જેવી સમસ્યાઓથી પીડિત હોય તેઓએ આ રસનું સેવન કરવું જોઈએ.

**આંખોની રોશની સુધરશે |** આમળાનો રસ નબળી દ્રષ્ટિ સુધારવા માટે એક ઉત્તમ વિકલ્પ છે. તમને જણાવી દઈએ કે આમળામાં કેરોટીન હોય છે, જે આંખો માટે સારું માનવામાં આવે છે. તેથી, ખાલી પેટ આમળાનો રસ પીવાથી મોતિયા, બળતરા અને આંખોમાં ભેજ જેવી સમસ્યાઓથી બચી શકાય છે.

**આમળામાં એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો હોય છે**

**આમળાના રસનું સેવન કરવાથી પાચનતંત્ર સ્વસ્થ રહે છે**

**ખાલી પેટ આમળાના રસ પીવાના ફાયદા છે**

# રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તમારા બાળકોને આ વસ્તુઓ ખવડાવો

**તમારા બાળકોને બિમારીઓથી બચાવવા માટે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવા માનો છો. તો આ ત્યારે જ શક્ય છે જ્યારે તમે તમારા બાળક માટે યોગ્ય ડાયટ પ્લાન ફોલો કરો છો. જો તમારી ખાવાની દિનચર્યા અને ખરાબ જીવનશૈલી હોય તો વારંવાર બીમાર પાડવાનું જોખમ રહે છે.**



**બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ |** બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ પુખ્ત વયના લોકો કરતાં ઓછી હોય છે. જેથી બાળકોના બીમાર પાડવાની શક્યતાઓ વધી જાય છે. આ જ કારણ છે કે હવામાનમાં થતા ફેરફારોથી બાળકો વારંવાર બીમાર પડે છે. ત્યારે તેમના આહારમાં એવી વસ્તુઓ શામેલ કરવી મહત્વપૂર્ણ છે, જે તેમની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરશે. અહીં અમે તમને એવી વસ્તુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે બાળકો માટે ખૂબ જ ફાયદાકારક છે.

**વિટામિન સી |** વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. તેઓ શરીરમાં શ્વેત રક્તકણો વધારવાનું પણ કામ કરે છે. ત્યારે વધુમાં, વિટામિન સી ચેપ પેદા કરતા બેક્ટેરિયાને મારી નાખે છે. સાથે જ તમે તમારા બાળકોને સંતરા, આમળા અને દ્રાક્ષ જેવા ખાટા ફળો પણ ખવડાવી શકો છો. જે વિટામિન સીથી ભરપૂર હોય છે.

**પ્રોટીનયુક્ત ખોરાક |** તમે બાળકોનો વિકાસ વધારવા માંગતા હોવ તો ખોરાકમાં પ્રોટીનનો સમાવેશ ચોક્કસ કરવું જોઈએ. તેનાથી સ્નાયુઓ અને હાડકાં મજબૂત થાય છે. જો શરીરમાં પ્રોટીનની માત્રા યોગ્ય હોય તો કોઈપણ ઈજા જલ્દી ઠીક થઈ જાય છે. બાળકોના આહારમાં ચીઝ, ઈંડા, ટોફુ અને સોયાબીનનો સમાવેશ અવશ્ય કરો.

**બદામ |** બાળકોના રોજિંદા આહારમાં બદામનો સમાવેશ અવશ્ય કરો. 5 થી 6 બદામ આખી રાત પલાળી રાખો અને સવારે બાળકોને આપો. તેનાથી બાળકોને પુષ્કળ પ્રમાણમાં પ્રોટીન, હેલ્ધી ફેટ્સ અને વિટામિન ઈ મળશે. આ બાળકોને સક્રિય રાખવામાં મદદ કરશે.

**દહીં |** જો બાળકની પાચનશક્તિ સારી ન હોય તો પણ તેની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. નિષ્ણાતો કહે છે કે બાળકોના આંતરડાના સ્વાસ્થ્ય પર પણ ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. બાળકોએ તેમના દૈનિક આહારમાં દહીં અને છાશનો સમાવેશ કરવો જ જોઈએ. દહીંમાં પ્રોબાયોટીક્સ હોય છે, જે આંતરડામાં સારા બેક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. તેથી તેમના રોજિંદા આહારમાં દહીં અથવા છાશનો સમાવેશ કરો.

# એલોવેરામાં મિક્સ કરો આ વસ્તુઓ, ઘરે જ બની જશે બજારમાં ઉપલબ્ધ મોંઘું સ્કિન બ્રાઈટિંગ સીરમ!



એલોવેરાનો છોડ ઔષધીય ગુણોથી ભરપૂર છે. સામાન્ય રીતે લોકો પોતાના સ્વાસ્થ્ય અને ત્વચાની સંભાળ રાખવા માટે દરરોજ તેનો ઉપયોગ કરે છે. એલોવેરા જેલ ત્વચામાં થતી અનેક પ્રકારની સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. જો તમે ચાંદ જેવી ચમકતી ત્વચા મેળવવા ઈચ્છો છો તો તેના માટે એલોવેરા જેલનો ઉપયોગ કરવો ખૂબ જ જરૂરી છે. તમે કદાચ નહીં જાણતા હોય, પરંતુ એલોવેરા જેલ કુદરતી રીતે ત્વચાને નિખારવામાં મદદરૂપ છે. એલોન એલોવેરામાં જોવા મળે છે. આ એક એવું સંયોજન છે જે ત્વચાના રંગને આછું કરી શકે છે. દરરોજ તેનો ઉપયોગ કરવાથી ચહેરા પરના ડાર્ક સ્પોટ્સ ઓછા થઈ શકે છે અને તમારી ત્વચાનો રંગ સુધરવા લાગે છે.

એટલું જ નહીં, એલોવેરા ત્વચાને હાઈડ્રેટ પણ રાખે છે. એલોવેરા અને વિટામીન સીને મિક્સ કરીને સ્કિન બ્રાઈટનિંગ સીરમ ઘરે તૈયાર કરી શકાય છે. આ માટે તમારે 2 ચમચી એલોવેરા જેલ, 1 ટેબલસ્પૂન વિટામિન સી પાવડર, 1 ચમચી નિસ્યંદિત પાણી, 1 ચમચી કેરિયર ઓઈલ લેવું પડશે. સીરમ તૈયાર કરવા માટે, સૌપ્રથમ એક નાના બાઉલમાં નિસ્યંદિત પાણી સાથે વિટામિન સી પાવડર મિક્સ કરો જ્યાં સુધી તે ઓગળી ન જાય. હવે એલોવેરા જેલ અને કેરિયર ઓઈલ ઉમેરો અને મિક્સ કરો. તૈયાર સીરમને ઘેરા રંગની કાચની ડ્રોપર બોટલમાં રેડો અને તેને રેફ્રિજરેટરમાં સ્ટોર કરો. તમે તેને તમારા ચહેરા પર 2 અઠવાડિયા સુધી વાપરી શકો છો.

# બાળકને સારી રીતે ઉછેરવા માટે બાર્બી ડોલ જેવા રમકડાથી રાખો દૂર, જાણો કેવી રીતે કરે છે તેમના પર ખરાબ અસર

**આજકાલ બાળકોને નાની ઉંમરમાં જ વિડીયો ગેમ્સની લત લાગી જાય છે. આના વિના તેઓ ન તો ખાય છે અને ન ઊંઘે છે. જેની સીધી અસર તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડે છે. જે બાળકો ઘણી બધી વિડિયો ગેમ્સ રમે છે તેઓ અતિશય સ્પર્ધાત્મક અને હાઈપર થઈ જાય છે. તેઓ તેમની હાર સ્વીકારવામાં અસમર્થ બની જાય છે અને જ્યારે તેઓ હારે છે ત્યારે તેઓ ખૂબ જ ચિડાઈ જાય છે. સાથે બાળકનો સ્વભાવ ધીરે ધીરે વધુને વધુ ચિડીયો થતો જાય છે.**



**બંદૂક |** બાળકોને બંદૂક, તલવાર અને ગૂલેલ જેવા હિંસક રમકડાં આપવાનું ટાળવું જોઈએ. આ રમકડાં તમારા સૌમ્ય અને સરળ બાળકને હિંસક બનાવી શકે છે. આ રમકડાં સાથે રમીને, તેઓ તેમના મિત્રો અથવા ભાઈ-બહેનો સાથે ટીખળ કરે છે. આમ કરવાથી તેઓ ખરેખર ઝઘડાખોર અને હિંસક પણ બની શકે છે. આવા રમકડાં બાળકોને હિંસક તો બનાવે જ છે સાથે સાથે તેમનામાં નકારાત્મકતા પણ લાવે છે.

**બાર્બી ડોલ |** સ્લિમ ફિગર, શાર્પ ફીચર્સ, સુંદર વાળ અને સારા કપડાંથી શોભતી બાર્બી ડોલ ઘણા વર્ષોથી દુનિયાભરના બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે. તમને બજારમાં આવી ઘણી બાર્બી ડોલ્સ જોવા મળશે. ભલે તમારી દીકરીને આ ઢીંગલી ગમશે, પણ તેના મન પર પણ તેની ખરાબ અસર પડી શકે છે. આવી ઢીંગલીઓ સાથે રમવાથી તમારા બાળકના મનમાં સૌંદર્યની આ વ્યાખ્યા વિકસે છે, જે ભવિષ્યમાં સમસ્યાઓનું કારણ બની શકે છે.

**ટી સેટ |** દરેક વ્યક્તિ જાણે છે કે બાળકોને ચા અને કોફી આપવી તેમના સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. તેમાં રહેલું કેફીન તેમની વૃદ્ધિને અવરોધે છે. આવી સ્થિતિમાં, જો તમે તેમને ચાનો સેટ આપો છો, તો પછી ખોટી ચા પીરસવાથી, તેમની તે ચા પીવાની ઈચ્છા અથવા લોભ પણ વધી જશે. હવે ભલે તમે તેને આ પીવા માટે ન આપો, પરંતુ આ રમકડા સાથે રમ્યા પછી તે ચોક્કસપણે કોઈને કોઈ બહાને ચા કે કોફી પીવાનો પ્રયત્ન કરશે. જે બાળકના સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી.

**ડૉક્ટર સેટ |** ઘણા માતા-પિતા તેમના બાળકો યુવાન થાય તે પહેલા જ તેમની કારકિર્દી નક્કી કરવાનું શરૂ કરી દે છે. આ માટે તેઓ તેમના બાળકોની સમાન જીવનશૈલી જાળવવાનું શરૂ કરે છે. ઘણા માતા-પિતા પણ તેમના બાળકો ડોકટર બનવાના સપના જોતા હોય છે. આવી સ્થિતિમાં, તેઓ તેમને રમવા માટે ડૉક્ટરનો સેટ આપે છે. ડોક્ટર સેટ સાથે રમતા રમતા અને ખોટા રોગોનો ઈલાજ કરવાનો ડોળ કરતા હોય છે ત્યારે તેઓને ક્યારે ડોક્ટર બનવા માટે તેમના માતા-પિતા તરફથી દબાણ આવવા લાગે છે તેનો ખ્યાલ પણ આવતો નથી. આવી સ્થિતિમાં, જ્યારે બાળક મોટું થતા માતા-પિતાની અપેક્ષાઓને પૂરુ કરી શકતું નથી ત્યારે આ બાબત બાળકના માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ અસર કરે છે.

# 50 ટકાથી વધુ ભારતીયો રાત્રે બ્રશ કરતા નથી, આજેજ બદલી નાખો આદત, જાણી લો નુકસાન



દિવસ દરમિયાન આપણે જે કંઈ ખાઈએ છીએ તેના નાના કણો આપણા દાંતની વચ્ચે ફસાઈ જાય છે. જો આપણે તેને રાત્રે સાફ ન કરીએ, તો આ કણો બેક્ટેરિયા માટે ભોજન બની જાય છે.

શું તમે પણ એવા લોકોમાંથી છો જે દિવસમાં માત્ર એક જ વાર બ્રશ કરે છે? અથવા રાત્રે બ્રશ કર્યા વિના જ સુઈ જાવો છે? જો હા, તો તમે એકલા નથી. ઈન્ટરનેશનલ ડેન્ટલ જર્નલ અનુસાર ભારતમાં 50 ટકાથી વધુ લોકો રાત્રે બ્રશ કરતા નથી અને આ આદત તમને નુકસાન પહોંચાડી શકે છે.

**રાત્રે બ્રશ શા માટે જરૂરી છે?** દિવસ દરમિયાન આપણે જે કંઈ ખાઈએ છીએ તેના નાના કણો આપણા દાંતની વચ્ચે ફસાઈ જાય છે. જો આપણે તેને રાત્રે સાફ ન કરીએ, તો આ કણો બેક્ટેરિયા માટે ભોજન બની જાય છે. આ બેક્ટેરિયા આખી રાત આપણા મોંમાં વધે છે, જેનાથી દાંતમાં સડો, કેવિટી અને પેઢા સંબંધિત ઘણી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. જોકે, આ નાની આદત બદલીને તમે તમારા દાંતના સ્વાસ્થ્યને અનેકગણું સુધારી શકો છો.

**રાત્રે બ્રશ ન કરવાથી થતા નુકસાન** જ્યારે આપણે રાત્રે બ્રશ કર્યા વિના સૂઈ જઈએ છીએ ત્યારે દાંતના ફસાયેલા નાના કણો અને બેક્ટેરિયા દાંત પર જમા થઈને એસિડ બનાવે છે. આ એસિડ દાંતના ઉપલા પડને ઘસે છે અને કેવિટી, પેઢામાં સોજો અને દુર્ગંધ જેવી સમસ્યાઓની શરૂઆત થાય છે. ઊંઘ દરમિયાન આપણી લાળનું ઉત્પાદન પણ ઓછું થઈ જાય છે, જેના કારણે મોંની કુદરતી સફાઈ પ્રણાલી ધીમી પડી જાય છે. આવી સ્થિતિમાં દાંત અને પેઢા વધુ અસુરક્ષિત બની જાય છે.

# શ્રાદ્ધ પક્ષ



- રુપાલી દવે

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોડપરાણિ । તથા શરીરાણિ વિહાય જીર્ણા-ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥ ૨૨॥

શ્રીમદ ભગવદ્ ગીતા ના બીજા અધ્યાય ના ૨૨ માં શ્લોક માં ભગવાન કહે છે કે જે રીતે મનુષ્ય જૂના ફાટેલા વસ્ત્રો ત્યજી ને નવા વસ્ત્રો ધારણ કરે છે એજ રીતે આત્મા એ જીર્ણ બીમાર વૃદ્ધ અશક્ત શરીર ત્યજી ને નવું ભૌતિક શરીર ધારણ કરતો હોય છે.જન્મ મૃત્યુ એ મનુષ્ય ના જીવન માં આવ્યા કરે છે જેનો જન્મ થાય છે એનું મૃત્યુ પણ નક્કી જ હોય છે એટલે મૃત્યુ થી ભયભીત થવા ને બદલે એને જિંદગી નું અંતિમ સત્ય સમજો.આ અંતિમ સત્ય ને સમજી ને જ હિન્દુ ભારતીય સંસ્કૃતિ માં સ્વજનો ના મૃત્યુ બાદ એને શ્રાદ્ધ પક્ષ માં આવતી મૃત્યુ તિથિ ના દિવસે તર્પણ વિધિ અને મિષ્ટાન્ન ભોજન દ્વારા યાદ કરવામાં આવે છે. દર વર્ષે શ્રાવણ માસ પૂરો થતા જ ભાદરવા માસ ના શરૂઆત ના પંદર દિવસ શ્રાદ્ધ પક્ષ ના હોય છે.એકમ ની તિથિ થી લઈને સર્વ પિતૃ અમાસ સુધી ની તિથિ શ્રાદ્ધ પક્ષ ની તિથિ હોય છે.હિન્દુ ધર્મ ની સંસ્કૃતિ એ પુનર્જન્મ ને સમર્થન આપે છે એટલે જ દર વર્ષે પિતૃ પક્ષ માં મૃત્યુ પામનાર સ્વજન ને યાદ કરીને ઘર ને છાપરે કાગ વાસ નાખવાનો નિયમ છે.ઋણાનું બંધન થી જ પરિવાર નું નિર્માણ થતું હોય છે એટલે કૂળ,ગોત્ર,લગ્ન વગેરે સબંધ નું બંધન એ માણસ જન્મ પહેલા નક્કી કરતો નથી મૃત્યુ પહેલા જ એના બીજા જન્મ ના સબંધો નક્કી થઈ જતા હોય છે. માણસ પોતાના જન્મ ના સબંધો થી ભલે ગમે તેટલો દૂર ભાગવા પ્રયત્નો કરે અંતે તો એક ના એક દિવસ એને એ માટે પસ્તાવવું જ પડતું હોય છે.આ કારણોસર જ મૃત્યુ બાદ પણ વડીલ સ્વજનો નું સ્થાન અકબંધ હોય છે એટલે શુભ પ્રસંગો ગ્રહ શાંતિ, નવચંડી વગેરે માં પ્રથમ “નાંદિ શ્રાદ્ધ વિધિ” દ્વારા પિતૃઓ ને પધારવા નિમંત્રણ આપવામાં આવતું હોય છે.પિતૃ ઓની કૃપા અને આશીર્વાદ થી જ એનો પરિવાર સુખી સપન્ન અને સમૃદ્ધ રહેતો હોય છે.

હિન્દુ સમાજ માં “પુત્ર પ્રાપ્તિ” નું માહત્મ્ય વધારે છે આનો અર્થ એ નથી કે હિન્દુ સમાજ વધારે પડતો પુરુષ પ્રધાન છે. ગરુડ પુરાણ અનુસાર પુત્રો જ મૃત સ્વજન ને વિધિ વિધાન થી શ્રાદ્ધ તર્પણ વિધિ દ્વારા પૂ નામના નર્ક માંથી ઉગારી ને મોક્ષ ના માર્ગ તરફ પ્રયાણ કરાવે છે. મૃત્યુ બાદ સ્વજન બાર દિવસ સૂક્ષ્મ અંશે એના પરિવાર સાથે જ રહે છે એટલે જ દશા,એકાદશા અને બારમાં ની વિધિ થાય છે. દશા અને એકાદશા ની વિધિ એ નદી કિનારે અથવા મંદિરો માં થાય છે જે ઘણી લાંબી હોય છે ને આ વિધિ માં સ્ત્રીઓ હાજરી પર પ્રતિબંધ હોય છે.બારમાં ની વિધિ બાદ જ્યારે મૃત સ્વજન એ વિદાઈ લઈને અનંત યાત્રા માટે નીકળે છે ત્યારે એની અતિ પ્રિય વાનગીઓ બનાવડાવી ને ગાય,કૂતરા થી લઈને સગા સબંધીઓ વગેરે ને ભોજન કરાવવા માં આવે છે.

શ્રીમદ્ ભાગવત માં નાસ્તિક રાજા વેન ની ક્થા એ પુત્ર પ્રાપ્તિ ના માહત્મ્ય ને સમજાવે છે. રાજા વેન ખુબ જ નાસ્તિક અને પ્રજા પર ખાસ કરીને ને ઋષિઓ પર દમન કારી વલણ અપનાવતો હતો. આકરું વલણ અપનાવી ને પ્રજા પાસે થી ધર્મ કર્મ બંધ કરાવી ને રાજા વેન જ ભગવાન અને આરાધ્ય એવું સ્થાપિત કરાવતા પ્રજા એનાથી ત્રસ્ત થઈ ગઈ હતી. ઋષિઓ અને પ્રજા એ ત્રાસી કંટાળી ને નાસ્તિક રાજા વેન નો વધ કર્યો હતો. રાજા વેન ને એના વૈવાહિક જીવન થી સંતાન પ્રાપ્તિ થઈ નહતી. રાજગાદી પર રાજા ના હોય તો લુટારુઓ નો ત્રાસ વધી જાય આવું વિચારી ને ઋષિઓએ રાજા વેન ના બાહુ નું મંથન કરીને પુત્ર પ્રાપ્તિ કરાવી. રાજા વેન ના બાહુ ના મંથન થી પૃથુ અને નિષાદ નામના બે પુત્ર થયા. ઋષિઓ એ પૃથુ નો રાજ્યાભિષેક કરીને એની પાસે રાજા વેન નું શ્રાદ્ધ અને તર્પણ વિધિ કરાવી હતી.

શાસ્ત્ર કહે છે કે પિતૃ તર્પણ વિધિ માં વપરાતી સામગ્રી થી લઈને મંત્રો નું ઉચ્ચાર પણ શુદ્ધ હોવું અત્યંત જરૂરી છે.ભૂલ થી પણ ભૂલ માં મંત્ર ઉચ્ચારણ માં નાનકડી પણ ભૂલ થઈ તો યજમાન ને અપરાધ નો સામનો કરવો પડતો હોય છે.પૃથ્વી લોક ના એક મહિનો બરોબર પિતૃ લોક નો એક દિવસ થાય છે એટલે તો વર્ષી ની વિધિ વર્ષ ના અંતે કરવામાં આવે છે.પિતૃ લોક ના નિયમો નું પાલન મૃત આત્મા ને કરવું પડતું હોય છે. જે રીતે બીમાર માણસ ને દવાઓ અને સારવાર થી મળે છે એજ રીતે મૃત્યુ બાદ કરવામાં આવતી શ્રાદ્ધ વિધિ,તર્પણ વિધિ માં ભોજન અને દાન દક્ષિણા માં વપરાતા શુદ્ધ દ્રવ્યો અને મનના ભાવ એ સ્વજન ના આત્મા ને મૃત્યુ બાદ સુખ અને રાહત આપે છે.સ્વજનો ને સુખ મૃત્યુ પહેલા કે બાદ આપવું એ સંતાન ની મુખ્ય ફરજ માં આવે છે.જે હાથે ચાલતા શીખવી ને જીવન ના પ્રત્યેક સુખ અપાવ્યા એના સુખ માટે સંતાન એ થાય એટલું બધું જ કરવું જોઈએ.

શ્રાદ્ધ વિધિ માં ધ્યાન માં રાખવા જેવું:

૧ વિધિ માં વરસતા કાળા તલ સાફ સફાઈ કરેલા હોવા જરૂરી છે

૨ ચોખા વર્ષો જૂના નિયમિત વપરાતા તેલ મોયેલા ના વપરાય. શ્રાદ્ધ વિધિ માટે નવા ચોખા પિંડ માટે અને પૂજા વિધિ માટે આવશ્યક છે

૩ પાણી માં વપરાતું ગંગાજળ જરૂરી છે

૪ પૂજાનું ઘી અને પ્રસાદ નવો બનવવો જરૂરી છે

૫ કાંદા લસણ શ્રાધ્ધ વિધિ કે મહિના દરમિયાન વપરાતા નથી

૬ વડીલ ની ભાવતી આઈટમ શ્રાદ્ધ તિથિ દરમિયાન બનાવવી જોઈએ

૭ પક્ષી ને ચણ,કૂતરા ને ગરમ તાજી ઘી ચોપડેલી રોટલી,ગાય ને ઘાસ અને કીડી ને કણ નો નિયમ લેવો જરૂરી છે.

૮ શ્રાદ્ધમાં વપરાતા વાસણ તાંબા પીતળ ના હોવા જરૂરી છે.

૯ શ્રાદ્ધ વિધિ બાદ પવિત્ર જનોઈ ધારણ કરેલ બ્રાહ્મણો ને ભોજન કરાવ્યા બાદ જમવું.એક કે એક થી વધારે બ્રાહ્મણ ને જમાડવાથી પિતૃલોક માંથી સ્વજન ની મુક્તિ પ્રાપ્ત થતી હોય છે.

૧૯ શ્રાદ્ધ ના દિવસો માં સમય સંજોગો અનુસાર જો પિતૃ તર્પણ વિધિ થઈ શકી હોય તો સર્વ પિતૃ અમાસ ના દિવસે સ્વજનો ને યાદ કરી ને શ્રાદ્ધ તર્પણ વિધિ કરી શકાય છે.

વર્તમાન સમયમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ ની છાપ હિન્દુ ધર્મ ની સંસ્કૃતિ માં થોડા ઘણા અંશે વર્તાય રહી છે એટલે જ વર્ષી નો નિયમ પણ કર્મકાંડી બ્રાહ્મણો એ બદલી ને વર્ષ ના બદલે પંદર,મહિનો કરી નાખ્યો છે. પરંપરાગત રીત રિવાજ નું પાલન સંતાનો ભવિષ્ય કરશે કે નહીં એ ઘર ના મુખ્યા ના વિચાર વર્તન પર આધારિત હશે.મૃત્યુ બાદ કદાચ સંતાનો શ્રાદ્ધ તર્પણ વિધિ નહી કરે તો?આ ભય સમાજ નો મોટા માં મોટો છે.આજ ના લોકોનું આખું જીવન ટુ બી ઔર નોટ ટુ બી ના ચક્રવ્યૂહ માં ફસાઈ ને સોમ થી રવિવાર માં સમાપ્ત થઈ જતું હોય છે.આમપણ ઈશ્વર એ મનુષ્ય ના જીવન નો અંત સોમ થી રવિવાર માંજ નક્કી કર્યો છે.આ તો વેબ સિરીઝ સ્પીડ ગેમ જેવું “કરો એ ભરો” સાચું ખોટું કરો છો એનું અનુસરણ જ સંતાનો કરવાના છે તો ભય શેનો?



# અજય દેવગણની 'દ્રશ્યમ 3' નો બોક્સ ઓફિસ પર ધમાકો અને રેકોર્ડબ્રેક ઓપનિંગ

(એજન્સી) મુંબઈ | તા.04

અજય દેવગનની ફિલ્મ દ્રશ્યમ ફ્રેંચાઈઝી હવે પોતાના ત્રીજા અને અંતિમ પડાવની તરફ વધી રહી છે. ફિલ્મનો ત્રીજો પાર્ટ દ્રશ્યમ ધ કન્ક્લૂજન 2 ઓક્ટોબર 2026 ના રોજ સિનેમાઘરોમાં રીલિઝ થવાની છે. રિલીઝ પહેલા જ ફિલ્મને લઈને દર્શકોની વચ્ચે જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેનો અંદાજ ફિલ્મની એડવાંસ બુકિંગથી લગાવી શકાય છે. ટિકિટ વેચાણની શરૂઆતી ગતિને જોતા ટ્રેડમાં ફિલ્મની ઓપનિંગને લઈને આશાઓ ઘણી વધી ગઈ છે.

## 48 કલાકમાં વેચાણ 4 લાખથી વધુ ટિકિટ

દ્રશ્યમ ધ કન્ક્લૂજન ની એડવાંસ બુકિંગ 27 સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી. એટલે કે ફિલ્મની રજુઆત પાંચ દિવસ પહેલા દર્શકો માટે ટિકિટોના વેચાણે પોલ ખોલી નાખી છે. બુકિંગ શરૂ થયા બાદથી જ ફિલ્મને સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. પહેલા બે દિવસમાં ટિકિટ વેચાણની ગતિએ વેપારને પણ આશ્ચર્યચકિત કરી દીધો છે. સેકનિલ્કના અહેવાલો અનુસાર, ફિલ્મે ફક્ત શરૂઆતના દિવસે જ લગભગ 1.6 લાખ ટિકિટો વેચી હતી. ત્યારબાદ શનિવારે પણ 1 લાખથી વધુ ટિકિટો વેચાઈ હતી. એકંદરે, માત્ર 48 કલાકમાં, ફિલ્મે ભારતમાં તેના શરૂઆતના સપ્તાહના અંતે 4 લાખનો આંકડો પાર કરી લીધો છે. વેપાર અંદાજ મુજબ, 29 સપ્ટેમ્બરની સવાર સુધીમાં, ફિલ્મે એડવાન્સ બુકિંગ દ્વારા રૂ.10 કરોડથી વધુની કમાણી કરી હતી.

## 'દ્રશ્યમ 2' ના એડવાન્સ બુકિંગનો રેકોર્ડ પણ તૂટી ગયો

ફિલ્મના પહેલા દિવસના કલેક્શનમાં એડવાન્સ બુકિંગનો સૌથી વધુ ભાર જોવા મળી રહ્યો છે. અહેવાલો અનુસાર, મંગળવાર સવાર સુધીમાં શરૂઆતના દિવસનું કુલ ટિકિટ વેચાણ આશરે રૂ.6.65 કરોડ હતું. નોંધપાત્ર રીતે, રિલીઝ થવાના ત્રણ દિવસ બાકી હોવાથી, ફિલ્મે 'દ્રશ્યમ 2' ની અંતિમ એડવાન્સ બુકિંગ કમાણીને વટાવી દીધી છે. 2022 માં રિલીઝ થયેલી 'દ્રશ્યમ 2' એ એડવાન્સ બુકિંગથી આશરે 5.09 કરોડની કમાણી કરી હતી. પરિણામે, ત્રીજા હપ્તાની શરૂઆતની બુકિંગ ફ્રેન્ચાઇઝની પાછલી ફિલ્મ કરતા ઘણી ઝડપી હોય તેવું લાગે છે. જો ટિકિટ વેચાણની આ ગતિ રિલીઝ સુધી ચાલુ રહે, તો ફિલ્મ એડવાન્સ બુકિંગ સાથે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મોમાંની એક બની શકે છે.

# 3 મહિનાથી OTT પર છવાયેલી છે રોમેન્ટિક સિરીઝ IMDb પર પણ મળી ધમાકેદાર રેટિંગ




(એજન્સી) મુંબઈ | તા.04

ઓટીટી પર દર અઠવાડિયે કોઈ ને કોઈ સિરીઝ કે ફિલ્મ રિલીઝ થતી રહે છે પણ લાંબા સમય સુધી તેમાંથી બહુ ઓછી ટ્રેન્ડિંગ લિસ્ટમાં ટકી શકે છે. પરંતુ 3 મહિના પહેલાં એક સિરીઝ રિલીઝ થઈ હતી જે હજુ પણ ટોપ 10 માં ટ્રેન્ડ કરી રહી છે. આ સિરીઝ જુલાઈમાં નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી અને ઓક્ટોબરમાં પણ આ 8 એપિસોડની સિરીઝ ટોપ 10 માં ટ્રેન્ડ કરી રહી છે. એટલું જ નહીં તેને IMDb પર 7.6 નું જોરદાર રેટિંગ મળ્યું છે. વાર્તા એક શાંત સ્વભાવના સોફ્ટવેર એન્જિનિયર ચંદરની છે જે લખવાનું અને એક કેફે ખોલવાનું સપનું જુએ છે. જોબ કરતી વખતે જ તેની મુલાકાત એકદમ આઝાદ વિચારોવાળી અને બિન્દાસ ડિવોર્સ લોયર સુધા સાથે થાય છે. માતા-પિતા દ્વારા ગોઠવાયેલા લગ્ન માટે મળ્યા પછી, તેઓ પરિવારના દબાણથી બચવા માટે કેઝ્યુઅલ ડેટિંગ કરવાનું નક્કી કરે છે. પરંતુ પરિસ્થિતિ એવી બને છે કે તેઓ લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગે છે, જ્યાં તેઓ પોતાના વધતા પ્રેમ અને સાવ અલગ કરિયરના લક્ષ્યો વચ્ચે તાલમેલ બેસાડવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સુધા પોતાની આઝાદી ગુમાવવા કે લગ્ન કરવા માટે ચોખ્ખી ના પાડી દે છે, તેથી તેઓ આખરે અલગ થઈ જાય છે. કોર્પોરેટની દોડધામભરી જિંદગી છોડીને, ચંદર મસૂરીના પહાડોમાં જતો રહે છે. ત્યાં તે પોતાની બિઝનેસ પાર્ટનર પ્રીતિ સાથે એક કેફે ખોલે છે અને બંને વચ્ચે પ્રેમ પણ થઈ જાય છે. જોકે સ્ટોરીમાં ટ્વિસ્ટ ત્યારે આવે છે જ્યારે સુધા ચંદરને મળવા ત્યાં પહોંચી જાય છે. સિરીઝનું નામ મુસાફિર કેફે છે જેમાં વિક્રાંત મેસીએ ચંદરનો રોલ ભજવ્યો છે. સુધાના રોલમાં વેદિકા પિન્ટો અને પ્રીતિના રોલમાં મહિમા મકવાણા જોવા મળી રહ્યા છે. આ સિરીઝ 24 જુલાઈએ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. તેને દિવ્ય પ્રકાશ દુબે દ્વારા લખવામાં અને ડિરેક્ટ કરવામાં આવી છે. સિરીઝમાં વિક્રાંત મેસી, વેદિકા પિન્ટો, મહિમા મકવાણા સાથે આદિલ હુસૈન, સાદિયા સિદ્દીકી, રાજીવ સિદ્ધાર્થ, અનુભા ફતેહપુરિયા જેવા કલાકારોએ કામ કર્યું છે.



# મીકા સિંહે દિલજીત દોસાંઝ પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) મુંબઈ | તા.04

ગાયક મીકા સિંહે દિલજીત દોસાંઝની બોલિવૂડ ફિલ્મોના પ્રમોશન પર સવાલ ઉઠાવ્યા છે. તેણે કહ્યું કે દિલજીતે 'બોર્ડર 2'નું વધુ પ્રમોશન કર્યું ન હતું.મીકાના જણાવ્યા મુજબ, દિલજીતે પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર અભિનીત તેમની ફિલ્મ વિશે પોસ્ટ કરી હતી. જોકે, દિલજીતે 'બોર્ડર 2'નો ફર્સ્ટ લુક, ટ્રેલર અને કેટલાક BTS વીડિયો શેર કર્યા હતા.ટાઈમ્સ નાઉ સાથેની વાતચીતમાં, મીકાએ કહ્યું કે તે દિલજીતથી ઈર્ષ્યા કરતો નથી અને તેની સફળતાથી ખુશ છે. મીકાએ કહ્યું, 'હું દિલજીતથી કેમ ઈર્ષ્યા કરીશ? મને તેના પર ગર્વ છે. દલેર પાજી પછી, જો કોઈએ પાઘડી પહેરીને ગાયક તરીકે પોતાનું નામ બનાવ્યું હોય, તો તે દિલજીત છે. તે ખૂબ સારું કામ કરી રહ્યો છે.'મીકાએ પછી 'બોર્ડર 2'નો ઉલ્લેખ કર્યો. મીકાએ કહ્યું, 'હું ખોટો હોઈ શકું છું, પણ મને લાગે છે કે દિલજીત પાજીએ 'બોર્ડર 2' રિલીઝ થઈ ત્યારે એક ટકા પણ પ્રમોટ કર્યો ન હતો. તેમણે સની પાજીનો એક ટકા પણ આભાર માન્યો ન હતો.'મીકાએ કહ્યું કે તેમણે ક્યારેય દિલજીતને જાહેરમાં સની દેઓલ સાથે કામ કરવાનું મહત્વ વ્યક્ત કરતા જોયા નથી.તેમણે કહ્યું, 'મેં ક્યારેય દિલજીતને એવું કહેતા જોયા નથી કે સની દેઓલ સાથેની મારી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, કે તે ખૂબ મોટી વાત છે. તેમણે ક્યારેય 'બોર્ડર 2' વિશે વાત કરી નથી. ફિલ્મ રિલીઝ થયા પછી પણ, મેં તેમને તેના વિશે પોસ્ટ કરતા જોયા નથી.'મીકાએ કહ્યું, ''મૈં પાછા આઉંગા' પણ રિલીઝ થઈ હતી, પરંતુ તેમણે તેના વિશે પોસ્ટ કરી ન હતી. તેમણે ફક્ત પાકિસ્તાની અભિનેતા દર્શાવતી ફિલ્મ વિશે પોસ્ટ કરી હતી.'જોકે, દિલજીતે 'બોર્ડર 2'ના પ્રમોશન સંબંધિત સામગ્રી શેર કરી હતી. તેમણે ડિસેમ્બર 2025 માં ફિલ્મનો પોતાનો પહેલો લુક રિલીઝ કર્યો હતો. દિલજીતે ફિલ્મના શૂટિંગને લગતા કેટલાક પડદા પાછળના વીડિયો પણ શેર કર્યા હતા.

# ટેલિફોન બૂથમાં અમિતાભ બચ્ચને રડી-રડીને ગાયું હતું આ ગીત



(એજન્સી) મુંબઈ | તા.04

રંગ બરસે ભીગે ચુનરવાલી, મેરે અંગને મેં, અને નીલા આસમાન સો ગયા જેવા ગીતોને અવાજ આપનાર અમિતાભ બચ્ચને પોતાના ગંભીર અને ભારે અવાજમાં ઘણા ગીતો ગાયા છે. તેમનું એક ગીત આજે પણ સૌથી વધુ લોકપ્રિય ગીતોમાંથી એક છે જેને સાંભળીને થિયેટરોમાં દર્શકોની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા. 23 વર્ષ પહેલાં ફિલ્મ બાગબાન આવી હતી. કદાચ તમને ખબર નહીં હોય કે આ ફિલ્મમાં એક્ટિંગની સાથે સાથે અમિતાભ બચ્ચને ગીતો પણ ગાયા હતા. ફિલ્મમાં તેમના કુલ 4 ગીતો હતા અને બધા જ હિટ થયા હતા. પરંતુ તેમનું ગાયેલું એક ગીત સંગીત પ્રેમીઓના દિલમાં વસી ગયું.અમિતાભ બચ્ચને આ ગીત પોતાની પત્ની હેમા માલિની માટે ગાયું હતું, જેમનો વિરહ તેમનાથી સહન નહોતો થતો. ગીતમાં અમિતાભે માત્ર એક્ટિંગથી જ નહીં પરંતુ પોતાના અવાજથી પણ દર્શકોને ભાવુક કરી દીધા હતા. આ ગીત હતું મૈં યહાં તૂ વહાં. આમ તો આ ગીત સમીર અંજાને લખ્યું હતું, પરંતુ IMDb મુજબ ગીતના શરૂઆતના 2 મુખડા બીઆર ચોપરાએ લખ્યા હતા. તેને અમિતાભ બચ્ચને પોતે ગાયું હતું અને હેમા માલિનીનો અવાજ અલકા યાજ્ઞિક બન્યા હતા.અમિતાભે આ ગીત એટલા ઊંડાણપૂર્વક ગાયું હતું કે થિયેટરોમાં સાંભળતાં જ લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. ઘણા સેલેબ્સે દાવો કર્યો છે કે થિયેટરોમાં આ ગીત વાગતાં જ લોકો રડવા લાગતા હતા. આ ગીતનું શૂટિંગ પણ ખૂબ જ ઈમોશનલ હતું. ટેલિફોન બૂથમાં પોતાની પત્ની સાથે ફોન પર વાત કરતી વખતે અમિતાભ બચ્ચનનું તડપી-તડપીને રડવું અને હેમા માલિનીનું પણ અસહ્ય દર્દ, ગીતમાં મહેસૂસ કરાવવામાં આવ્યું છે. આ ગીતનું મ્યુઝિક આદેશ શ્રીવાસ્તવે તૈયાર કર્યું હતું.

# 3.74 કરોડની Mercedes AMG G 63નો માલિક બન્યો ઈમરાન હાશ્મી



(એજન્સી) મુંબઈ | તા.04

આવારાપન 2 હિટ થયા બાદ ઈમરાન હાશ્મીનું કાર કલેક્શન વધુ એક લક્ઝરી કાર સાથે વધ્યું છે. અભિનેતાએ નવી ચમકતી લક્ઝરી કાર ખરીદી છે, જેની કિંમત કરોડો રૂપિયામાં છે. બોલિવૂડ અભિનેતા ઈમરાન હાશ્મી છેલ્લે ફિલ્મ 'આવારાપન 2'માં જોવા મળ્યા હતા. ફિલ્મમાં તેમના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. ફિલ્મ પણ સફળ રહી હતી. ફિલ્મ જોયા બાદ ઘણા લોકોએ કહ્યું હતું કે ઈમરાન હાશ્મીનો જૂનો અંદાજ ફરી જોવા મળ્યો છે. હવે અભિનેતાના કાર કલેક્શનમાં વધુ એક મોંઘી કારનો ઉમેરો થયો છે. 'આવારાપન 2'ની સફળતા બાદ ઈમરાન હાશ્મીએ નવી લક્ઝરી કાર ખરીદી છે. ક્લિન્ટન પરેરાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ અનુસાર, અભિનેતાએ મર્સિડીઝની નવી ચમકતી લક્ઝરી કાર ખરીદી છે, જેની કિંમત કરોડો રૂપિયામાં છે. સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર, ઈમરાન હાશ્મીએ સફેદ રંગની નવી મર્સિડીઝ કાર ખરીદી છે. આ કારનો લુક થાર જેવો દેખાય છે. અભિનેતાએ મર્સિડીઝ AMG G 63 કાર ખરીદી છે. તેનો ખાસ ડિઝાઈન ચાહકોને પસંદ આવી રહ્યો છે. કારનો રંગ સફેદ છે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે ઈમરાન હાશ્મીના ગેરેજમાં નવી કારની એન્ટ્રી થઈ છે. કારવાળાના અહેવાલ અનુસાર, ઈમરાન હાશ્મીની મર્સિડીઝ કારની એક્સ-શોરૂમ કિંમત 3.74 કરોડ રૂપિયા છે. જ્યારે તેના પ્રો વર્ઝનની કિંમત 4.43 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું છે. ઈમરાન હાશ્મીની નવી કારની પોસ્ટને હજારો લાઈક્સ મળી ચૂક્યા છે અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.તમને જણાવી દઈએ કે આના 2 વર્ષ પહેલાં ઈમરાન હાશ્મીએ રોલ્સ-રોયસ કાર ખરીદી હતી. તેની કિંમત 12.25 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું હતું. 'આવારાપન 2' ઉપરાંત ઈમરાન હાશ્મી આગામી સમયમાં એક્શન થ્રિલર ફિલ્મ 'ગનમાસ્ટર G9' અને 'G2/ગુડાચારી 2'માં જોવા મળશે.

# કોમલ રાની અંગે સવાલ પૂછાતા ગોવિંદાની દીકરી ટીના ભડકી!



(એજન્સી) મુંબઈ | તા.04

ગોવિંદા અને સુનિતાના સંબંધોમાં ઘણા સમયથી અણબનાવ જોવા મળી રહ્યો છે. હવે જ્યારે તેમની દીકરી ટીનાને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ટીનાએ જવાબ આપવાનો ઈનકાર કરી દીધો. હીરો નંબર વન ગોવિંદાનું નામ કો-સ્ટાર કોમલ રાની સાથે જોડાઈ રહ્યું છે. ઘણા સમયથી બંને સાથે જોવા મળી રહ્યા છે. બીજી તરફ સુનિતા પણ ગોવિંદા પર ઘણા આરોપ લગાવી ચૂકી છે. આ દરમિયાન કોમલ રાનીએ પણ પોસ્ટ શેર કરીને આ અંગે પ્રતિક્રિયા આપી છે અને ગોવિંદા સાથેના અફેરની વાતોને અફવા ગણાવી છે. તાજેતરમાં ગોવિંદા અને સુનિતાની દીકરી ટીના આહુજા એક ઈવેન્ટમાં જોવા મળી હતી. ત્યાં તેને પૂછવામાં આવ્યું કે કોમલ રાની ઈન્સ્ટાગ્રામ પર તમારી મમ્મી સુનિતા આહુજા સામે ઘણા આરોપો લગાવી રહી છે, આ બાબતે તમારું શું કહેવું છે? ટીનાએ આ સવાલનો સીધો જવાબ ન આપ્યો અને કહ્યું કે, આ જગ્યા પર પ્લીઝ આપણે આ ઈવેન્ટ વિશે જ વાત કરીએ. થેન્ક્યુ. કોમલ રાનીએ પોસ્ટમાં લખ્યું હતું કે, જે સ્ત્રી પોતાના જ પતિને વર્ષોથી મારી નાખવાનો પ્રયાસ કરી રહી હોય, આવી સ્ત્રીઓની બદદુઆ કોઈને નથી લાગતી. જે ઘર પહેલાંથી જ તૂટેલા હોય તેવા ઘરોમાં કોઈ ઘર તોડનારું ન હોઈ શકે. આગળ તેણે લખ્યું કે કોઈને માનસિક રીતે હેરાન કરવું, તેને કામ કરતાં રોકવું, ઘરમાં બેસાડીને બરબાદ થવા માટે મજબૂર કરવું, સાવ એકલો પાડી દેવો અને મોતના મુખ સુધી ધકેલી દેવો, મને નથી લાગતું કે કોઈ પણ સારી પત્ની પોતાના પતિ સાથે આવો વ્યવહાર કરે. આવી સ્ત્રીઓ માનસિક રીતે બીમાર હોય છે. પોતાના સ્વાર્થ માટે મારા નામનો ઉપયોગ કરવાનું બંધ કરો. ભગવાન બધાનું ભલું કરે.

# ક્યારેક 500 કમાતી હતી શ્વેતા તિવારી, આજે છે કરોડોની માલકિન!



(એજન્સી) મુંબઈ | તા.04

ટીવી પડદા પર ખાસ અને મોટી ઓળખ બનાવનાર જાણીતી એક્ટ્રેસ શ્વેતા તિવારી આજે 46 વર્ષની થઈ ગઈ છે. તેણે બોલીવુડની ફિલ્મો અને ઓટીટી પર પણ કામ કર્યું છે. નાના પડદાની લોકપ્રિય એક્ટ્રેસ શ્વેતા તિવારીએ માત્ર પોતાની શાનદાર એક્ટિંગના દમ પર જ નહીં પરંતુ પોતાની સુંદરતા અને પર્સનલ લાઈફને લઈને પણ ઘણી ચર્ચાઓ મેળવી છે. આજે એક્ટ્રેસ પોતાનો 46મો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહી છે. શ્વેતા તિવારીનો જન્મ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં 4 ઓક્ટોબર 1980 ના રોજ થયો હતો. માત્ર 12 વર્ષની નાની ઉંમરે તેણે એક ટ્રાવેલ એજન્સી માટે કામ કર્યું હતું. ત્યારે એક્ટ્રેસને માત્ર 500 રૂપિયા મળતા હતા. જ્યારે આજે તે કરોડો રૂપિયાની સંપત્તિની માલિક છે. તે 90 કરોડ રૂપિયાની નેટવર્થ ધરાવે છે. શ્વેતા તિવારીએ ટીવીમાં ડેબ્યૂ 17 વર્ષની ઉંમરે વર્ષ 1999 ના શો કલીરેંથી કર્યું હતું. તેને સાચી ઓળખ કસૌટી જિંદગી કી શોથી મળી હતી. જેમાં પ્રેરણાના પાત્રથી તેણે ઘરે-ઘરે પોપ્યુલારિટી મેળવી હતી. તે પછી બેગૂસરાય, મેરે ડેડ કી દુલ્હન, પરવરિશ: કુછ ખટ્ટી કુછ મીઠી અને મૈં હૂં અપરાજિતા જેવા શોઝમાં પણ કામ કર્યું. તે બિગ બોસ 4ની વિનર પણ રહી હતી. તેણે મદહોશી, સિંઘમ અગેન અને ધ વન જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. એક્ટ્રેસે ઓટીટી પર પણ પોતાનો જાદુ ચલાવ્યો છે. તેણે વર્ષ 2024 માં આવેલી સિદ્ધાર્થ મલ્હોત્રાની વેબ સિરીઝ ઈન્ડિયન પોલીસ ફોર્સમાં શ્રુતિ બક્ષી નામનો રોલ કર્યો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર શ્વેતા તિવારીની નેટવર્થ આશરે 90 કરોડ રૂપિયા છે. એક એપિસોડ માટે 3 લાખ રૂપિયા સુધી ચાર્જ કરતી શ્વેતા પાસે BMW 7 Series 730Ld અને Audi A4 જેવી લક્ઝરી ગાડીઓ છે. મુંબઈના કાંદિવલીમાં તેનું એક આલીશાન ઘર પણ છે.શ્વેતાની પર્સનલ લાઈફની વાત કરીએ તો માત્ર 18 વર્ષની ઉંમરે તેણે વર્ષ 1998 માં એક્ટર રાજા ચૌધરી સાથે લગ્ન કર્યા હતા. તે પછી કપલે દીકરી પલક તિવારીનું સ્વાગત કર્યું હતું.

# ફિલ્મમેકર સિંગીથમ શ્રીનિવાસ રાવનું નિધન, જુનિયર NTR સહિત અનેક સેલેબ્સે વ્યક્ત કર્યો શોક

(એજન્સી) મુંબઈ | તા.04

સાઉથના જાણીતા ફિલ્મમેકર, સ્ક્રીનરાઈટર અને કમ્પોઝર સિંગીથમ શ્રીનિવાસ રાવનું અવસાન થયું છે. તેમણે 3 ઓક્ટોબરે 94 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા. તેમના જવાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ભારતીય સિનેમાના દિગ્ગજ ફિલ્મમેકર, સ્ક્રીનરાઈટર અને કમ્પોઝર સિંગીથમ શ્રીનિવાસ રાવનું અવસાન થયું છે. તેમણે 3 ઓક્ટોબરે 94 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા. તેમના અવસાનના સમાચારથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. સિંગીથમ શ્રીનિવાસ રાવે 6 દાયકા કરતાં પણ વધુ સમય સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું અને ઘણી બધી ભારતીય ભાષાઓમાં ફિલ્મો બનાવી. સિંગીથમ શ્રીનિવાસ રાવ પુષ્પક વિમાન, આદિત્ય 369 અને મયૂરી જેવી હિટ ફિલ્મો માટે ખાસ જાણીતા છે. તેમના જવાથી આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ગમગીની છવાઈ ગઈ છે. સાઉથ સુપરસ્ટાર જૂનિયર એનટીઆરે સિંગીથમ શ્રીનિવાસ રાવના અવસાન પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, શ્રી સિંગીથમ શ્રીનિવાસ રાવ ગારુના નિધનના સમાચાર ખૂબ જ દુઃખદ છે. આદિત્ય 369, પુષ્પક વિમાનમ, મયૂરી... તેઓ સમયથી આગળ વિચારનારા દૂરંદેશી વ્યક્તિ હતા અને તેમણે એવી ફિલ્મો બનાવી જે પેઢીઓ પછી પણ નવી અને તાજી લાગે છે. તેમના પરિવાર પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદનાઓ. ઓમ શાંતિ. સાઉથ સુપરસ્ટાર વિજય દેવરકોંડાએ સિંગીથમ શ્રીનિવાસ રાવને શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે લખ્યું કે, સિંગીથમ સર, તમારી વિચારસરણી, તમારા વિચારો અને તમારી વાર્તાઓ હંમેશાં અમારી સાથે રહેશે. પેલ્લીચૂપુલુ પછીથી જ્યારે પણ તમે મને પ્રેમ અને સ્નેહ આપવા માટે ફોન કર્યો, મને આશા છે કે તેનાથી તમને ખુશી મળી હશે અને તમારી કોઈ ફિલ્મમાં મને જોઈને તમારા ચહેરા પર સ્મિત આવ્યું હશે. તમારા કોઈ વિઝનનો ભાગ બની શક્યો તેનો મને આનંદ છે. તમારા માટે મારું સન્માન હંમેશાં રહેશે. ચિરંજીવીએ પણ સિંગીથમ શ્રીનિવાસ રાવના અવસાન પર દુઃખ વ્યક્ત કરતાં લખ્યું કે, દિગ્ગજ ફિલ્મ નિર્માતા સિંગીથમ શ્રીનિવાસ રાવના અવસાનના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું.



# ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારીએ સાથે ટાઈગર સફારી માણી

મુંબઈ : ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી સવાઈ માધોપુરમાં રણથંભોર ટાઈગર સફારીની મજા માણતા જોવા મળ્યા. મુંબઈ એરપોર્ટ પરથી તેઓ સાથે રવાના થયા હતા. 2022થી બંનેને અનેકવાર સાથે જોયા છે, છતાં તેઓ પોતાને સારા મિત્રો ગણાવે છે. આ દરમિયાન, સાઈના નેહવાલ પણ તેની બહેન સાથે રણથંભોરમાં ટાઈગર સફારીની મજા માણી રહી છે. ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી સવાઈ માધોપુરમાં કારમાં બેસી રણ થંભોર ટાઈગર સફારીની મોજ માણવા જતાં હોવાનો વિડિયો વાઈરલ થયો છે. બંને જણાં ગુરૂવારે મુંબઈ એરપોર્ટ પરથી સાથે રવાના થતાં જોવા મળ્યા હતા.૨૦૨૨ માં પહેલીવાર જાહેરમાં એકસાથે દેખાયેલાં તે પછી બંને જણાં અવારનવાર જાહેરમાં સાથે જોવા મળ્યા છે પણ બંને જણાં તેઓ માત્ર સારા મિત્રો જહોવાનું જણાવે છે.રસપ્રદ બાબત એ છે કે સાઈના નેહવાલ પણ તેની બહેને ચંદનાશુ સાથે હાલ રણ થંભોરમાં ટાઈગર સફારીની મોજ માણી રહી છે અને તેમના ફોટા અને વિડિયો તેઓ સોશ્યલ મિડિયા પર શેર કરી રહ્યા છે. એક વિડિયોમાં ચંદનાશુ ડાન્સ કરતી જણાય છે.પલક તિવારી રાજા ચૌધરી અને શ્વેતા તિવારીની પુત્રી છે. રાજા અને શ્વેતાના ૧૯૯૮માં લગ્ન થયા હતા પણ એ પછી તેઓ ૨૦૦૭માં છૂટાં પડી ગયા તે પછી તેમના ૨૦૧૨માં ડાઈવોર્સ થઇ ગયા હતા. પલક તેની માતા ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારી સાથે રહે છે. જ્યારે અમૃતા સિંહ અને સૈફ અલી ખાનનો પુત્ર ઈબ્રાહિમ તેની માતા અને બહેન સારા અલી ખાન સાથે મુંબઈમાં રહે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# પશ્ચિમ બંગાળ સરકાર ભારતીય ફૂટબોલ માટે ઓડિશાના હોકી મૉડેલને અનુસરવા વિચારણામાં




(એજન્સી) કોલકાતા । તા. 04

ગયા વર્ષે લિયોનેલ મેસીના અસ્તવ્યસ્ત અને વિવાદાસ્પદ કોલકાતા પ્રવાસ દરમિયાન નિરાશ થયેલા ફૂટબોલ પ્રશંસકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીએ શનિવારે જાહેરાત કરી છે કે ૬ ઓક્ટોબરના રોજ રમાનાર ભારત અને ઉરુગ્વે વચ્ચેની આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચ માટે તે પ્રશંસકોને મફત ટિકિટો આપવામાં આવશે, જેઓ મેસીના આગમન વખતે અરાજકતાના કારણે નિરાશ થયા હતા.

આ જાહેરાત સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે ભારત અને બ્રાઝિલ વચ્ચેની હાઈ-પ્રોફાઈલ ફ્રેન્ડલી મેચ દરમિયાન કરવામાં આવી હતી. બ્રાઝિલની ટીમમાં વિનિયસ જુનિયર, ગેબ્રિયલ મેગાલેસ અને માર્ક્યુનહોસ જેવા દિગ્ગજ ખેલાડીઓ હોવા છતાં સ્ટેડિયમની ૮૫,૦૦૦ ની ક્ષમતા સામે માત્ર ૫૧,૦૦૦ થી વધુ દર્શકો જ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન મેચ જોવા પહોંચેલા મુખ્ય પ્રધાને મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'હું માધ્યમો દ્વારા તે અંદાજે ૨૨,૦૦૦ લોકો સુધી આ સંદેશ પહોંચાડવા માંગુ છું જેઓ મેસીના ઈવેન્ટમાં ચૂકી ગયા હતા. અમારી સરકાર એક વોટ્સએપ નંબર જાહેર કરશે જેના દ્વારા તેઓ ઉરુગ્વેની મેચ માટે પોતાની મફત ટિકિટ મેળવી શકશે.'

ગયા વર્ષે ડિસેમ્બરમાં આઠ વખતના બેલોન ડી'ઓર વિજેતા લિયોનેલ મેસીના ફોર-સિટી ટૂરની શરૂઆત કોલકાતાથી થઈ હતી. જોકે, આ ઈવેન્ટ ખૂબ જ અરાજકતાભરી રહી હતી અને મેસી વહેલા નીકળી જતા ગુસ્સે ભરાયેલા પ્રશંસકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો અને સ્ટેડિયમની ખુરશીઓ તોડી નાખી હતી. મુખ્ય પ્રધાને પ્રશંસકોને શિસ્તબદ્ધ રીતે મેચ જોવા માટે આમંત્રણ આપ્યું છે અને જણાવ્યું છે કે દર્શકોની સુવિધા માટે પશ્ચિમ બંગાળ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસો અને મેટ્રો સેવાઓ મોડી રાત સુધી ચાલુ રહેશે.

આ ઉપરાંત, મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીએ સંકેત આપ્યા હતા કે તેમની સરકાર ભારતીય ફૂટબોલને વધુ સમર્થન આપવા માટે વિચારણા કરી રહી છે અને આ માટે ઓડિશા સરકારના હોકી વિકાસ મોડેલમાંથી પ્રેરણા મેળવશે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યપાલ અને કેન્દ્રીય રમત મંત્રાલયના અધિકારીઓએ પણ ઓડિશા સરકાર દ્વારા હોકીને આપવામાં આવતા આર્થિક સમર્થનની પ્રશંસા કરી છે.

# હોકીમાં ભારતનો 'ગોલ્ડન પંચ'! ફાઈનલમાં મલેશિયાને 5-1થી કચડીને જીત્યો ગોલ્ડ મેડલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 04




એશિયન ગેમ્સના મેદાન પરથી ભારત માટે વધુ એક ગર્વ અને ઉત્સાહના સમાચાર સામે આવ્યા છે. એશિયન ગેમ્સમાં ચાલી રહેલી રોમાંચક સ્પર્ધાઓ વચ્ચે ભારતીય પુરુષ હોકી ટીમે શાનદાર અને આક્રમક રમતનું પ્રદર્શન કરતા ફાઈનલ મુકાબલામાં મલેશિયાને ૫-૧ના મોટા અંતરે કચડીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. ભારતીય હોકી માટે આ એક અત્યંત ઐતિહાસિક સિદ્ધિ છે, કારણ કે આ એશિયન ગેમ્સમાં પુરુષ અને મહિલા બંને ભારતીય હોકી ટીમોએ ગોલ્ડ મેડલ જીતીને દેશનું ગૌરવ વૈશ્વિક સ્તરે વધાર્યું છે.

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. પ્રથમ ૧૦ મિનિટ સુધી બંને ટીમોએ અત્યંત આક્રમક રમત દાખવી હતી, પરંતુ કોઈ ગોલ નોંધાયો નહોતો. આ દરમિયાન ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો હતો, જેના પર કુશળ કેપ્ટન હરમનપ્રીત સિંહે શાનદાર ગોલ ફટકારીને ભારતને ૧-૦થી સરસાઈ અપાવી હતી. જોકે, મલેશિયાએ પણ જડબાતોડ વળતો પ્રહાર કરતા ૧૪મી મિનિટે સિલ્વરસ સેલો દ્વારા ફિલ્ડ ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરી પર લાવી દીધો હતો. મેચના બીજા ક્વાર્ટરમાં ભારતીય ટીમે પોતાની રણનીતિ બદલીને આક્રમણ વધુ તેજ કર્યું હતું. ભારતીય ખેલાડીઓએ વધુ એક પેનલ્ટી કોર્નર મેળવીને તેને કુશળતાપૂર્વક ગોલમાં ફેરવ્યો અને સ્કોર ૨-૧ કરી લીધો. હાફ ટાઈમ સુધીમાં ભારતે મળેલા કુલ ૪ પેનલ્ટી કોર્નરમાંથી ૨ માં સફળતા મેળવી હતી, જ્યારે સામે પક્ષે મલેશિયાને મળેલા ૩ પેનલ્ટી કોર્નરમાંથી એકપણ ગોલ થઈ શક્યો નહોતો, જેનાથી ભારતની સ્થિતિ મજબૂત બની હતી. મેચના ત્રીજા ક્વાર્ટરમાં પણ ભારતીય ટીમે મલેશિયાના ખેલાડીઓ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. કેટલાક પેનલ્ટી કોર્નરના પ્રયાસો બાદ ભારતને મહત્વપૂર્ણ પેનલ્ટી સ્ટ્રોક મળ્યો હતો, જેને હોકી સ્ટાર હાર્દિક સિંહે સચોટ નિશાન તાકીને ગોલમાં ફેરવ્યો અને ભારતની લીડ વધારીને ૩-૧ કરી દીધી હતી.

# 15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ એશિયન ગેમ્સમાં રચ્યો ઈતિહાસ




(એજન્સી) નવી દિલ્હી । તા. 04

એશિયન ગેમ્સના મેદાન પરથી ભારત માટે ગર્વ અને ખુશીના અદભુત સમાચાર સામે આવ્યા છે. ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાનને રોમાંચક ફાઈનલ મુકાબલામાં ૧૯ રને હરાવીને સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) પોતાના નામે કરી લીધો છે. ટીમ ઈન્ડિયાની આ ઐતિહાસિક જીત સાથે જ માત્ર ૧૫ વર્ષીય યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ એક એવો મોટો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, જે અગાઉ એશિયન રમતોના ઈતિહાસમાં કોઈ પણ ભારતીય ખેલાડી કરી શક્યો ન હતો.

એશિયન ગેમ્સમાં ઓવરઓલ કોઈપણ પ્રકારનો મેડલ (બ્રોન્ઝ કે સિલ્વર) જીતનારા સૌથી યુવા ભારતીય તરીકેનો રેકોર્ડ સંજના ભાતુલાના નામે છે, જેમણે ૨૦૨૨ એશિયન ગેમ્સમાં ૧૫ વર્ષ, ૩ મહિના અને ૧૧ દિવસની ઉંમરે સ્પીડ સ્કેટિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે પણ ૧૫ વર્ષ, ૬ મહિના અને ૧૬ દિવસની વયે મહિલા સ્ક્વોશ ટીમ સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જોકે, સીધા 'ગોલ્ડ મેડલ' (સુવર્ણ ચંદ્રક) જીતવાના મામલે વૈભવ સૂર્યવંશી ભારતનો અત્યાર સુધીનો સૌથી યુવા ખેલાડી બનીને ઈતિહાસના પાનામાં પોતાનું નામ અંકિત કરી ચૂક્યો છે. સૌથી યુવા ગોલ્ડ મેડલિસ્ટ: 3 ઓક્ટોબરે જ્યારે ભારતીય ટીમે પાકિસ્તાનને પરાજય આપ્યો, ત્યારે વૈભવ સૂર્યવંશીની ઉંમર 15 વર્ષ અને 190 દિવસ હતી.

## સૌરભ ચૌધરીનો રેકોર્ડ તોડીને રચ્યો નવો ઈતિહાસ

૩ ઓક્ટોબરે જ્યારે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે પાકિસ્તાનને પરાજય આપીને વિજય મેળવ્યો, ત્યારે વૈભવ સૂર્યવંશીની ઉંમર માત્ર ૧૫ વર્ષ અને ૧૯૦ દિવસ હતી. આ સાથે જ તે એશિયન ગેમ્સના ઈતિહાસમાં સુવર્ણ ચંદ્રક જીતનારો ભારતનો સૌથી નાની વયનો એથ્લેટ બની ગયો છે. આ અગાઉ આ રેકોર્ડ ભારતીય સ્ટાર શૂટર સૌરભ ચૌધરીના નામે હતો, જેમણે ૨૦૧૮ જકાર્તા એશિયન ગેમ્સમાં ૧૬ વર્ષની વયે ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# ચાઇના ઓપનમાં મોટો અપસેટ સબાલેન્કા બહાર

(એજન્સી) બીજિંગ । તા. 04




ચાઈના ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં એક મોટો અને ચોંકાવનારો પરાજય જોવા મળ્યો છે, જ્યાં ભૂતપૂર્વ વિશ્વ નંબર વન અને ખ્યાતનામ ખેલાડી અરીના સબાલેન્કા મહિલા સિંગલ્સની ત્રીજી રાઉન્ડની રોમાંચક મુકાબલામાં હાર મેળવીને સત્તાવાર રીતે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. રવિવારે રમાયેલી આ નિર્ણાયક મેચમાં માત્ર વીસ વર્ષની યુવા ચેક ખેલાડી નિકોલા બાર્ટુન્કોવાએ શાનદાર પ્રદર્શન કરતા અનુભવી સબાલેન્કાને સીધા સેટોમાં પરાજય આપ્યો હતો. આ હાર સાથે જ પ્રતિષ્ઠિત ચાઈના ઓપન ટૂર્નામેન્ટ તેના ટોચના ક્રમાંકિત ખેલાડીઓ વગરની થઈ ગઈ છે, જેણે સમગ્ર ટેનિસ જગતમાં હલચલ મચાવી દીધી છે. ચેક રિપબ્લિકની પ્રતિભાશાળી ખેલાડી નિકોલા બાર્ટુન્કોવાએ શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કરતાં મેચમાં ચાર એસ ફટકાર્યા હતા અને માત્ર એક કલાક ને પાંત્રીસ મિનિટ ચાલેલા આ મુકાબલામાં સબાલેન્કાને ૬-૪, ૬-૩ ના સ્કોરથી પરાજિત કરી હતી. મેચ દરમિયાન યુવા ખેલાડીએ પોતાની રમત પર સંપૂર્ણ નિયંત્રણ રાખ્યું હતું અને શાંતિપૂર્વક મેચ જીતી હતી. જીત બાદ પ્રતિક્રિયા આપ બાર્ટુન્કોવાએ જણાવ્યું હતું કે તે માત્ર પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગતી હતી અને ચાર વખતની ગ્રેન્ડ સ્લૅમ વિજેતા સામે આ વિજય મેળવવાથી તે અત્યંત ખુશ છે. હવે પ્રી-ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં તેનો સામનો ઓસ્ટ્રિયાની સિન્યા ક્રાઉસ સામે થશે.

બીજી બાજુ, પરાજય પામેલી સબાલેન્કા માટે આ મેચ ભારે સંઘર્ષપૂર્ણ રહી હતી. પહેલા સેટની છઠ્ઠી ગેમમાં તેણે સર્વ બ્રેક કરવાની પાંચ સુવર્ણ તકો ગુમાવી દીધી હતી, જ્યારે તેની વિરોધી ખેલાડી ડિફેન્સમાં અત્યંત મજબૂત સાબિત થઈ હતી. તડકા અને છાંયડા વચ્ચે બદલાતી પરિસ્થિતિમાં સબાલેન્કાએ કેપ પહેરીને રમવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે મેચનું પાસું પલટી શકી નહોતી. બીજા સેટની ચોથી ગેમમાં સર્વ ગુમાવ્યા બાદ તે નિરાશ થઈને રેકેટ ફેંકતી પણ નજરે પડી હતી. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ટોચની ક્રમાંકિત એલેના રાયબાકીના પણ બીજા રાઉન્ડમાં અલીના ચારાએવા સામે હારીને બહાર થઈ ચૂકી છે, જેના કારણે ટૂર્નામેન્ટનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. પુરુષ વિભાગમાં પણ રોમાંચક મુકાબલાઓ ચાલી રહ્યા છે, જેમાં આગામી મેચો પર ચાહકોની વિશેષ નજર છે.

# પ્રણવી ઉર્સને ઐતિહાસિક ગોલ્ડ મેડલ માટે 10 લાખ રૂપિયાનું ઈનામ મળશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કરી રહ્યા છે. આ વચ્ચે ભારતીય ગોલ્ફ યુનિયન (IGU) દ્વારા ૨૦૨૬ એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય ગોલ્ફરો માટે આકર્ષક રોકડ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. આઈચી-નાગોયા ખાતે રમાયેલી સ્પર્ધામાં ભારત માટે મહિલાઓની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીતનારી પ્રણવી ઉર્સને ૧૦ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય રમત ફેડરેશન આઈજીયુ (IGU) ની ગવર્નિંગ કાઉન્સિલે આ પુરસ્કારોને મંજૂરી આપી છે. પ્રણવી ઉર્સ 'બની' લક્ષ્મણ સિંહ (૧૯૮૨ દિલ્હી) અને શિવ કપૂર (૨૦૦૨ બુસાન) પછી એશિયન ગેમ્સમાં વ્યક્તિગત ગોલ્ફ ગોલ્ડ જીતનારી માત્ર ત્રીજી ભારતીય ગોલ્ફર બની ગઈ છે. આ ઉપરાંત, મહિલા ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતનારી ટીમની દરેક સભ્ય – જેમાં અદિતિ અશોક અને દીક્ષા ડાગર જેવા દિગ્ગજ ખેલાડીઓ સામેલ છે – તેમને ૩-૩ લાખ રૂપિયાનું પુરસ્કાર આપવામાં આવશે.

# એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ વિજેતા અમન સેહરાવત, નાગોયામાં અમન સેહરાવતનું શાનદાર પ્રદર્શન

(એજન્સી) નાગોયા । તા. 04




શનિવારે એશિયન ગેમ્સની પચાસ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુસ્તી સ્પર્ધામાં ભારતના પ્રવીણ અને યુવા રેસલર અમન સેહરાવતે ઉત્તર કોરિયાના વિશ્વ ચેમ્પિયન ખેલાડી હાન ચોંગ-સોંગને અગિયાર વિરુદ્ધ સાત પોઈન્ટથી હરાવીને દેશ માટે ગૌરવવંતુ સોનાનો ચંદ્રક જીતી લીધો છે. આ ભવ્ય વિજય સાથે તેણે પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત એશિયન ગેમ્સનું સર્વોચ્ચ ટાઈટલ પોતાના નામે કર્યું છે અને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર, નાગોયાના ઈનાએ સ્પોર્ટ્સ સેન્ટરમાં રમાયેલી આ અંતિમ અને અત્યંત રોમાંચક મેચમાં અમન સેહરાવતે પોતાની અદ્ભુત ક્ષમતા અને મનોબળનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ઉત્તર કોરિયાના અનુભવી ખેલાડીએ મેચની રફ્તારને તોડવા અને સમય બગાડવા માટે ઈજાનું નાટક કરવાનું શરૂ કર્યું હતું અને છ એકથી પાછળ રહ્યા બાદ શાનદાર પુનરાગમન કરીને સાત વિરુદ્ધ છ ની સરસાઈ પણ મેળવી લીધી હતી. પરંતુ અંતિમ ક્ષણોમાં ભારતીય રેસલરે પોતાની ઉત્કૃષ્ટ ટેનિક અને હિંમતના બળે બાજી પલટી નાખી હતી અને અગિયાર વિરુદ્ધ સાતથી ભવ્ય વિજય મેળવીને પોતાના નામે ગોલ્ડ મેડલ કર્યો હતો.

મેચ પૂરી થયા બાદ અમનના ચહેરા પર આખી લડાઈના નિશાન સ્પષ્ટપણે નજરે પડતા હતા. તેના હોઠ પર સૂકાયેલું લોહી જામી ગયું હતું, બંને આંખો નીચે નીલાશ પડતી ઈજાઓ દેખાતી હતી અને ગળા પર વિરોધી ખેલાડીના નખના નિશાન પણ સ્પષ્ટ હતા. જોકે, આ ભીષણ મુકાબલા બાદ અમન પોતાની જીતના આનંદમાં આ બધું ભૂલીને હસી રહ્યો હતો. આ વિજય માત્ર તેનો વ્યક્તિગત વિજય નહોતો, પરંતુ પેરિસ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ તેનામાં ઘેરાયેલા નિરાશાના વાદળોને દૂર કરીને ફરીથી જીતવાની ભૂખ અને આગને પ્રજ્વલિત કરનારું માધ્યમ બન્યું છે. આ સફર અમન માટે બિલકુલ સરળ નહોતી રહી, કારણ કે નાગોયાના મેદાન પર તેને પ્રત્યેક તબક્કે કડી સ્પર્ધાનો સામનો કરવો પડ્યો હતો. જાપાનના યમાતો ઓગાવા સામેની મેચમાં તે આઠ વિરુદ્ધ નવ પોઈન્ટથી પાછળ હોવા છતાં વીસ વિરુદ્ધ નવથી શાનદાર જીત મેળવી હતી, અને તજાકિસ્તાનના આયાલ બેલોલ્યુબસ્કી સામે પણ બે વિરુદ્ધ છથી પાછળ રહ્યા બાદ ચૌદ વિરુદ્ધ આઠથી યાદગાર પુનરાગમન કર્યું હતું. આ જીત સાથે તે પચાવન કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ વર્ગમાં એશિયન ગેમ્સમાં બે ચંદ્રકો જીતનારો પ્રથમ ભારતીય રેસલર બની ગયો છે. મેચ અગાઉ વજન કાપવા માટે આખી રાત જાગીને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો, જે તેની સખત મહેનત અને સમર્પણની સાક્ષી પૂરે છે.

## IND vs WI: રોહિત શર્માનો 'હિટ' રેકોર્ડ

# સચિન તેંડુલકર પછી આ મુકામ મેળવનાર બીજો ભારતીય બન્યો!

(એજન્સી) ન્યૂ ચંડીગઢ । તા. 04




ભારતીય ક્રિકેટ જગતમાં ગઈકાલે રવિવારે એક નવો અને અદભુત ઈતિહાસ રચાયો છે, જ્યારે ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી કેપ્ટન અને ઓપનર રોહિત શર્માએ વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં પોતાની શાનદાર બેટિંગ કુશળતાના બળે એક અત્યંત ગૌરવવંતી સિદ્ધિ પોતાના નામે કરી લીધી છે. પંજાબ ક્રિકેટ એસોસિએશનના આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે રમાયેલી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની રોમાંચક ત્રીજી તેમજ આખરી વન-ડે મેચમાં ભારતીય ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, અને મેદાન પર પગ મૂકતાની સાથે જ રોહિત શર્માએ આ વૈશ્વિક રેકોર્ડ સર કરી લીધો હતો.

મેચની શરૂઆતમાં માત્ર બે જ રન બનાવતાની સાથે જ ભારતીય કપ્તાન રોહિત શર્માએ વન-ડે ફોર્મેટમાં ઓપનર તરીકે પોતાના દસ હજાર રન સફળતાપૂર્વક પૂરા કરી લીધા છે. ભારતીય ક્રિકેટના ભવ્ય ઈતિહાસમાં આ મહાન મુકામ સુધી પહોંચનાર તે માત્ર બીજા બેટ્સમેન બન્યા છે. રોહિત શર્મા પહેલા આ અદ્ભુત સિદ્ધિ માત્ર ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે જ મેળવી હતી, અને હવે આ યાદીમાં રોહિતનું નામ પણ સન્માનપૂર્વક જોડાઈ ગયું છે, જે સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે. આ માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી, પરંતુ વિશ્વ ક્રિકેટની વાત કરીએ તો ઓપનર તરીકે દસ હજાર રન પૂરા કરનાર રોહિત શર્મા દુનિયાનો ચોથો બેટ્સમેન બની ગયો છે. આ સાથે જ તેણે વિશ્વભરમાં સૌથી ઝડપી આ મુકામ પાર કરવાનો વિરલ વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. રોહિતે માત્ર બસો બે ઈનિંગ્સમાં આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ મેચ શરૂ થતા પહેલા રોહિતના નામે ઓપનર તરીકે બસો એક ઈનિંગ્સમાં નવ હજાર નવ સો અઠ્ઠાણું રન નોંધાયેલા હતા, અને આ મુકાબલામાં બે રન બનાવતા જ તેણે ઈતિહાસ રચી દીધો. આ શ્રેણીની અગાઉની એટલે કે બીજી વન-ડે મેચમાં પણ રોહિત શર્માનું પ્રદર્શન અત્યંત કાબિલે તારીફ અને શાનદાર રહ્યું હતું. ગુવાહાટીના મેદાન પર રમાયેલા તે મુકાબલામાં તેણે ઉત્કૃષ્ટ બેટિંગ કૌશલ્યનું પ્રદર્શન કરતા પંચોતેર બોલમાં દસ ચોગ્ગા અને છ ગગનચુંબી છગ્ગાની મદદથી એક સો એક રનની ધમાકેદાર અને અણનમ ઈનિંગ્સ રમી હતી.

હાર // ડેથ ઓવર્સમાં ફ્લોપ થતાં કેપ્ટન શુભમન ગિલ લાલઘૂમ!

# 352 રન બનાવીને પણ ભારત હાર્યું: 7 કેચ છોડ્યા

(એજન્સી) નવી દિલ્હી/મુલ્લાંપુર । તા. 04




ભારતીય ક્રિકેટ ટીમે ભલે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચોની વનડે સિરીઝ ૨-૧થી પોતાના નામે કરી લીધી હોય, પરંતુ મુલ્લાંપુર ખાતે રમાયેલા ત્રીજા અને આખરી વનડે મુકાબલામાં મળેલી હારે આગામી વર્લ્ડ કપ પહેલા ટીમ ઈન્ડિયાની ચિંતાઓમાં મોટો વધારો કરી દીધો છે. સ્કોરબોર્ડ પર ૩૫૨ રનનો જંગી સ્કોર ખડક્યા બાદ પણ ભારતીય ટીમ પોતાના ટાર્ગેટનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ રહી હતી. મેચ બાદ કેપ્ટન શુભમન ગિલે ટીમની નબળી ફિલ્ડિંગ અને બોલિંગ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

શનિવારે મુલ્લાંપુરના મહારાજા યાદવીન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં કેરેબિયન ટીમે શાનદાર અને આક્રમક રમતનું પ્રદર્શન કરીને ૫ વિકેટે યાદગાર વિજય નોંધાવ્યો હતો. વનડે ક્રિકેટના ઈતિહાસમાં વેસ્ટ ઈન્ડિઝ દ્વારા સફળતાપૂર્વક ચેઝ કરવામાં આવેલો આ સૌથી મોટો રન ટાર્ગેટ છે. આ હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે મેદાન પરની કંગાળ ફિલ્ડિંગ અને ડેથ ઓવર્સની દિશાહીન બોલિંગ અંગે ભારે રોષ વ્યક્ત કર્યો છે.

વેસ્ટ ઈન્ડિઝની આ ઐતિહાસિક જીતના મુખ્ય હીરો તેમના કેપ્ટન શાઈ હોપ રહ્યા હતા. સાથળની ગંભીર ઈજા (ગ્રોઈન ઈન્જરી) ની તીવ્ર પીડા છતાં હોપે મેદાન નહોતું છોડ્યું અને એક છેડો સાચવી રાખીને પોતાના વનડે કરિયરની ૨૧મી સદી ફટકારી હતી. તેણે અણનમ ૧૬૨ રનની કેપ્ટન ઈનિંગ રમીને ૧૦ બોલ બાકી રહેતા ૩૫૨ રનનો વિશાળ ટાર્ગેટ સર કરાવી દીધો હતો. શાઈ હોપે પોતાની આ બેટિંગ શૈલી પાછળ ભારતના મહાન ખેલાડી એમ.એસ. ધોનીના ગુરુમંત્રને શ્રેય આપતા જણાવ્યું હતું કે ધોનીએ તેમને ક્રિઝ પર સમય વિતાવવા અને પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી.

મેચ સમાપ્ત થયા બાદ પોસ્ટ-મેચ પ્રેઝન્ટેશનમાં કેપ્ટન શુભમન ગિલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વર્લ્ડ ક્લાસ સ્તરે આ પ્રકારની ફિલ્ડિંગ કોઈ કાળે સ્વીકારી શકાય નહીં. ગિલે કબૂલ્યું કે, 'અમે આ મેચમાં અંદાજે ૬થી ૭ કેચ ટપકાવ્યા. આગામી વર્લ્ડ કપને જોતાં આ બિલકુલ સારા સંકેત નથી.' આ ઉપરાંત ડેથ ઓવર્સની બોલિંગ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે બોલર્સ અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે રણનીતિમાં સ્પષ્ટતાનો અભાવ જોવા મળી રહ્યો છે, જેમાં એટેક કરવો કે ડિફેન્ડ કરવું તે અંગે અસમંજસ રહે છે.

અંતિમ ઓવરમાં નિયંત્રિત બોલિંગથી વિજય મુદ્રિત

# એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ વિજેતા ભારત, પાકિસ્તાન સામે ઐતિહાસિક વિજય

(એજન્સી) નાગોયા । તા. 04

એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે અદભુત પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે અને ફાઈનલ મુકાબલામાં પોતાના કટ્ટર હરીફ પાકિસ્તાનને ૧૯ રનથી પરાજય આપીને ગૌરવવંતો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ રોમાંચક મુકાબલામાં અભિષેક શર્મા અને તિલક વર્માની શાનદાર અડધી સદીઓની મદદથી ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૧૧ રનનો મજબૂત સ્કોર ખડો કર્યો હતો, જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ હસન નવાઝની લડાયક ઈનિંગ છતાં માત્ર ૧૯૨ રન જ બનાવી શકી હતી અને ભારતીય બોલરોએ અંતિમ ઓવરોમાં અદ્ભુત રમત બતાવીને જીત આંચકી લીધી હતી.

પાકિસ્તાન તરફથી સેમ અયૂબ અને હસન નવાઝ ખૂબ જ ઝડપથી રન બનાવીને મેચને ભારતની પકડમાંથી બહાર લઈ જઈ રહ્યા હતા અને આ બંનેએ માત્ર બે ઓવરમાં ૨૯ રન ફટકારી દીધા હતા. આ જોખમી બનતી ભાગીદારીને તોડવા માટે કેપ્ટન શ્રેયસ ઐયરે ૧૫મી ઓવરમાં શિવમ દુબેના હાથમાં બોલ સોંપવાનો મોટો નિર્ણય લીધો હતો, જે સચોટ સાબિત થયો. દુબેએ પોતાના સ્પેલના પહેલા જ બોલ પર સેમ અયૂબને ૨૯ રને પેવેલિયન ભેગો કર્યો હતો અને અયૂબ તથા નવાઝ વચ્ચે થયેલી ૮૭ રનની ખતરનાક ભાગીદારી તોડી નાખી હતી, જેનાથી ભારતીય ટીમ માટે મેચમાં વાપસી કરવાના તમામ રસ્તા ખુલી ગયા હતા. સેમ અયૂબ આઉટ થયા બાદ પણ મેદાન પર હસન નવાઝ અડ ઊભો હોવાથી છેલ્લી ૧૨ બોલમાં ૪૪ રનની જરૂર હતી, જે ખૂબ જ ચિંતાજનક સ્થિતિ હતી. આવા તણાવપૂર્ણ માહોલમાં અનુભવી અને ઝડપી બોલર જસપ્રીત બુમરાહે ૧૯મી ઓવર નાખી હતી અને શિસ્તબદ્ધ બોલિંગ કરીને માત્ર ૧૧ રન જ આપ્યા હતા. આ ઘાતક અને સચોટ બોલિંગના કારણે પાકિસ્તાન પર ભારે દબાણ સર્જાયું હતું અને તેને અંતિમ ૬ બોલમાં જીતવા માટે અશક્ય સમાન ૩૩ રનની જરૂરિયાત ઊભી થઈ ગઈ હતી, જેણે ભારતની જીત લગભગ નિશ્ચિત કરી દીધી હતી. મેચની એકદમ રોમાંચક બનેલી અંતિમ ઓવર ફેંકવાની જવાબદારી ફરીથી શિવમ દુબેને સોંપવામાં આવી હતી. તેણે આ નિર્ણાયક ઓવરમાં ખૂબ જ સંયમ અને કુનેહપૂર્વક બોલિંગ કરીને માત્ર ૧૩ રન જ આપવા દીધા હતા.

### યુક્રેન યુદ્ધમાં ઓઇલ પ્લાન્ટ પર હુમલા, કિવમાં વિદેશી નાગરિકો માટે ખતરો, ઝેલેન્સ્કી ઓઇલ રિફાઇનરી પર હુમલા

# કિવ ખાલી કરવા રશિયાનું કડક અલ્ટીમેટમ

(એજન્સી) કિવ । તા. 04

શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે રશિયા અને યુક્રેન વચ્ચેનું ભીષણ યુદ્ધ તેના અત્યાર સુધીના સૌથી વધુ વિનાશક અને નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. રશિયન સૈન્ય દ્વારા યુક્રેનની રાજધાની કિવ તેમજ અન્ય મુખ્ય શહેરો પર લક્ષિત જવાબી હુમલાઓ અવિરત ચાલુ રાખવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી છે. રશિયન વિદેશ મંત્રાલયે કિવમાં વસવાટ કરતા તમામ વિદેશી નાગરિકો અને વિવિધ દેશોના રાજદ્વારી મિશનના કર્મચારીઓને તાત્કાલિક ધોરણે આ મહાનગર છોડી જવાની અત્યંત કડક ચેતવણી ઉચ્ચારી છે. બીજી બાજુ, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયાની આર્થિક કરોડરજ્જુ સમાન ઓઈલ રિફાઈનરીઓ પર વળતા હુમલા બમણા કરવાની ગર્ભિત ધમકી આપીને સમગ્ર આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

રશિયાની આક્રમક નીતિ અને કિવ માટે અલ્ટીમેટમ





રશિયન વિદેશ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, યુક્રેનિયન સેના દ્વારા સતત રશિયન નાગરિકો તેમજ મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓને નિશાન બનાવીને આતંકવાદી હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિનો પ્રતિકાર કરવા માટે રશિયન સૈન્ય કિવ અને અન્ય વિસ્તારોમાં આવેલી સૈન્ય સુવિધાઓ પરના હુમલાઓને વધુ તીવ્ર બનાવશે. રશિયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે વિદેશી નાગરિકો અથવા રાજદ્વારીઓએ આ આદેશની અવગણના કરી તો તેનાથી ઉત્પન્ન થ કોઈપણ જોખમી અને પ્રતિકૂળ પરિણામોની સંપૂર્ણ જવાબદારી ખુદ તેમની જ રહેશે. કિવના આશરે ત્રીસ લાખ નાગરિકોનું સામાન્ય જનજીવન  અસ્તવ્યસ્ત કરવાના હેતુસર રશિયાએ પ્રથમ વખત પૂર્વ અને પશ્ચિમ કિવને જોડતી ડિનિપ્રો નદીના મહત્ત્વપૂર્ણ બ્રિજ પર જેટ-સંચાલિત ડ્રોન દ્વારા સચોટ નિશાન સાધ્યું છે.

મીડિયા અહેવાલો મુજબ, રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયાની આક્રમક યોજનાઓ સામે ઝૂકવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી છે. યુક્રેનની ગુપ્તચર એજન્સીઓના હાથમાં આવેલા દસ્તાવેજોના આધારે દાવો કરવામાં આવ્યો છે કે પુતિને શિયાળાની ઋતુ શરૂ થતાં પહેલાં કિવ અને અન્ય શહેરોના નાગરિકોને હિજરત કરવા માટે મજબૂર કરવાના ઉદ્દેશ્યથી શાળાઓ, હોસ્પિટલો, ડેટાસેન્ટર્સ, રસ્તાઓ અને ઉર્જા પ્રણાલીઓ પર આડેધડ બોમ્બમારાની છૂટ આપી દીધી છે. આ ભયાનક સ્થિતિનો સામનો કરવા માટે ઝેલેન્સ્કીએ વળતી રણનીતિ જાહેર કરતા કહ્યું છે કે રશિયા માત્ર ઓઈલ વેચીને આ યુદ્ધ લડવા માટે નાણાં કમાઈ રહ્યું છે, તેથી યુક્રેન પણ તેની આર્થિક તાકાત સમાન ઓઈલ રિફાઈનરીઓ અને ઉર્જા સંસાધનો પર હુમલા બમણા કરીને જડબાતોડ જવાબ આપશે.

### ‘મેં વિચાર્યું હવે હું મરી જઈશ ’

# ફ્લાયદુબઈના જાંબાઝ પાઇલટ સ્મિત મચ્છરે નેતન્યાહુ સામે વર્ણવી ઘટના





(એજન્સી) તેલ અવીવ । તા. 04

આકાશમાં હજારો ફૂટની ઊંચાઈએ ઉડી રહેલા વિમાનમાં જ્યારે તમારો પોતાનો જ સહ-પાઈલટ અચાનક લોખંડની ઈમરજન્સી કુહાડી લઈને તમારા પર જીવલેણ હુમલો કરવા લાગે, ત્યારે સ્થિતિ કેટલી ભયાવહ બની જાય તેની કલ્પના માત્રથી રુંવાડા ઊભા થઈ જાય છે. દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 માં ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર માટે આ કોઈ ડરામણી કલ્પના નહીં, પરંતુ વાસ્તવિકતા બની ગઈ હતી. વિમાનમાં ૧૭૪ નિર્દોષ મુસાફરો સવાર હતા અને આ ભારતીય પાઈલટે પોતાની સૂઝબૂઝ અને અદમ્ય સાહસથી મોટો જાનહાનિ ટાળી દીધી હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની વાતચીતમાં કેપ્ટન સ્મિતે તે ભયાનક ક્ષણોની રૂંવાડા ઉભા કરી દે તેવી વિગતો વાગોળી છે.

ઘટનાની વિગતો મુજબ, બોઈંગ એરક્રાફ્ટ સામાન્ય ગતિએ આકાશમાં આગળ વધી રહ્યું હતું ત્યારે ઓમાની સહ-પાઈલટ હમામ અલ-હમ્મામીએ પ્રાર્થના કરવાના બહાને પોતાની સીટ છોડી હતી. સ્થાનિક સાથીદારો પ્રત્યે સન્માન વ્યક્ત કરતા કેપ્ટન સ્મિતે સામે કંટ્રોલ પેનલ તરફ જ નજર રાખી હતી, પરંતુ આ ધાર્મિક આડ પાછળ એક ખતરનાક ષડયંત્ર રચાયેલું હતું. થોડી જ મિનિટોમાં સહ-પાઈલટે ઈમરજન્સી હેતુ માટે રાખવામાં આવેલી અગ્નિશામક કુહાડી ઉપાડીને કેપ્ટન સ્મિતના માથાના પાછળના ભાગે ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. પ્રથમ પ્રહાર એટલો અચાનક અને પ્રચંડ હતો કે કેપ્ટનને શરૂઆતમાં સમજાયું જ નહીં કે તેમની સાથે શું થઈ રહ્યું છે.

હુમલાખોર સહ-પાઈલટે એટલા ઘા માર્યા કે કેપ્ટનની આંખો સામે અંધારા છવાઈ ગયા અને જોવાની ક્ષમતા લગભગ શૂન્ય થઈ ગઈ. વિમાન ખૂબ જ તીવ્ર ગતિથી સીધું જમીન તરફ ખાબકી રહ્યું હતું અને મુસાફરોના ચીસો પાડવાના અવાજો સંભળાઈ રહ્યા હતા. તે ક્ષણે કેપ્ટનને લાગ્યું કે હવે તેઓ જીવિત નહીં રહે. લોહીલુહાણ હાલતમાં ફ્લોર પર ઢળી પડેલા કેપ્ટને પોતાની અંતિમ તાકાત એકઠી કરી અને કોકપિટનો દરવાજો ખોલવા માટે મથામણ શરૂ કરી. હુમલાખોરે અંદરથી સિસ્ટમ બ્લોક કરી હોવા છતાં, અંધાપો હોવા છતાં લોહીથી લથપથ હાથે કેપ્ટને ગોળ નોબ શોધી કાઢી અને એક ઝડપી ઝટકા સાથે ટ્વિસ્ટ કરી દીધી. દરવાજો ખૂલતાની સાથે જ બહાર એલર્ટ ઊભેલા ક્રૂ મેમ્બર્સ અને મુસાફરો અંદર ધસી આવ્યા હતા અને તેમણે હુમલાખોરને દબોચી લીધો હતો. આ દરમિયાન અન્ય રિઝર્વ પાઈલટ્સે વિમાનને સાઉદી અરેબિયાના તાબુક એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

#### વૈશ્વિક સ્તરે સન્માન અને પ્રશંસા

આ અદભુત બહાદુરી અને વીરતાની નોંધ લેતા ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કેપ્ટન સ્મિત મચ્છર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આગામી મે મહિનામાં યોજનારા ઈઝરાયલના સ્વતંત્રતા દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને પરંપરાગત મશાલ પ્રગટાવવા માટે સત્તાવાર આમંત્રણ પાઠવ્યું છે. સામાન્ય રીતે આ સન્માન માત્ર ઈઝરાયલી નાગરિકોને જ આપવામાં આવે છે. આ ઉપરાંત, સંયુક્ત આરબ અમીરાતના નાયબ વડાપ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ અલ મકતૂમે પણ અબુ ધાબીની હોસ્પિટલમાં રૂબરૂ મુલાકાત લઈને કેપ્ટનની માનવજીવન પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને બિરદાવી છે.

## ન્યૂઝ બ્રીફ

### ‘શેખ હસીનાને ભારત આવવાની મંજૂરી ન આપી હોત તો...’ હાઈ કમિશનર



ઢાકા | બાંગ્લાદેશમાં વર્ષ ૨૦૨૪ના ઓગસ્ટ મહિનામાં સર્જાયેલી રાજકીય ઉથલપાથલ અને હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે દેશ છોડીને ભારત આશ્રય લેનાર પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આગમનને લઈને ભારતે પોતાનું સત્તાવાર વલણ વધુ સ્પષ્ટ કર્યું છે. બાંગ્લાદેશમાં ભારતના હાઈકમિશનર દિનેશ ત્રિવેદીએ ઢાકા ખાતે એક પેનલ ચર્ચા દરમિયાન મોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે ઓગસ્ટ ૨૦૨૪માં જ્યારે શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડ્યું અને ભારત આવ્યા, તે સમયે ભારત પાસે તેમનો સ્વીકાર કરવા સિવાય કદાચ જ બીજો કોઈ વિકલ્પ બચ્યો હતો. હાઈકમિશનરે આ મામલે સ્પષ્ટતા કરતા અનેક અટકળો પર વિરામ મૂક્યો છે. ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં બાંગ્લાદેશમાં અચાનક પલટાયેલા રાજકીય સમીકરણો અને સુરક્ષાના ગંભીર પ્રશ્નો વચ્ચે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાએ અચાનક પદ છોડીને દેશ છોડવો પડ્યો હતો અને તેઓ સુરક્ષિત આશ્રય માટે ભારત આવી પહોંચ્યા હતા. આ ઘટના બાદ બંને દેશોના રાજદ્વારી સંબંધો અને તેમના પ્રત્યાર્પણને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે.

### ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની તબિયત અંગે ફરી સવાલો ઊભા થયા



નવી દિલ્હી/વોશિંગ્ટન | ચીનના સર્વોચ્ચ નેતા અને રાષ્ટ્રપતિ શી જિનપિંગની તંદુરસ્તી અને સ્વાસ્થ્યને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર ગંભીર ચર્ચાઓ અને સવાલોનો દોર શરૂ થયો છે. તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મહત્વપૂર્ણ મંત્રણા દરમિયાન શી જિનપિંગ દ્વારા વારંવાર રેસ્ટ-બ્રેક (આરામ) લેવામાં આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઉપરાંત, દિલ્હી ખાતે યોજાયેલી બ્રિક્સ શિખર પરિષદ વખતે યોજાયેલા ભવ્ય ભોજન સમારંભમાં તેમની ગેરહાજરી અને પત્નીનો હાથ પકડીને પગથિયાં ચડવા-ઉતરવા જેવી ઘટનાઓએ તેમની ૭૩ વર્ષની ઉંમરે શારીરિક તંદુરસ્તી અંગે અનેક તર્ક-વિતર્કોને જન્મ આપ્યો છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશોમાં ગણાતા ચીનના રાષ્ટ્રપતિના સ્વાસ્થ્ય બાબતે હંમેશાં ગોપનીયતા જાળવવામાં આવતી હોય છે, પરંતુ તાજેતરના ઘટનાક્રમે વિદેશી મીડિયાનું ધ્યાન ખેંચ્યું છે. જાણીતા પ્રસારણ માધ્યમ ‘વોલ સ્ટ્રીટ જર્નલ’ના અહેવાલ મુજબ, ચીની અધિકારીઓએ અમેરિકન સમકક્ષો સમક્ષ ખાસ વિનંતી કરી હતી કે વ્હાઈટ હાઉસની વેસ્ટ વિંગમાં શી જિનપિંગ માટે એક અલાયદો આરામ રૂમ ફાળવવામાં આવે, જેથી ૭૩ વર્ષીય ચીની નેતા મંત્રણાઓ વચ્ચે પૂરતો આરામ કરી શકે. આ વિશેષ રૂમમાં માત્ર તેમના પત્ની પેંગ લિયુયાન જ તેમની સાથે રહ્યા હતા.

### અરામકો રિફાઇનરી હુમલો અને વૈશ્વિક બજારમાં ગભરાટ, હુથી મિસાઇલ હુમલો, ઓઇલ સપ્લાય ગભરાટ

# રિયાધમાં ઓઇલ ફેસિલિટી પર ડ્રોન અને મિસાઇલ હુમલો, સાઉદી અરામકો પર મિસાઇલ હુમલાથી ભયાનક આગ

(એજન્સી) રિયાધ । તા. 04

શનિવારે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આવેલી સરકારી ઓઈલ કંપની અરામકોની મુખ્ય ફેસિલિટીમાં અચાનક બેલિસ્ટિક મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર પરિસરમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી અને આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. આ ગંભીર સુરક્ષા ચૂક અને હુમલાને પગલે વૈશ્વિક ઊર્જા બજાર તેમજ ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈનમાં ભારે ગભરાટ અને અનિશ્ચિતતાનું વાતાવરણ છવાઈ ગયું છે.

શનિવારે બનેલી આ ગંભીર ઘટના બાદ સાઉદી પ્રશાસન દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે પ્લાન્ટ પર સીધા હુમલાની પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલો અનુસાર રિફાઈનરીમાં ફાટી નીકળેલી આ ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે ફાયર ફાઈટર્સ અને ફાયર એન્જિનો યુદ્ધના ધોરણે સતત પ્રયાસ કરી રહ્યા છે. સુરક્ષાના ભાગરૂપે પ્લાન્ટની આસપાસ મોટી સંખ્યામાં એમ્બ્યુલન્સ અને પોલીસના વાહનો ખડકી દેવામાં આવ્યા છે તથા સમગ્ર વિસ્તારને તંત્ર દ્વારા ચુસ્તપણે કોર્ડન કરી લેવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વિડિયો ફૂટેજમાં પ્લાન્ટ પરિસરની અંદર ઓછામાં ઓછા બે અલગ-અલગ મુખ્ય પોઈન્ટ્સ પરથી પ્રચંડ જ્વાળાઓ ભભૂકી રહી હોવાનું સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આ ભીષણ આગ લાગ્યા બાદ યમનના ઈરાન-સમર્થિત હુથી વિદ્રોહી જૂથના સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ સત્તાવાર રીતે એ વાતની જવાબદારી સ્વીકારી છે કે તેમણે સાઉદી રાજધાનીમાં આવેલા આ મહત્વપૂર્ણ ઓઈલ પ્લાન્ટ પર બેલિસ્ટિક મિસાઈલો અને સશસ્ત્ર ડ્રોન દ્વારા સફળ સૈન્ય હુમલો કર્યો છે. હુથી પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું હતું કે તેમના આ સચોટ હુમલાને પરિણામે લક્ષિત સ્થળો પર પ્રચંડ આગ ભડકી ઊઠી છે, જેણે સાઉદી શાસનને હચમચાવી દીધું છે.

હુથી વિદ્રોહીઓ તરફથી અરામકો પર કરવામાં આવેલો આ હુમલો અચાનક નથી થયો, પરંતુ તે બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી વકરી રહેલા લોહિયાળ સંઘર્ષનું સીધું પરિણામ છે. હુથી જૂથના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયાએ ગુરુવારે



રાત્રે યમનની રાજધાની સના પર ભીષણ બોમ્બમારો કર્યો હતો, જે જુલાઈ મહિનામાં બંને પક્ષો વચ્ચે યુદ્ધ ફરી શરૂ થયા પછી યમનની રાજધાની પરનો પહેલો મોટો હવાઈ હુમલો હતો. હુથી-સંચાલિત મીડિયા અહેવાલો મુજબ સાઉદી વિમાનોએ સના પર અસંખ્ય વખત બોમ્બમારો કર્યો હતો અને ઉત્તર-પશ્ચિમ યમનના સાદા પ્રાંતમાં ટેલિકોમ્યુનિકેશન નેટવર્કને પણ નિશાન બનાવ્યું હતું. આ વિનાશક હુમલાઓના બદલા તરીકે જ હુથીઓએ હવે સીધું સાઉદી અરેબિયાના મુખ્ય ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું છે.

હુથી જૂથ છેલ્લા કેટલાક સમયથી સાઉદી શહેરો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પોતાના હુમલાઓ સતત વધારી રહ્યું છે. અગાઉના સપ્તાહે પણ હુથી વિદ્રોહીઓએ યાન્બુ ખાતે આવેલી અરામકો ફેસિલિટીઝ પર મિસાઈલો અને ડ્રોન વડે હુમલો કરવાનો દાવો કર્યો હતો. તે સમયે સાઉદી સેનાએ તાઈફ અને યાન્બુ વિસ્તાર તરફ છોડવામાં આવેલી મિસાઈલોને હવામાં જ તોડી પાડ્યાનો દાવો કર્યો હતો અને અરામકોને નુકસાન ન થયાનું જણાવ્યું હતું. પરંતુ આ વખતે રાજધાની રિયાધના પ્લાન્ટમાં ખુદ પત્રકારોએ આગ અને ધુમાડો પ્રત્યક્ષ જોયા હોવાથી આ ઘટના અત્યંત ગંભીર માનવામાં આવી રહી છે અને આગામી સમયમાં વૈશ્વિક સ્તરે તેલના ભાવો પર તેની મોટી અસર પડી શકે છે.

આ ભીષણ આગ બાદ યમનના ઈરાન-સમર્થિત હુથી વિદ્રોહીઓએ દાવો કર્યો છે કે તેમણે સાઉદી રાજધાનીમાં આવેલા આ ઓઈલ પ્લાન્ટ પર બેલિસ્ટિક મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન વડે ભીષણ સૈન્ય હુમલો કર્યો છે. જે બાદ વૈશ્વિક ઊર્જા બજાર અને ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈનમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો છે. શનિવારે બનેલી આ ઘટના બાદ સાઉદી અરેબિયા દ્વારા હજુ સુધી પ્લાન્ટ પર સીધો હુમલો થયો છે કે કેમ તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. જોકે, આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી AFPના અહેવાલ અનુસાર રિફાઈનરીમાં લાગેલી ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે ફાયર ફાઈટર્સ અને ફાયર એન્જિનો સતત પ્રયાસ કરી રહ્યા હતા.

## USની કડક આર્થિક પ્રતિબંધો સામે ઈરાને ‘નવી વ્યવસ્થા’ અપનાવી: રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન

(એજન્સી) તેહરાન । તા. 04

અમેરિકા દ્વારા ઈરાનના નાણાકીય અને વાણિજ્યિક નેટવર્કને નિશાન બનાવીને આર્થિક દબાણ અને પ્રતિબંધોમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે, ત્યારે તેના જવાબમાં ઈરાને મોટું પગલું ભર્યું છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને શનિવારે જણાવ્યું હતું કે તેહરાન સરકારે દેશની વર્તમાન ખાસ પરિસ્થિતિઓ અને આર્થિક પડકારોને વ્યવસ્થિત રીતે સંચાલિત કરવા માટે ‘એક નવી વ્યવસ્થા’ અપનાવી લીધી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટ શેર કરતા તેમણે અમેરિકા અને તેના સહયોગીઓ પર ઈરાનના આર્થિક જીવનને તોડી પાડવાના ગંભીર આરોપો લગાવ્યા છે.  અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે, જેમાં તાજેતરના મહિનાઓમાં યુએસ પ્રશાસન દ્વારા ઈરાનની અર્થવ્યવસ્થાને તોડી પાડવા માટે આક્રમક અભિયાન તેજ કરવામાં આવ્યા છે. આ ઝુંબેશ હેઠળ અમેરિકા દ્વારા ઈરાની શાસન અને ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને નાણાકીય સહાય પૂરી પાડતા તમામ માર્ગો અને સ્ત્રોતોને બંધ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, ઈરાનના ઉર્જા, શિપિંગ, ટેકનોલોજી અને એવિએશન ક્ષેત્રને પણ કડક પ્રતિબંધોના ઘેરાવામાં લેવામાં આવ્યા છે.  આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વિરોધીઓ અને શત્રુઓનો મુખ્ય હેતુ દેશની મહત્વપૂર્ણ આર્થિક ધમનીઓને કાપી નાખીને ઈરાનની જનતા પર માનસિક અને આર્થિક દબાણ લાવવાનો હતો. તેમણે દાવો કર્યો હતો કે, ‘જોકે આર્થિક દબાણમાં ઘણો વધારો થયો છે, પરંતુ ઈશ્વરની કૃપાથી, જનતાના સહકારથી અને સરકારના સહયોગીઓ દ્વારા લેવાયેલા સમયસરના પગલાંને કારણે અમે શત્રુઓના આર્થિક યુદ્ધના ઉદ્દેશ્યોને સફળ થવા દીધા નથી.’

## થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ભયાનક જળપ્રલયથી ત્રાહિમામ, 40 લોકોના મોત, 50 જિલ્લામાં પૂરની કટોકટી જાહેર

(એજન્સી) બેંગકોક । તા. 04

દક્ષિણ-પૂર્વ એશિયાના સુંદર દેશ થાઈલેન્ડની રાજધાની બેંગકોક અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રકૃતિનો ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિ સામાન્ય ગણવામાં આવતી હોય છે, પરંતુ આ વખતે વરસાદે ગત તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. માત્ર બે જ દિવસમાં અંદાજે ૩૦૦ મિલીમીટર જેટલો ભારે અને અનરાધાર વરસાદ ખાબકવાને કારણે બેંગકોકનાં અનેક વિસ્તારો વહેતી નદીઓને બદલે સ્થિર પાણીથી ભરેલા વિશાળ તળાવોમાં ફેરવાઈ ગયા છે. આ ભયાનક કુદરતી આફતમાં પૂર સંબંધિત વિવિધ દુર્ઘટનાઓ, ખાસ કરીને ડૂબી જવાથી અને કરંટ લાગવાથી અત્યાર સુધીમાં આશરે ૪૦ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે સરકારી આંકડા મુજબ હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

ચાઓ ફ્રાયા નદીના પૂરના મેદાન પર વસેલા



બેંગકોક શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વધતા જતા કોંક્રીટના બાંધકામો અને અનિયંત્રિત શહેરીકરણે કુદરતી નહેરોનો વ્યાપ ઘટાડી દીધો છે, જેના કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ અટક્યો છે. પરિસ્થિતિ એટલી હદે ગંભીર બની ગઈ છે કે સરકારે બેંગકોકના તમામ ૫૦ જિલ્લાઓમાં પૂરની આપત્તિ અને કટોકટી જાહેર કરવી પડી છે. શહેરમાં સામાન્ય વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે અને લોકો પોતાના ઘરો સુધી આવવા-જવા માટે ઈન્ફ્લેટેબલ પૂલ, તરતી ફ્રિજ કે જેટસ્કી જેવા જળવાહનોનો સહારો લેવા મજબૂર બન્યા છે. આ ઉપરાંત, પ્રખ્યાત સુવર્ણભૂમિ ઍરપૉર્ટનું સંચાલન પણ ગંભીર રીતે પ્રભાવિત થયું છે, જ્યાં થાઈ એરવેઝના કર્મચારીઓ સમયસર ન પહોંચી શકવાને કારણે હજારો મુસાફરોનો સામાન ફસાઈ ગયો છે અને અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી છે.

ઉત્તર તરફથી હજુ પણ સતત વહી રહેલા પૂરના પાણીને કારણે બેંગકોક પર ખતરો ટળ્યો નથી. આ ગંભીર પરિસ્થિતિ પર સતત નજર રાખવા માટે થાઈલેન્ડના વડાપ્રધાન અનુક ચાર્નવિરાકુલે ખાસ ‘વોર રૂમ’ ની રચના કરી છે. પૂરના પાણી થોડા ઘણા ઓસર્યા બાદ હવે શહેરમાંથી તીવ્ર દુર્ગંધ અને ચારેબાજુ કચરો ફેલાઈ રહ્યો છે, જેના કારણે આગામી સમયમાં ભયાનક રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ વધી ગઈ છે. આમ છતાં, સ્થાનિક નાગરિકો આ મુશ્કેલ સમયમાં એકબીજાને મદદ કરીને અદમ્ય સાહસ અને હિંમત સાથે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

### ડોટ્સ | ઓપનએઆઈના ડોટ્સ સાથે દરેક યુઝર સાથે એક કર્મચારી જોડાયો

# કેલિફોર્નિયામાં ઓપન AI દ્વારા ડોટ્સ નામનો નવો AI એજન્ટ લોન્ચ કરાયો

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 04

ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટી વિશે સૌ કોઈ જાણે છે. કંપનીએ ડોટ્સ નામના એઆઈ એજન્ટ સાથે યુઝર્સના કામની જવાબદારી લીધી છે.

કેલિફોર્નિયા. ઓપનએઆઈ દ્વારા તાજેતરમાં “ડોટ્સ” નામનો એક નવો એઆઈ એજન્ટ લોન્ચ કરવામાં આવ્યો છે, જે યુઝરના ડિજિટલ આસિસ્ટન્ટ તરીકે કામ કરશે અને ક્લાઉડ કમ્પ્યુટર તથા બ્રાઉઝર સાથે ચાર હજારથી વધુ એપ્લિકેશન્સને સપોર્ટ પૂરો પાડશે. આ નવો એજન્ટ યુઝર દ્વારા સોંપવામાં આવેલા કોઈપણ કામને પૂર્ણ કરવા માટે સતત સંપર્કમાં રહે છે અને જરૂર પડ્યે મંજૂરી પણ માંગે છે.

ડોટ્સ એ એક એવો ઓલવેઝ ઓન એજન્ટ છે જે એક વખત કામ સોંપ્યા બાદ યુઝર અન્ય કામમાં વ્યસ્ત હોય તો પણ પોતાનું કામ સતત કરતો રહે છે. તેની પાસે પોતાનું આગવું ક્લાઉડ કમ્પ્યુટર અને વેબ બ્રાઉઝર છે, જેના દ્વારા તે વેબ બ્રાઉઝ કરીને યુઝર દ્વારા જોડેલી વિવિધ એપ્સ સાથે સક્ષમતાથી કામ કરી શકે છે.




આ એજન્ટને એકવાર પ્રોમ્પ્ટ આપ્યા બાદ તેને ભૂલી જવાનું હોતું નથી, પરંતુ તે કામ કરતી વખતે સતત અપડેટ્સ અને સવાલો સાથે યુઝરના સંપર્કમાં રહે છે. જો કોઈ ચોક્કસ નિર્ણય લેવા માટે માનવીય પસંદગી કે મંજૂરીની આવશ્યકતા હોય, તો તે ઈમેઈલ મોકલતા પહેલા કે ખરીદી કરતા પહેલા યુઝરની પૂર્વ મંજૂરી મેળવે છે. ડેવલપર્સ આ એજન્ટને ગ્રાહક ફિડબેકના આધારે એપ્લિકેશનમાં જરૂરી ફેરફાર કરવા અને તેનું ટેસ્ટિંગ કરવા માટે આદેશ આપી શકે છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પોસ્ટ તૈયાર કરવી કે ફૂડ ડિલિવરી એપ્લિકેશનમાં જઈને ચોક્કસ સમયે રાત્રિભોજનનો ઓર્ડર આપવા જેવા કાર્યો પણ તે સરળતાથી કરી શકે છે. હાલમાં આ એજન્ટને ચેટજીપીટી પ્રો અને બિઝનેસ પ્રીમિયમ યુઝર્સ માટે પસંદગીના બજારોમાં રજૂ કરવામાં આવ્યો છે, જેને વેબ, મોબાઈલ અને ડેસ્કટોપ સાથે કનેક્ટ કરી શકાય છે. માઈક્રોસોફ્ટ દ્વારા પણ ઓપનએઆઈ સાથે મળીને આ એજન્ટને તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેથી વિવિધ કંપનીઓની ખાસ જરૂરિયાતો સંતોષી શકાય.

ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટી વિશે સૌ કોઈ જાણે છે. કંપનીએ ડોટ્સ નામના એઆઈ એજન્ટ સાથે યુઝર્સના કામની જવાબદારી લીધી છે. ડોટ્સ ઓલવેઝ ઓન એજન્ટ તરીકે કામ કરે છે. જે એક વખત કામ સોંપાયા બાદ યુઝર અન્ય કામમાં બિઝી હોય તો પણ પોતાનું કામ કરતું રહે છે. તેની પાસે પોતાનું ક્લાઉડ કમ્પ્યુટર અને બ્રાઉસર છે. તે પોતાના ક્લાઉડ એન્વાર્નમેન્ટમાં વેબ બ્રાઉસ કરી શકે છે અને યુઝરે જોડેલી એપ સાથે કામ કરી શકે છે.

## 19મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ભારતીય ડાયસ્પોરા (પ્રવાસી ભારતીય સમુદાય) અને માતૃભૂમિ વચ્ચેના સંબંધોને વધુ ગાઢ અને મજબૂત બનાવવા માટે દર વર્ષે યોજાતા ‘પ્રવાસી ભારતીય દિવસ’ (PBD) સંમેલનની આગામી ૧૯મી આવૃત્તિ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. વિદેશ મંત્રાલય (MEA) દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ૧૯મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન આગામી વર્ષ ૨૦૨૭માં પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા ખાતે ૭ થી ૯ જાન્યુઆરી દરમિયાન ભવ્ય રીતે યોજાશે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દર વર્ષે ૯ જાન્યુઆરીના રોજ એટલા માટે કરવામાં આવે છે કારણ કે આ જ દિવસે ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી કાયમ માટે ભારત પરત ફર્યા હતા. આ વૈશ્વિક સ્તરના ડાયસ્પોરા એન્ગેજમેન્ટ ઈવેન્ટનું આયોજન વિદેશ મંત્રાલય દ્વારા સંબંધિત રાજ્ય સરકારના સહયોગથી કરવામાં આવે છે. અગાઉ ૧૮મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ઓડિશાના ભુવનેશ્વર ખાતે “ડાયસ્પોરાઝ કન્ટ્રિબ્યુશન ટુ એ વિકસિત ભારત” થીમ હેઠળ યોજાયું હતું, જેને અભૂત સફળતા મળી હતી. આ ત્રિદિવસીય મહાસંમેલનમાં વિશ્વભરમાંથી ભારતીય પ્રવાસીઓ, યુવા ડાયસ્પોરા નેતાઓ, ઉદ્યોગસાહસિકો, વ્યાવસાયિકો, શિક્ષણવિદો, ઈનોવેટર્સ અને વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ભાગ લેશે. આ સંમેલનનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે, જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રતિષ્ઠિત ‘પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ’ અર્પણ કરશે અને સંમેલનના સમાપન સત્રની અધ્યક્ષતા સંભાળશે.

# જંતર-મંતર પર આંદોલન વચ્ચે 3 મહિલા પત્રકારોની જાતીય સતામણીનો આરોપ! ક્રાઈમ બ્રાન્ચ કરશે તપાસ

(એજન્સી) નવી દિલ્હી | તા.04

દિલ્હીના જંતર-મંતર પર 3 ઓક્ટોબરે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં 3 મહિલા પત્રકારોએ પોલીસકર્મીઓ પર જાતીય સતામણીના ગંભીર આરોપ લગાવ્યા છે. દિલ્હી પોલીસે આ મામલાની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. એક મહિલા પત્રકારે ACP પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાએ આ ઘટનાની નિંદા કરી, તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. દિલ્હીના જંતર-મંતર પર 3 ઓક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ત્રણ મહિલા પત્રકારોએ પોલીસકર્મીઓ પર જાતીય સતામણીના ગંભીર આરોપ લગાવ્યા છે. આ ગંભીર ફરિયાદો મળ્યા બાદ દિલ્હી પોલીસે મામલાની નિષ્પક્ષ અને સચોટ તપાસ માટે આ કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધો છે. રવિવારે એક પોલીસ અધિકારીએ આ અંગેની માહિતી આપી હતી.



શનિવારે એક મહિલા પત્રકારે મીડિયા સાથેની વાતચીતમાં આરોપ લગાવ્યો હતો કે દિલ્હી પોલીસના એક આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) દ્વારા તેની જાતીય સતામણી કરવામાં આવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસકર્મીઓની તૈનાતી કરવામાં આવી હતી, આ દરમિયાન બનેલી કથિત ઘટનાઓને લઈને નવી દિલ્હી જિલ્લા પોલીસને ફરિયાદો મળી છે. ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા પોલીસે આ મામલો ક્રાઈમ બ્રાન્ચને ટ્રાન્સફર કર્યો છે, જ્યાં હવે ફરિયાદકર્તા મહિલા પત્રકારો અને અન્ય સંબંધિત લોકોના નિવેદનો નોંધવામાં આવશે.ઘટના અંગે વાત કરતા એક મહિલા પત્રકારે જણાવ્યું કે, 'હું જંતર-મંતર પર ચાલી રહેલા પ્રદર્શનને કવર કરી રહી હતી. તે સમયે એક એસીપી દ્વારા કથિત રીતે મારી જાતીય સતામણી કરવામાં આવી. જ્યારે પોલીસકર્મીઓ પ્રદર્શનકારીઓને કસ્ટડીમાં લઈ રહ્યા હતા ત્યારે સ્થળ પર કોઈ મહિલા પોલીસકર્મી હાજર ન હતી. જ્યારે મેં દિલ્હી પોલીસના એસીપી વિવેક ભગતને પૂછ્યું કે મહિલા પોલીસકર્મીઓ કેમ હાજર નથી, ત્યારે તેમણે યૌન ઉત્પીડન કરીને મને પાછળ ધકેલી દીધી હતી. આ ઘટના બાદ હું અન્ય લોકો સાથે FIR નોંધાવવા પોલીસ સ્ટેશન ગઈ હતી, પરંતુ અત્યાર સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.'આ ઘટનાને લઈને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)એ પ્રદર્શન કવર કરી રહેલી મહિલા પત્રકારો સાથેના પોલીસના કથિત વર્તન સામે નારાજગી વ્યક્ત કરી છે. પીસીઆઈ (PCI)એ દિલ્હી પોલીસ પાસે મહિલા પત્રકારની ફરિયાદ પર ત્વરિત કાર્યવાહી કરવાની માંગ કરી છે. કાઉન્સિલે જણાવ્યું કે લોકશાહીમાં આ પ્રકારનું વર્તન સ્વીકારી શકાતું નથી અને પત્રકારોને કોઈપણ ડર વગર સ્વતંત્ર રીતે કામ કરવાની તેમજ ઘટનાઓ નોંધવાની આઝાદી મળવી જોઈએ. જો દેશની રાજધાનીના કેન્દ્રમાં પણ મીડિયાકર્મીઓ સુરક્ષિત ન હોય, તો તે દેશમાં મીડિયાની સ્વતંત્રતા માટે સારો સંકેત નથી.આ ઉપરાંત, 'પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા'એ પણ સખત નિવેદન જાહેર કરીને શુક્રવાર અને શનિવારના પ્રદર્શન દરમિયાન પત્રકારો સાથે થયેલા કથિત દુર્વ્યવહાર સામે નારાજગી દર્શાવી છે. પ્રેસ ક્લબે જંતર-મંતર અને તેની આસપાસના વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના પગલા પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને દિલ્હી પોલીસને તાત્કાલિક કડક પગલાં લેવા અપીલ કરી છે.

પૂર્વાંચલ એક્સપ્રેસવે પર ગમખ્વાર અકસ્માત

## સેનાના જવાનનો મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સ ટ્રકમાં ઘૂસી, પુત્ર સહિત 4ના મોત

(એજન્સી) ચંદીગઢ | તા.04

ચંદીગઢમાં ફરજ બજાવતા સૂબેદાર સત્યવાન ફૌજીના પાર્થિવ દેહને દેવરિયા લઈ જતી એમ્બ્યુલન્સનો સુલતાનપુર પાસે પૂર્વાંચલ એક્સપ્રેસવે પર ગંભીર અકસ્માત થયો હતો. માઈલ સ્ટોન 79 પાસે થયેલા આ ભયાનક અકસ્માતમાં એમ્બ્યુલન્સમાં સવાર 4 લોકોના કરુણ મોત નિપજ્યા. મૃતકોમાં ફૌજીના પુત્ર, ભાઈ અને ભત્રીજાનો સમાવેશ થાય છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અયોધ્યા મોકલ્યા.

ચંદીગઢમાં તૈનાત સેનાના એક જવાનના નિધન બાદ તેમના પાર્થિવ શરીરને દેવરિયા લઈ જઈ રહેલી એમ્બ્યુલન્સ ઉત્તર પ્રદેશના સુલતાનપુર પાસેથી પસાર થતા પૂર્વાંચલ એક્સપ્રેસવે પર ગંભીર અકસ્માતનો શિકાર બની હતી. પૂર્વાંચલ એક્સપ્રેસવેના માઈલ સ્ટોન 79 પાસે સર્જાયેલા આ ભયાનક અકસ્માતમાં એમ્બ્યુલન્સમાં સવાર ચાર લોકોના મોત નીપજ્યા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહોને કબજામાં લઈને અયોધ્યાના કુમારગંજ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

મળેલી માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી એમ્બ્યુલન્સ સેનાની હતી, જેમાં ચંદીગઢમાં તૈનાત આર્મીના સૂબેદાર સત્યવાન ફૌજીનો પાર્થિવ દેહ રાખવામાં આવ્યો હતો. તેમના પરિવારજનો આ પાર્થિવ દેહને લઈને ઉત્તર પ્રદેશના દેવરિયા સ્થિત તેમના વતન જઈ રહ્યા હતા. આ દુર્ઘટનામાં એમ્બ્યુલન્સ ચાલક જસપાલ, રાજન સિંહ, ગૌરવ સિંહ અને રામ સમજ નામના ચાર વ્યક્તિઓના મોત થયા છે. સુલતાનપુરપુર પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે સૂબેદાર સત્યવાન ફૌજી દેવરિયાના રુદ્રપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હતા.

# આદિવાણી: વંચિતો માટે ટેકનોલોજી

ભારત 700થી વધુ જનજાતીય સમુદાયો અને 100થી વધુ વિશિષ્ટ જનજાતીય ભાષાઓ તથા બોલીઓનું ઘર છે, તેમ છતાં તેમાંથી ખૂબ ઓછી ભાષાઓ પાસે પોતાની લિપિ, શબ્દકોશ અથવા ઓનલાઈન ઉપસ્થિતિ છે. સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સરકારી સલાહ વાંચવાનો પ્રયાસ કરી રહેલા ગોંડી ભાષી ખેડૂત માટે અથવા પાઠ્યપુસ્તકમાં કોઈ શબ્દ શોધી રહેલા સંથાલી વિદ્યાર્થી માટે ડિજિટલ દુનિયા અત્યાર સુધી તેમની ભાષામાં વાત કરતી નહોતી. 'આદિવાણી' એક-એક વાક્ય, એક-એક રેકોર્ડિંગ અને એક-એક અનુવાદિત પૃષ્ઠના માધ્યમથી આ સ્થિતિને બદલી રહી છે.

આદિવાણી એ એક AI-આધારિત અનુવાદ અને ભાષા ટેકનોલોજી પ્લેટફોર્મ છે જે IIT દિલ્હી દ્વારા આદિવાસી બાબતોના મંત્રાલય (MoTA) હેઠળ વિકસાવવામાં આવી રહ્યું છે. તેનો ઉદ્દેશ્ય સરળ અને સ્પષ્ટ છે: એવા સાધનો બનાવવાનો જે અંગ્રેજી અને હિન્દીને આદિવાસી ભાષાઓ સાથે વાતચીત કરવા સક્ષમ બનાવે અને આદિવાસી ભાષાઓને લેખિત અને મૌખિક બંને સ્વરૂપોમાં તેમનો પ્રતિભાવ આપવા દે.

આદિવાણી પહેલાથી જ ચાર ભાષાઓ - સંથાલી, મુંડારી, ભીલી અને ગોંડી સાથે લાઈવ થઈ ચૂક્યા છે. કુઇ અને ગારો ભાષાઓ પાછળ છે જ્યારે કટકરી, કોયા, કોકબોરોક, બેટ્ટા કુરુબા, ચૌધરી, થાડો કુકી અને તાંગખુલ સહિત અન્ય આઠ ભાષાઓ આગળના તબક્કા માટે તૈયાર કરવામાં આવી રહી છે.

### ફક્ત અનુવાદક જ નહીં, એક સંપૂર્ણ ટૂલકિટ

આદિવાણી ફક્ત અનુવાદક જ નથી, તે એક છત નીચે સંપૂર્ણ ટૂલકીટ પ્રદાન કરે છે. તે ટેક્સ્ટ-ટુ-ટેક્સ્ટ અનુવાદ પ્રદાન કરે છે, જે અંગ્રેજી અથવા હિન્દી ટેક્સ્ટને તરત જ આદિવાસી ભાષામાં અને પછી હિન્દી અથવા અંગ્રેજીમાં રૂપાંતરિત કરે છે; સ્પીચ-ટુ-ટેક્સ્ટ (ASR), જે બોલાતી આદિવાસી ભાષાઓને લેખિત સ્વરૂપમાં રૂપાંતરિત કરે છે અને ઓછા અથવા કોઈ અસ્ખલિત વાચકો ધરાવતી ભાષાઓ માટે જીવનરેખા તરીકે સેવા આપે છે; ટેક્સ્ટ-ટુ-સ્પીચ, જે લેખિત ટેક્સ્ટમાંથી કુદરતી આદિવાસી ભાષણ (ઓડિયો) બનાવે છે જેથી અભણ લોકો પણ માહિતી સાંભળી શકે; અને સ્પીચ-ટુ-સ્પીચ, એક બહુ-પગલાની સિસ્ટમ જે વિવિધ ભાષાઓ બોલતા બે લોકોને નજીકના વાસ્તવિક સમયમાં એકબીજાને સમજવાની મંજૂરી આપે છે. પ્લેટફોર્મમાં ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન (OCR) પણ છે, જે જૂના કાગળ-માત્ર પાઠ્યપુસ્તકો, લોક હસ્તપ્રતો, પ્રાથમિક પુસ્તકો અને શબ્દકોશોનું ડિજિટાઈઝેશન કરે છે - ઘણીવાર બોલીના છેલ્લા બચેલા દસ્તાવેજો. એક જાહેર મોબાઈલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ પણ ઉપલબ્ધ છે, જેમાં સતત સુધારણા માટે શબ્દકોશો, શીખવાના મોડ્યુલો અને પ્રતિસાદ પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા દાયકાઓથી, ભારતની આદિવાસી ભાષાઓ દેશના ડિજિટલ અને વહીવટી લેન્ડસ્કેપથી હાંસિયામાં ધકેલી દેવામાં આવી છે. મૌખિક ઈતિહાસ, પર્યાવરણીય જ્ઞાન અને સાંસ્કૃતિક યાદોથી સમૃદ્ધ હોવા છતાં, તેઓ ઈન્ટરનેટ, AI



શ્રીમતી રંજના ચોપરા

સિસ્ટમ્સ અને ઘણીવાર નીતિઓ માટે વર્ચ્યુઅલ રીતે અદ્રશ્ય રહી છે. આદિવાણી આ પરિસ્થિતિને બદલી રહી છે. કલ્યાણ યોજના સૂચનાઓ, આરોગ્ય સલાહકારો અથવા NCERT પાઠ્યપુસ્તકોના પ્રકરણો, જે એક સમયે ફક્ત હિન્દી અથવા અંગ્રેજીમાં ઉપલબ્ધ હતા, હવે તેનો સચોટ અને આદરપૂર્વક સંથાલી અથવા ભીલીમાં અનુવાદ કરી શકાય છે અને અભણ લોકો સાથે વાત કરી શકાય છે. બીજી બાજુ, સરકારી અધિકારીઓ, શિક્ષકો અને આરોગ્ય કાર્યકરો પણ સમજી શકે છે કે આદિવાસી નાગરિક તેમની પોતાની ભાષામાં શું કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ વાતચીત દ્વિમાર્ગી છે અને આ તેની મુખ્ય તાકાત છે: આદિવાણી ફક્ત આદિવાસી સમુદાયો માટે મુખ્ય પ્રવાહની ઍક્સેસ પ્રદાન કરી રહી નથી, પરંતુ આદિવાસી ભારતમાં મુખ્ય પ્રવાહની ઍક્સેસ પ્રદાન કરવા માટે પણ સક્ષમ છે.આ પ્રોજેક્ટ આદિવાસી ભાષાઓને ફક્ત AI માટે ડેટા સ્ત્રોત તરીકે ગણતો નથી, પરંતુ મૌખિક પરંપરા, કૃષિ, ઈકોલોજી અને સમુદાય ઓળખ સાથે જોડાયેલ જીવંત જ્ઞાન પ્રણાલી તરીકે ગણે છે.

### ફક્ત આદિવાસી ભારત માટે જ નહીં - બધા માટે એક પ્લેટફોર્મ

આદિવાણીનો વ્યાપ ફક્ત આદિવાસી પરિવારો પૂરતો મર્યાદિત નથી. સંશોધકો અને ભાષાશાસ્ત્રીઓ વિશ્વની કેટલીક સૌથી ઓછી દસ્તાવેજીકૃત ભાષાઓ માટે એક અધિકૃત અને ઉપયોગી ડેટાસેટ મેળવે છે. આદિવાસી જિલ્લાઓમાં પોસ્ટ કરાયેલા સિવિલ સેવકો, ડોક્ટરો, શિક્ષકો અને NGO ફિલ્ડ વર્કર્સ (જેમાંથી મોટાભાગના આદિવાસી નથી) વાસ્તવિક સમયના અનુવાદક ભાગીદાર મેળવે છે, જે અણઘડ અને અચોક્કસ સંદેશાવ્યવહારને અર્થપૂર્ણ સંવાદમાં પરિવર્તિત કરે છે. ભાષાશાસ્ત્ર અને માનવશાસ્ત્રના વિદ્યાર્થીઓ ડિજિટાઈઝ્ડ હસ્તપ્રતો અને મૌખિક આર્કાઈવ્સની ઍક્સેસ મેળવે છે જે અન્યથા સ્થાનિક પુસ્તકાલયોમાં ધ્યાન બહાર રહેશે. વધુમાં, ડિજિટલ રેકોર્ડમાં નોંધપાત્ર સુધારાથી દરેક ભારતીયને ફાયદો થાય છે: જે ભાષાઓ એક સમયે ફક્ત મેમરીમાં અસ્તિત્વ માટે જોખમમાં હતી તે હવે ઑનલાઈન શોધવા, બોલવા અને શીખવવા માટે એક પ્લેટફોર્મ ધરાવે છે. આ જ વાત આદિવાણીને ફક્ત એક સરળ અનુવાદ એપ્લિકેશન કરતાં વધુ બનાવે છે; તે સમુદાયને કેન્દ્રમાં રાખીને રચાયેલ સમાવેશનું જાહેર માળખું છે, ફક્ત પ્રાપ્તકર્તા તરીકે નહીં.

### પહેલા સમુદાય, પછી ટેકનોલોજી

આદિવાણીની સૌથી વિશિષ્ટ વિશેષતા તેનું AI મોડેલ નથી, પરંતુ તેની કાર્યપદ્ધતિ છે. મૂળ બોલનારા, અનુવાદકો, પ્રાદેશિક ભાષાશાસ્ત્રીઓ અને વરિષ્ઠ સમુદાયના સભ્યોને જ્ઞાન ભાગીદાર ગણવામાં આવે છે, ફક્ત ટીકાકારો (ડેટા વિશ્લેષકો) જ નહીં. દરેક ડેટાસેટ ત્રણ-સ્તરીય કાર્યપ્રવાહમાંથી પસાર થાય છે: નિર્માતા-ચેકર-સુપરચેકર, જ્યાં સમુદાય સમીક્ષકો પ્રાદેશિક ભાષાને હિન્દી અથવા અંગ્રેજીમાં અનુકૂલિત કરવાના પ્રયાસમાં AI દ્વારા કરવામાં આવતા સૂક્ષ્મ ફેરફારોને પકડી લે છે - જેમ કે ગુમ થયેલ પ્રત્યય, વધુ પડતું સરળ શબ્દસમૂહ અથવા પરંપરાગત બોલચાલનો ખોવાયેલો ઉચ્ચાર. મશીન અનુવાદોને ક્યારેય અંતિમ માનવામાં આવતા નથી; મુખ્ય ડેટાબેઝમાં સમાવિષ્ટ થાય તે પહેલાં તેમને સુધારણા માટે મૂળ બોલનારાઓને મોકલવામાં આવે છે. આ સર્વસંમતિ, સાંસ્કૃતિક આદર અને ભાષા માત્ર ડેટાસેટ નથી, પરંતુ સમાજ માટે તેની ઓળખ યાદ રાખવાનું માધ્યમ છે તે સમજ પર આધારિત AI વિકાસ છે.આ તે છે જ્યાં રાજ્ય આદિજાતિ સંશોધન સંસ્થાઓ (TRIs) ની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. કોઈપણ વાક્ય AI મોડેલ સુધી પહોંચે તે પહેલાં, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોના TRIs ગ્રાઉન્ડ લેવલ પર ડેટા સંકલનનો સમગ્ર પ્રયાસ હાથ ધરે છે. તેઓ મૂળ વક્તાઓ જોડે છે, વિવિધ ગામો અને બ્લોક્સમાં બોલીની વિવિધતાની પુષ્ટિ કરે છે અને તાલીમ ડેટામાં તેનો સમાવેશ કરતા પહેલા દરેક અનુવાદિત અથવા લિપ્યંતરીત નમૂનાને તપાસે છે. તેમનો પ્રાદેશિક અનુભવ નક્કી કરે છે કે કઈ રેકોર્ડિંગ્સ અધિકૃત છે અને કયા રૂઢિપ્રયોગો અનુવાદમાં તેમનો મૂળ અર્થ ગુમાવી ચૂક્યા છે. આમ તેઓ સમુદાયની સ્થાનિક ભાષા અને ઉપયોગી ડિજિટલ ડેટા વચ્ચેની પ્રથમ ચકાસણી લિંક તરીકે કાર્ય કરે છે. TRIs દ્વારા જમીની સ્તરે કરવામાં આવતી આ સતત સમીક્ષા વિના, આદિવાણીના મોડલમાં પણ એવી જ વિસંગતતાઓ આવી શકતી હતી, જેને દૂર કરવા માટે આ પરિયોજના શરૂ કરવામાં આવી છે.આગળનો રસ્તો આદિવાણીનું કાર્ય હજુ પૂર્ણ થયું નથી. આગામી નવ મહિનામાં, તે દસ વધુ ભાષાઓ ઉમેરવાની, તેની વાણી ઓળખ અને અવાજ ટેકનોલોજીમાં સુધારો કરવાની અને ચકાસાયેલ રેકોર્ડિંગ્સનો વિશાળ આર્કાઈવ બનાવવાની યોજના ધરાવે છે, જેમાં દરેક ભાષા માટે લાખો રેકોર્ડિંગ્સનો સમાવેશ થાય છે. સંખ્યાઓ ઉપરાંત, આદિવાણી એક મોટા હેતુને રજૂ કરે છે: તે પુરાવો છે કે ટેકનોલોજી આદિવાસી ભાષાઓને નાબૂદ કરવાને બદલે તેમને સાચવી અને પ્રોત્સાહન આપી શકે છે. એક એવા દેશમાં જ્યાં ભાષાઓ દર થોડા વર્ષે અદ્રશ્ય થઈ રહી છે, આદિવાણી આદિવાસી સમુદાયોને તેમના પોતાના અવાજમાં અને તેમની પોતાની શરતો પર સાંભળવા માટે સશક્ત બનાવે છે, અને બાકીના ભારતને તેમને સાંભળવાનું એક આકર્ષક કારણ આપે છે.

## શિષ્યના રહસ્યમય મોતના 9 દિવસ બાદ પ્રેમાનંદ મહારાજના આશ્રમનું મોટું નિવેદન, તપાસમાં સહયોગની ખાતરી આપી

(એજન્સી) મથુરા | તા.04

મથુરાના પ્રેમાનંદ મહારાજના 'રાધા કેલિ કુંજ' આશ્રમમાં દીપક લોધીના રહસ્યમય મૃત્યુના 9 દિવસ બાદ ટ્રસ્ટે સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે. ટ્રસ્ટે દુઃખ વ્યક્ત કરતા પોલીસ તપાસમાં સહયોગની ખાતરી આપી છે. જોકે, ગુપ્તાંગ કાપવાનું રહસ્ય અકબંધ છે. 3 પરિવારોએ ગુમ થયેલા સ્વજનો માટે હોબાળો કર્યો છે. પોલીસની કાર્યવાહી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. પ્રખ્યાત યુવા કથાકાર અને સંત પ્રેમાનંદ મહારાજ સાથે જોડાયેલા 'રાધા કેલિ કુંજ' આશ્રમમાં બનેલી રહસ્યમય ઘટનાને નવ દિવસ વીતી ગયા બાદ, આશ્રમ ટ્રસ્ટ દ્વારા એક સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. આ મામલે વિવાદ વધતો જઈ રહ્યો છે અને અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે.દીપક લોધી ઉર્ફે રસિક દુલારી શરણના રહસ્યમય મૃત્યુના 9 દિવસ બાદ 'રાધા કેલિ કુંજ ટ્રસ્ટ' દ્વારા ફેસબુક પેજ પર એક સત્તાવાર અપીલ જાહેર કરવામાં આવી છે. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, પૂજ્ય પ્રેમાનંદ મહારાજ અને સમસ્ત અનુયાયીઓ આ દુર્ઘટનાથી અત્યંત આઘાતમાં અને દુઃખી છે. ટ્રસ્ટ દ્વારા મૃતક સાધક અને તેમના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે જ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે તેઓ પોલીસ પ્રશાસનને આ સમગ્ર મામલાની નિષ્પક્ષ અને તથ્યાત્મક તપાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે.ટ્રસ્ટ દ્વારા તમામ શ્રદ્ધાળુઓ, સાધકો અને સામાન્ય લોકોને વિનંતી કરવામાં આવી છે કે જ્યાં સુધી પોલીસ તપાસ પૂરી ન થાય, ત્યાં સુધી કોઈ પણ પ્રકારની અધૂરી માહિતી, પૂર્વાનુમાન કે અફવાઓના આધારે મહારાજજી અને આશ્રમની છબી ખરાબ કરવાના પ્રયાસો ન કરવા. ઘટનાને આટલા દિવસો વીતી ગયા હોવા છતાં અનેક ગંભીર રહસ્યો પરથી પડદો ઉઠ્યો નથી. સૌથી મોટો અને વણઉકેલાયેલો સવાલ એ છે કે યુવા સંત રસિક દુલારી શરણ ઉર્ફે દીપક લોધીએ આખરે પોતાનું ગુપ્તાંગ કેમ કાપ્યું? આ સવાલનો જવાબ હજુ સુધી સામે આવ્યો નથી. બીજી તરફ, દેશના અલગ-અલગ ખૂણેથી આવેલા ત્રણ પરિવારોએ પોતાના ગુમ થયેલા સ્વજનોની શોધ માટે આશ્રમ બહાર આવીને ભારે હોબાળો અને નારેબાજી કરી છે.

## મેં સોનિયા ગાંધીને ચૂંટણીનો બહિષ્કાર કરવા કહ્યું હતું: 'વોટ ચોરી' મુદ્દે રાજ ઠાકરે લાલઘૂમ, બેલેટ પેપરથી ચૂંટણીની માગ

(એજન્સી) મુંબઈ | તા.04

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના (UBT)ના નેતૃત્વમાં મુંબઈમાં 'ગર્જના માર્ચ' યોજાઈ હતી. મતદાર યાદીમાં ગેરરીતિ અને 'વોટ ચોરી' મુદ્દે ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો. રાજ ઠાકરેએ 6 મહિનામાં લાખો નવા મતદારો ઉમેરાવા પર સવાલ ઉઠાવી, બેલેટ પેપરથી મતદાન ફરી શરૂ કરવાની માંગ કરી. આજે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના



(UBT)ના સંયુક્ત નેતૃત્વમાં ચૂંટણી પંચ સામે મુંબઈના રસ્તા પર 'ગર્જના માર્ચ' કાઢવામાં આવી હતી. મતદાર યાદીઓમાં થયેલી કથિત ગેરરીતિ અને 'વોટ ચોરી' મુદ્દે ચૂંટણી પંચ સામે મોરચો માંડતા રાજ ઠાકરેએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી કમિશન પર આકરા પ્રહારો કર્યા હતા. રાજ ઠાકરેએ ચૂંટણી પંચ સમક્ષ બે મોટી માગણીઓ મૂકી હતી અને સવાલ ઉઠાવ્યો હતો કે માત્ર 6 મહિનાના ગાળામાં મહારાષ્ટ્રમાં લાખો નવા મતદારો ક્યાંથી અને કેવી રીતે આવી ગયા?રાજ ઠાકરેએ પોતાના ભાષણમાં કહ્યું કે જો લોકશાહી બચાવવી હોય તો ચૂંટણી વ્યવસ્થામાં મૂળભૂત સુધારા કરવા પડશે. અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી મતદાર યાદી સુધારણાની સમગ્ર કામગીરી શંકાસ્પદ હોવાથી તેને તાત્કાલિક રદ કરવામાં આવે. ઈલેક્ટ્રોનિક વોટિંગ પરથી લોકોનો ભરોસો ઊઠી ગયો હોવાથી હવે દેશમાં ફરીથી બેલેટ પેપર દ્વારા જ મતદાન થવું જોઈએ. રાજ ઠાકરેએ દાવો કરતાં કહ્યું કે, મેં વર્ષ 2018-19 માં જ વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. મેં તે સમયે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સાથે મુલાકાત કરીને તેમને કહ્યું હતું કે દેશમાં મતોની ખુલ્લેઆમ ચોરી થઈ રહી છે, તેથી તમામ વિપક્ષોએ સાથે મળીને ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરવો જોઈએ. કારણ કે આ પ્રકારે અકુદરતી મતદાન ક્યારેય શક્ય જ નથી.મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો અને મતદાર યાદીના આંકડા સામે લાવતાં રાજ ઠાકરેએ ગંભીર શંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ચૂંટણીમાં પૂર્ણ બહુમતી મળવા છતાં સમગ્ર મહારાષ્ટ્રમાં સ્મશાનવત સન્નાટો કેમ હતો? લોકોમાં કોઈ ઉત્સાહ નહોતો. આ કેવો વિજય છે? લોકસભા ચૂંટણી અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી વચ્ચે માત્ર 6 મહિનાનો સમય હતો. આ 6 મહિનામાં મતદારોની સંખ્યામાં 40 લાખથી 60 લાખનો તોતિંગ વધારો કેવી રીતે થઈ ગયો? એવું તે શું બન્યું કે અચાનક આટલા લાખો વોટ ઉમેરાઈ ગયા?ચૂંટણી પંચ ઉપરાંત રાજ ઠાકરેએ કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર પણ આકરા પ્રહાર કર્યા હતા.

CEC જ્ઞાનેશ કુમારની મુશ્કેલી વધી

## 20 વર્ષ જૂના ભ્રષ્ટાચાર-આપઘાત કેસમાં કેરળ સરકારે શરૂ કરી તપાસ

(એજન્સી) નવી દિલ્હી | તા.04

કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નિથલાએ 2006ના KSTP રોડ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર અને મલેશિયન ઠેકેદારના મૃત્યુ અંગે વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. આ સમયે હાલના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર PWD સચિવ હતા. મલયાન્કીઝુ વેણુગોપાલની ફરિયાદના આધારે, જ્ઞાનેશ કુમાર પર ઠેકેદારોને કાર્યો સોંપવામાં ગેરરીતિ અને મલેશિયન નાગરિક લી સી બીનના શંકાસ્પદ મૃત્યુની તપાસ થશે. વિપક્ષ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે દેશભરમાં વિરોધ કરી રહ્યો છે.

કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નિથલાએ વર્ષ 2006ના કેએસટીપી (KSTP) રોડ પ્રોજેક્ટમાં કથિત ભ્રષ્ટાચાર અને તેની સાથે સંકળાયેલા મલેશિયન ઠેકેદારના મૃત્યુ અંગે વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. જ્યારે આ ઘટના બની ત્યારે હાલના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજ્યમાં જાહેર બાંધકામ વિભાગ (PWD)ના સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા.મલયાન્કીઝુ વેણુગોપાલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે આ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, જ્ઞાનેશ કુમાર પીડબલ્યુડી સચિવ હતા ત્યારે તેમણે ઠેકેદારોને જાહેર કાર્યો સોંપવામાં કથિત રીતે ગુનાહિત ગેરરીતિ આચરી હતી. આ ઉપરાંત, મલેશિયન નાગરિક અને પ્રોજેક્ટના મુખ્ય મેનેજર લી સી બીનના મૃત્યુના સંજોગો તેમજ તેમની સ્યુસાઈડ નોટમાં કરવામાં આવેલા ગંભીર ભ્રષ્ટાચાર અને કનડગતના આરોપોની પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, અગાઉની વિજિલન્સ તપાસ અચાનક બંધ કરી દેવામાં આવી હતી અને આરોપોની યોગ્ય તપાસ થઈ ન હતી.ગૃહમંત્રી ચેન્નિથલાએ વિજિલન્સ એન્ડ એન્ટી-કરપ્શન બ્યુરો (VACB)ને જ્ઞાનેશ કુમાર સામે આગળની કાર્યવાહી કરતા પહેલા પ્રાથમિક તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. ગૃહમંત્રીના કાર્યાલયના જણાવ્યા અનુસાર, આ કેસમાં બાહ્ય પ્રભાવના આરોપોની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને તથ્યોના આધારે યોગ્ય પગલાં લેવા માટે સીધા નિર્દેશો આપવામાં આવ્યા છે.

CBIના પૂર્વ વડાની રાજકારણમાં એન્ટ્રી

# એમ. નાગેશ્વર રાવ બન્યા 'સર્વજન સનાતન પાર્ટી'ના રાષ્ટ્રીય અધ્યક્ષ

(એજન્સી) નવી દિલ્હી | તા.04

CBIના પૂર્વ ડિરેક્ટર એમ. નાગેશ્વર રાવે વારાણસીથી સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેમણે 'સર્વજન સનાતન પાર્ટી'ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પદભાર સંભાળ્યો. રાવે જણાવ્યું કે, ભારતનું પુનઃનિર્માણ સનાતન સભ્યતા અને સાંસ્કૃતિક મૂળિયાં સાથે આધુનિક વિકાસ સાધીને જ શક્ય છે. પાર્ટી શિક્ષણ, આરોગ્ય, આજીવિકા અને સભ્યતા



સાથે પુનઃજોડાણના 4 સ્તંભ પર કાર્ય કરશે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ના પૂર્વ ડિરેક્ટર એમ. નાગેશ્વર રાવે સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો છે. સુરક્ષા, કાયદો-વ્યવસ્થા અને વહીવટી તંત્રમાં લગભગ ચાર દાયકાની લાંબી સેવા બાદ તેમણે વારાણસી ખાતેથી પોતાની નવી રાજકીય સફરની શરૂઆત કરી છે. એમ. નાગેશ્વર રાવે શનિવારે ઔપચારિક રીતે 'સર્વજન સનાતન પાર્ટી' (SSP)ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પદભાર સંભાળ્યો હતો.આ પ્રસંગે વાત કરતા એમ. નાગેશ્વર રાવે જણાવ્યું હતું કે જાહેર વહીવટના તેમના અનુભવે તેમને વિશ્વાસ અપાવ્યો છે કે ભારતનું પુનઃનિર્માણ માત્ર વહીવટી સુધારા પૂરતું સીમિત રહી શકે નહીં. દેશને પોતાની સનાતન સભ્યતા અને સાંસ્કૃતિક મૂળિયાં સાથે જોડાયેલા રહીને આધુનિક વિકાસ સાધવાની તાતી જરૂર છે.એમ. નાગેશ્વર રાવે ભારપૂર્વક કહ્યું કે તેમની પાર્ટીનો હેતુ ભૂતકાળમાં પાછા જવાનો નથી, પરંતુ પોતાની સંસ્કૃતિ પર ગર્વ કરીને આધુનિક ભારતનું નિર્માણ કરવાનો છે.

મૂલ્યો આધારિત વિઝન: સનાતનને માત્ર ચૂંટણીના પ્રતીક તરીકે ન જોતાં, તેને શિક્ષણ, આરોગ્ય, પ્રશાસન અને સામાજિક જીવનમાં ઉતારવું જોઈએ. મંદિરો અને તીર્થસ્થાનોનું સંરક્ષણ: મંદિરો માત્ર પૂજાના સ્થળો નથી, પરંતુ ભારતીય સભ્યતાની જીવંત સંસ્થાઓ છે. તેના સંચાલનમાં પારદર્શિતા, સન્માન અને જનભાગીદારી સુનિશ્ચિત થવી જોઈએ. પોતાની વિચારધારા સ્પષ્ટ કરતા એમ. નાગેશ્વર રાવે જણાવ્યું કે સર્વજન સનાતન પાર્ટી કોઈ ચોક્કસ જ્ઞાતિ, ધર્મ કે સમુદાયની વિરુદ્ધ નથી. સનાતન કોઈના વિરોધમાં નથી પરંતુ સર્વસમાવેશક છે. પાર્ટી સમાજમાં ભેદભાવ પેદા કરવાને બદલે તમામ વર્ગોના કલ્યાણ માટે કામ કરશે.કાશી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મહંત તીર્થાનંદ, ઉપાધ્યક્ષ રીતુ રાઠોડ, મહાસચિવ રાજા સક્ષમ સિંહ યોગી, પ્રવક્તા બબીતા શર્મા, ઉત્તર પ્રદેશ પ્રભારી રાકેશ તિવારી અને સંગઠન મંત્રી નરનારાયણ સિંહ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### પાર્ટીના મુખ્ય 4 સ્તંભ

નાગેશ્વર રાવના જણાવ્યા મુજબ, સર્વજન સનાતન પાર્ટી માત્ર પૂજા-પદ્ધતિ સુધી સીમિત નથી, પરંતુ તે સત્ય, ધર્મ, કર્તવ્ય, કરુણા, ન્યાય, પરિવાર, સમાજ અને લોકકલ્યાણ આધારિત જીવનશૈલી છે. પાર્ટીનું વિઝન મુખ્ય 4 સ્તંભો પર ટકેલું છે:

1. શિક્ષણ: ભારતીય સભ્યતા, ઈતિહાસ અને પરંપરાગત જ્ઞાનને વૈશ્વિક સ્તરના આધુનિક શિક્ષણ સાથે જોડવું.
2. આરોગ્ય: આધુનિક ચિકિત્સા વિજ્ઞાન અને ભારતીય સ્વાસ્થ્ય પરંપરાઓનો સુમેળ સાધીને ગુણવત્તાયુક્ત અને સરળતાથી ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ આપવી.
3. આજીવિકા: યુવાનો, ખેડૂતો, કારીગરો, શ્રમિકો, નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકો માટે સન્માનજનક રોજગારી અને આજીવિકાની તકોનું સર્જન કરવું.
4. સભ્યતા સાથે પુનઃજોડાણ: ભારતીય ભાષાઓ, કળાઓ, મંદિરો, તીર્થસ્થાનો, તહેવારો અને સાંસ્કૃતિક સંસ્થાઓને રાષ્ટ્રીય શક્તિના સ્ત્રોત તરીકે પ્રોત્સાહિત કરવા.

## પંજાબમાં LGBTQ ઈન્ફ્લુએન્સર 'મેડ સંધુ' પર અંધાધૂંધ ફાયરિંગ, ગેંગસ્ટર ગોલ્ડી ધિલ્લોંને લીધી જવાબદારી!

(એજન્સી) અમૃતસર | તા.04

અમૃતસરમાં જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને મેકઅપ આર્ટિસ્ટ MG સંધુ પર શનિવારે ગોળીબાર થયો. હુમલા બાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો. પોલીસે CCTV ફૂટેજ તપાસી, હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે. ગોલ્ડી ધિલ્લોન અને જગ્ગા તરણતરણ નામના શખ્સોએ હુમલાની જવાબદારી સ્વીકારી હોવાનો દાવો કરતી પોસ્ટ વાઈરલ થઈ છે, જેની પુષ્ટિ બાકી છે.



શનિવારે અમૃતસરમાં જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સ અને મેકઅપ આર્ટિસ્ટ એમજી સંધુ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી છે અને હુમલાખોરો તથા તેના હેતુને પકડવા માટે સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. પ્રારંભિક અહેવાલોમાં તેના નિધનનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ તેની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી.સંધુ તેની બિન્દાસ શૈલી અને બેધડક અભિવ્યક્તિ માટે જાણીતો હતો. LGBTQ સમુદાયના આ ઈન્ફ્લુએન્સરે પોતાની ઓળખ વિશે ખુલ્લેઆમ વાત કરી હતી, જેના કારણે તેને સોશિયલ મીડિયા પર અવારનવાર હોમોફોબિક ટ્રોલિંગનો સામનો કરવો પડતો હતો. આ વિરોધ છતાં તે સક્રિય રહ્યો હતો અને ઈન્સ્ટાગ્રામ પર 2.26 લાખથી વધુ ફોલોઅર્સ મેળવ્યા હતા. આ ઉપરાંત, તેણે પંજાબી ફિલ્મ 'ઓયે ભોલે ઓયે'માં પણ અભિનય કર્યો હતો. તે પોડકાસ્ટ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ પર મેકઅપ આર્ટિસ્ટ્રી, સેલ્ફ-એક્સપ્રેશન અને જેન્ડર સંબંધિત મુદ્દાઓ પર અવારનવાર ચર્ચા કરતો હતો.ગોળીબારની આ ઘટના બાદ સંધુ રસ્તા પર ઘાયલ અવસ્થામાં મળી આવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં તે લોહીથી લથપથ જોવા મળ્યો હતો અને આસપાસ લોકોની ભીડ જમા થયેલી નજરે પડી હતી. માહિતી મળતા જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી. પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે અને ઘટનાક્રમની સાચી કડી મેળવવા તથા આરોપીઓની ઓળખ કરવા માટે સાક્ષીઓના નિવેદનો નોંધી રહી છે.

સિટી એક્સપ્રેસ
MONDAY 05 OCTOBER-2026
AHMEDABAD

## નડિયાદમાં ₹3.70 કરોડના સોનાની લૂંટનો ભેદ ઉકેલ્યો

નડિયાદ | નડિયાદ રેલવે સ્ટેશન પર હાવડા-અમદાવાદ એક્સપ્રેસમાંથી ઉતરેલા વેપારી પાસેથી 3.70 કરોડ રૂપિયાની કિંમતનું 2.7 કિલો સોનું લૂંટીને ફરાર થયેલા ચાર લૂંટારાઓને પોલીસે વિરમગામ નજીકથી માત્ર 3 કલાકમાં ઝડપી લીધા હતા. છેલ્લા 4 મહિનાથી ઘડાયેલું લૂંટનું પ્લાનિંગ પોલીસની ત્વરિત કામગીરી સામે અસફળ સાબિત થયું હતું. આ ઓપરેશન દરમિયાન વિરમગામ ટાઉન પોલીસ મથકના PI એસ. એ. ગઢવી ચાલુ કારે 500 મીટર સુધી ઢસડાયા હોવા છતાં, હિંમત દાખવી કાર અટકાવીને આરોપીઓને દબોચી લીધા હતા.

## બોડકદેવમાં 3 ફૂટ લાંબી પાટલા ઘો મળી આવતાં અફરાતફરી

અમદાવાદ | અમદાવાદના બોડકદેવ વિસ્તારમાંથી આશરે ત્રણ ફૂટ લાંબી પાટલા ઘો (મોનિટર લિઝાર્ડ) મળી આવતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક ઘટના અંગે વન્યજીવ પ્રેમી સંસ્થા 'એનિમલ લાઈફ કેર'ને જાણ કરી હતી, જેના આધારે વાઈલ્ડ લાઈફ એક્સપર્ટની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થળ પર પહોંચેલી એનિમલ લાઈફ કેરની ટીમે પાટલા ઘોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. ત્યારબાદ તેને માનવવસવાટથી દૂર સુરક્ષિત અને અનુકૂળ કુદરતી પર્યાવરણમાં મુક્ત કરવાની કામગીરી હાથ ધરી હતી.



